Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સસ્તું સાહિત્ય' એટલે 'ઊંચામાં ઊંચું સાહિત્ય'

વિદુરનીતિ

★

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠે: ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઈ-૨

★

૧૧ग
२१

બાર આના

["વિવિધ ગ્રંથમાળા"ના ગ્રાહકોને ૦-૬-૦ માં પડશે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀

पुस्तक-संख्या ११ ग/२१

पंजिका संख्या २१८५१/११.६.२००३

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रकाशक द्वारा गुरुकुल को भेंट

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સસ્તું સાહિત્ય" એટલે "ઊંચામાં ઊંચું સાહિત્ય"

વિદુરનીતિ

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं० 11 ग/21
.....79.....
2.....3
कांगड़ी

★

સ્વ૦ સૂર્યકાંત શાહ (સુદામડા)નું સ્મારક

નીતિ સંબંધી તથા અન્ય લોકોપયોગી પુસ્તકો પ્રકટ કરવા સારુ રૂ. ૧૦૦૦) તેમના મિત્રો તરફથી સંસ્થાને બક્ષિસ મળ્યા છે. તે આભાર સહિત સ્વીકાર કરવામાં આવ્યા છે અને એ યોજના મુજબ આ પ્રથમ પુસ્તક પ્રકટ થાય છે.

મુંબઈ, તા. ૧૦–૯–૪૪ } સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વતી
મનુ સૂબેદાર (પ્રમુખ)

વિદુરનીતિ–૧૧–૪૪

★

CHECKED 1973
Initial

બાર આના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
"સસ્તું સાહિત્ય" એટલે "ઊંચામાં ઊંચું સાહિત્ય"

વિદુરનીતિ

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं० 11 ग/21
आगत सं० 21851
तिथि० 11-6-2003
गुरुकुल ग्रन्थालय कांगड़ी.

★

અનુવાદક:

શાસ્ત્રી ગિરિજાશંકર મયાશંકર

21851
11 ★ आश्विन 2003

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે: ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઇ-૨

★

CHECKED 1973
Initial

બાર આના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
ગુરુકુલ કાંગડી

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સં. : ૨૦૦૦

પ્રત : ૬૦૦૦

સર્વ હક્ક પ્રકાશક સંસ્થાને સ્વાધીન છે.

મુદ્રક અને પ્રકાશક:
ત્રિભુવનદાસ ક૦ ઠક્કર
સસ્તું સાહિત્ય મુદ્રણાલય,
ઠે. રાયખડ : : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

તેર વરસ વનવાસ ભોગવીને પાછા આવ્યા પછી પાંડવોએ ધૃતરાષ્ટ્ર પાસે પોતાનો રાજ્યભાગ માગ્યો. પરંતુ દુર્યોધને કંઇ જ આપવા દીધું નહિ, એટલે પાંડવોએ યુદ્ધ કરીને પોતાનો ભાગ મેળવવાની પ્રતિજ્ઞા જાહેર કરી. આથી ધૃતરાષ્ટ્ર ઘણા ચિંતાતુર અને અશાંત રહેવા લાગ્યા. એટલે સવારે વિદુરજીને સલાહ લેવા માટે બોલાવ્યા. ત્યારે ધર્માવતાર વિદુરજીએ જે ઉપદેશ ને બોધ આપ્યો તે જ આ **વિદુરનીતિ.**

ધર્મ, નીતિ, જ્ઞાન, ચારિત્ર્ય વિષે, પંડિત કોણ ને મૂર્ખ કોણ ? મનુષ્યે ગ્રહણ કરવા જેવું શું છે ? ને તજવા જેવું શું છે ? બુદ્ધિની શક્તિ, બ્રહ્મહત્યારા કોણ ? સુમતિનું ફળ, ઉત્તમ પુરુષનાં લક્ષણ, કુળવાન કોણ ? સુખનો માર્ગ, મૂર્ખોની દુર્ગતિ, ધનનું મૂળ ધર્મ, પાંચ પ્રકારનાં બળ, આતિથ્યધર્મ, સુખનાં સાધન, મિત્ર કોણ ? લક્ષ્મી કોને વરે છે ? મનન કરવા જેવી વસ્તુઓ, મંગળ વસ્તુઓ, કોણ દુઃખી થતો નથી ? દૈવનું સામર્થ્ય વગેરે વ્યવહાર તથા પરમાર્થની અનેક બાબતોને સ્પર્શતો વિદુરજીનો ઉપદેશ આ નાનકડા પુસ્તકમાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવો જ્ઞાન, ચારિત્ર્ય ને નીતિને વધારનારો ઉપદેશ આપનાર વિદુરજી દાસીપુત્ર હોવા છતાં દિવ્ય પુરુષ હતા. તેઓ બાળપણથી જ ગંભીર હતા. વ્યાસદેવ, ભીષ્મપિતામહ વગેરે ગુરુજનોની સેવામાં મોટે ભાગે યોજાઈ રહેતા હતા. તેઓ ઘણુંખરું મૌન રહેવાનું જ પસંદ કરતા. સૌ તેમની સેવાથી, સદાચારથી અને તેમના ભગવત્પ્રેમથી પ્રસન્ન હતા. મોટાભાઈ ધૃતરાષ્ટ્રની તો તેઓ આંખ જ હતા. ધૃતરાષ્ટ્ર વિદુરની સલાહ લીધા વિના કંઈ કામ કરતા નહોતા. ખરી રીતે તેઓ ધૃતરાષ્ટ્રના એક મંત્રી જ હતા અને રાજકાજમાં તથા કોઈ પણ ગૂંચવાડાભર્યા પ્રશ્નો આવે ત્યારે તેઓ વિદુરજીની અવશ્ય સલાહ લેતા. અને વિદુરજી પણ નીડરપણે જે ધર્મમય અને સત્ય હોય તેવી જ સલાહ આપતા.

આ ઉપદેશને વર્ષો વીત્યાં છે અને હજી વર્ષો વીતશે, તોપણ જેવોને તેવો ઉપકારક ને પ્રેરક રહેશે, એમાં શક નથી.

મુંબઈ,
તા. ૧૦–૬–૪૪

સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વતી
મનુ સુબેદાર (પ્રમુખ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: અનુક્રમણિકા :

અધ્યાય ૧ લો

ઉપોદ્ઘાત ૯
પંડિતનાં લક્ષણ ૧૩
મૂર્ખનાં લક્ષણ ૧૬
ક્રૂરનાં લક્ષણ ૧૮
બુદ્ધિની શક્તિ ૧૯
એક પદાર્થનું વિવેચન ... ૨૦
બે પદાર્થોનું વિવેચન ... ૨૧
ત્રણ પદાર્થોનું વિવેચન ... ૨૩
ચાર પદાર્થોનું વિવેચન ... ૨૪
પાંચ પદાર્થોનું વિવેચન... ૨૬
છ પદાર્થોનું વિવેચન ... ૨૬
સાત પદાર્થોનું વિવેચન... ૨૯
આઠ પદાર્થોનું વિવેચન... ૨૯
નવ પદાર્થોનું વિવેચન ... ૩૧
દશ પદાર્થોનું વિવેચન ... ૩૧
સુધન્વાએ પુત્રોને આપેલો ઉપદેશ ૩૧

અધ્યાય ૨ જો

વાણીજ સુખ ને દુઃખકર્તા છે ૫૨

અધ્યાય ૩ જો

સર્વથી વધારે ઉત્તમ શું? ૫૪
કેશિનીને પરણવા માટે સુધન્વા તથા વિરોચનનો સંવાદ ૫૫
પ્રહ્લાદ પાસે વિરોચને પોતાની શરત જણાવી. ... ૬૦
સુધન્વાનો ઉત્તમતા વિષે પ્રશ્ન ૬૦
સારી મતિ સુખકારી છે. ૬૩
કપટીની વહાર કોઈ પણ કરતું નથી. ૬૩
તજવાલાયક વસ્તુઓ ... ૬૪
સાક્ષીમાં કોને લેવા નહિ... ૬૪
માન ખાતર કરેલાં કર્મનું ફળ ૬૪
બ્રહ્મહત્યારા કોને કહેવાય? ૬૪
પરીક્ષા કરવાનાં સાધનો... ૬૫
રૂપાદિનો નાશ કરનારી વસ્તુ ૬૬
સ્વર્ગ આપનારી આઠ વસ્તુઓ ૬૬
ધર્મના આઠ માર્ગ ... ૬૭
સભા વગેરેની ઓળખાણ ૬૭
સ્વર્ગમાં લઈ જનારી દશ વસ્તુ ૬૮
પુણ્યપાપનાં ફળ ૬૮
બુદ્ધિનાશનો હેતુ ૬૮
સુમતિનું ફળ ૬૮
કોણ મહા આપત્તિમાં આવે છે? ૬૯
પંડિત કોને જાણવો? ... ૬૯
કામ ક્યારે કરવું? તેનો વિચાર ૬૯
પરિણામે વખાણ થાય છે. ૭૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાપીનાં છિદ્રો વધારે ઉઘાડાં પડે ૭૦
કાણુ કોને શિક્ષા કરી શકે છે? ૭૦
કોનું સ્વરૂપ જણાતું નથી? ૭૧
કયો રાજા ઘણા કાળ સુધી રાજ્ય કરી શકે? ... ૭૧
કયો માણસ કમાઈ શકે છે? ૭૧

અધ્યાય ૪ થો

સાધ્યદેવોનો પ્રશ્ન ૭૩
અવશ્ય કરવા લાયક કર્મ ૭૩
ક્ષમાશીલ પુણ્યભાગી થાય છે ૭૩
સજ્જન ક્ષમાશીલ જ હોય ૭૪
જેવો સંગ તેવો રંગ ... ૭૫
દેવતાઓ કોને ચહાય છે? ૭૫
ચાર જાતનું બોલવું ... ૭૫
પુરુષ સ્વતંત્ર છે ૭૫
વિષયનો ત્યાગ તે જ દુઃખનો ત્યાગ ૭૬
ઉત્તમ પુરુષનાં લક્ષણો ... ૭૬
મધ્યમ પુરુષનાં લક્ષણો ... ૭૬
અધમ પુરુષનાં લક્ષણો ... ૭૭
કોનો સંગ કરવો? ... ૭૭
કોનો અપયશ થાય છે? ૭૭
કુળવાનનાં લક્ષણ... ... ૭૮
મિત્રામિત્રનો વિચાર ... ૮૧
સંતાપનાં ફળ ૮૨
સુખનો માર્ગ ૮૩
શાંતિનો માર્ગ ૮૪
જ્ઞાતિ સાથે વેર કરનારની દશા ૮૫
જુલમીને મળતું ફળ ... ૮૬
એકલવાઈ સ્થિતિ ... ૮૬
મનુષ્યમાં મુખ્ય બે ગુણ ૮૭
ક્રોધનું સ્વરૂપ ૮૮
રોગીની અવસ્થા ૮૮
સત્ય વસ્તુનો વિચાર ... ૮૮

અધ્યાય ૫ મો

સત્તર મૂર્ખોનો નરકવાસ ... ૯૦
ધર્મ એટલે શું? ... ૯૧
કોણુ કોનો નાશ કરે છે? ૯૧
આયુષ્ય ઘટવાનું કારણ ૯૨
કોનો સંગ ન કરવો? ... ૯૨
સ્વર્ગમાં જનાર ૯૩
દુર્લભ માણસ ૯૩
જુગારનો નિષેધ ૯૪
હિતવચન ૯૫
દૂત કેવો જોઈએ? ... ૯૬
સામાન્યનીતિ ૯૬
દશ લાભ ૯૭
છ લાભ ૯૮
કોને ઘરમાં આવવા દેવો નહિ? ૯૮
કોની યાચના કરવી નહિ? ૯૮
સામાન્ય ઉપદેશ ૯૯
શાંતિનું ફળ ૧૦૦
ધનનું મૂળ ધર્મ ૧૦૧
પાંચ પ્રકારનાં બળ ... ૧૦૨
સ્વતેજનો પ્રતાપ... ... ૧૦૩
સંપ ત્યાં જંપ ૧૦૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૬ ઠ્ઠો

આતિથ્યને પાત્ર કોણ નથી ? ૧૦૫
અતિથિ કોણ કહેવાય ? ૧૦૬
ન કરવાયોગ્ય અને કરવા યોગ્ય ૧૦૭
જેનું જે કારણ તે તેમાં લય પામે ૧૦૮
ગુપ્ત વિચાર કરવાનાં સ્થાનો ૧૦૯
મંત્રીની પરીક્ષા ૧૦૯
સુખદુઃખનાં કારણ ... ૧૧૦
પૃથ્વી કોને વરે છે ? ... ૧૧૦
કોણ કોની પરીક્ષા કરી શકે ? ૧૧૧
સુખસાધન ૧૧૨
શત્રુ પણ મિત્ર થાય છે ... ૧૧૩
ત્યાગ કરવા લાયક રાજા ... ૧૧૩
કોને રાજી રાખવો ? ... ૧૧૪
પંડિત ૧૧૪
રહસ્ય ૧૧૫

અધ્યાય ૭ મો

મિત્ર ૧૧૬
ઘટાડો પણ ઉત્તમ ... ૧૧૭
નિન્દિત સંગ ૧૧૮
સંગ કરવા યોગ્ય ૧૧૯
જ્ઞાતિજનો સાથે તરવું અને ડૂબવું ૧૨૧
નીતિ ૧૨૨
મિત્રતાનું લક્ષણ ૧૨૪
આયુષ્યવર્ધક વસ્તુઓ ... ૧૨૬
સુખકર વસ્તુઓ ૧૨૭
લક્ષ્મી ક્યાં જતી નથી ? ૧૨૮
લક્ષ્મીનિવાસ અને વેદાદિનું ફળ ૧૨૯
વૈભવનું મૂળ ૧૨૯
અવિશ્વાસ કરવા યોગ્ય વસ્તુ ૧૩૦
મનન કરવા યોગ્ય વસ્તુ .. ૧૩૧

અધ્યાય ૮ મો

સહજ શત્રુ ૧૩૩
નાશ કરનાર વસ્તુ ... ૧૩૫
મંગળ વસ્તુઓ ૧૩૫
અવિનાશીનો આશ્રય ... ૧૩૬
કોણ દુઃખી થાય નહિ ? ૧૩૮
યુધિષ્ઠિરને રાજ્યાસન ઉપર બેસાડવા માટે વિનતિ ૧૩૯
દૈવનું સામર્થ્ય ૧૪૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેલ્લાં ૩૩ વર્ષથી શિષ્ટ અને ઉપયોગી સાહિત્ય પૂરું પાડી રહેલી

વિવિધ ગ્રંથમાળા

ભિક્ષુ અખંડાનંદે સ્થાપેલી

સંવત ૨૦૦૦	વાર્ષિક લવાજમ રૂા. ૬–૪–૦ પોસ્ટેજ માફ	વર્ષ ૩૩ મું

★

સં. ૨૦૦૦માં અપાનારાં પુસ્તકો

		છૂટક કિંમત
૧	**ઉપનિષદો ૧૧૨–બે ભાગમાં** સરળ ભાષાંતર	૪–૦
૨	**સ્વર્ગનો આનંદ**	૨–૦
૩	**સાહિત્યપ્રારંભિકા**–લે. શ્રી. હિં. ગ. અંજારિયા	૧–૦
૪	**હિંદના આર્થિક વિકાસની યોજના** ...	૦–૮
૫	**કલ્યાણમયી**–લે. શ્રી.ડુંગરશી ધ. સંપટ...	૧–૦
૬	**આત્મરામાયણ**	૦–૧૨
૭	**સંવત ૨૦૦૧ નું પંચાંગ**	૦–૮
૮	**ગૌતમબુદ્ધ**–ચરિત્ર તથા ઉપદેશો ...	૧–૪
૯	**સંત–કબીર**–આધ્યાત્મિક પદો	૧–૦
	શુમારે એકંદર મૂલ્ય	૧૨–૦

ઉપરનાં પુસ્તકોમાં સંજોગો અનુસાર સંસ્થા ફેરફાર કરી શકશે.

વાર્ષિક લવાજમ રૂા. ૬–૪ ભરી ગ્રાહક થનારને ઉપર મુજબ લગભગ રૂા. ૧૨–૦ નાં પુસ્તકો મળશે.

આ માળાનું વર્ષ કારતકથી શરૂ થઈ આસોમાં પૂરું થાય છે. વર્ષની અધવચે ગમે ત્યારે ગ્રાહક થનારને કારતક માસથી ગ્રાહક ગણીને બહાર પડેલાં પુસ્તકો તરતમાં અપાય છે, અને બાકીનાં નીકળે તેમ તેમ મોકલી અપાય છે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

પોસ્ટ બો. નં. ૫૦, ઠે. ભદ્ર પાસે–**અમદાવાદ** ને કાલબાદેવીરોડ; **મુંબઈ–૨**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદુરનીતિ

[પાંડવોએ તેર વર્ષ સુધી વનવાસ ભોગવીને પાછા આવી ધૃતરાષ્ટ્ર પાસે પોતાના રાજ્યની માગણી કરી; પરંતુ દુર્યોધને કાંઈ પણ આપવા દીધું નહિ. ત્યારે પાંડવોએ યુદ્ધ કરીને પોતાનો ભાગ મેળવવાની પ્રતિજ્ઞા જાહેર કરી. આથી ધૃતરાષ્ટ્રને ઘણી ચિંતા થઈ અને આખી રાત નિદ્રા આવી નહિ. પછી તેણે વિદુરજીને સલાહ લેવા સારુ સવારમાં બોલાવ્યા ત્યારે તેમણે ઉપદેશેલો બોધ.]

અધ્યાય ૧ લો

ઉપોદ્ઘાત

वैशम्पायन उवाच ॥ વૈશંપાયન બોલ્યા:—

द्वाःस्थं प्राह महाप्राज्ञो धृतराष्ट्रो महीपतिः ।
विदुरं द्रष्टुमिच्छामि तमिहानय माचिरम् ॥ १ ॥
प्रहितो धृतराष्ट्रेण दूतः क्षत्तारमब्रवीत ।
ईश्वरस्त्वां महाराजो महाप्राज्ञ दिदृक्षति ॥ २ ॥

હે જન્મેજય! પછી મહાબુદ્ધિમાન મહીપતિ ધૃતરાષ્ટ્રે દ્વારપાલને કહ્યું કે, 'હું વિદુરને મળવા ઇચ્છું છું; માટે તેને જલદી અહીં બોલાવી લાવ.' એટલે ધૃતરાષ્ટ્રે મોકલેલા તે દૂતે (જઈ) વિદુરને કહ્યું કે, 'હે મહાજ્ઞાની! સમર્થ ધૃતરાષ્ટ્ર મહારાજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારાં દર્શન કરવા ઇચ્છે છે–મળવા ઇચ્છે છે.' ૧,૨

एवमुक्तस्तु विदुरः प्राप्य राजनिवेशनम् ।
अब्रवीद्धृतराष्ट्राय द्वाःस्थ मां प्रतिवेदय ॥ ३ ॥

द्वाःस्थ उवाच ॥ દ્વારપાલ બોલ્યો:—

विदुरोऽयमनुप्राप्तो राजेन्द्र तव शासनात् ।
द्रष्टुमिच्छति ते पादौ किं करोतु प्रशाधि माम् ॥ ४ ॥

તેણે આ પ્રમાણે કહ્યું, એટલે વિદુરે રાજમંદિરે આવીને દ્વારપાલને કહ્યું કે, 'હું આવ્યો છું, એ તું ધૃતરાષ્ટ્રને જણાવ.' એટલે દ્વારપાલ બોલ્યો: 'હે રાજેંદ્ર! આ વિદુર તમારી આજ્ઞાથી આવ્યા છે અને તમારા ચરણનાં દર્શનની ઇચ્છા રાખે છે. તો તે શું કરે, તે સંબંધી મને આજ્ઞા આપો.' ૩,૪

धृतराष्ट्र उवाच ॥ ધૃતરાષ્ટ્ર બોલ્યા:—

प्रवेशय महाप्रज्ञं विदुरं दीर्घदर्शिनम् ।
अहं हि विदुरस्यास्य नाकल्पो जातु दर्शने ॥ ५ ॥

એ વિદુરના દર્શનને માટે હું કદી ય અસમર્થ નથી. તું એ દીર્ઘદર્શી ને મહાબુદ્ધિમાન વિદુરને અંદર લઈ આવ. ૫

द्वाःस्थ उवाच ॥ દ્વારપાલ બોલ્યો:—

प्रविशान्तःपुरं क्षत्तर्महाराजस्य धीमतः ।
नहि ते दर्शनेऽकल्पो जातु राजाब्रवीद्धि माम् ॥ ६ ॥

હે વિદુર! તમે બુદ્ધિમાન મહારાજાના અંતઃપુરમાં પ્રવેશ કરો. કેમકે તમને મળવા તે પોતે હમેશાં તૈયાર જ છે, એમ રાજાએ મને કહ્યું છે. ૬

वैशम्पायन उवाच ॥ વૈશંપાયન બોલ્યા:—

ततः प्रविश्य विदुरो धृतराष्ट्रनिवेशनम् ।
अब्रवीत्प्रांजलिर्वाक्यं चिंतयानं नराधिपम् ॥ ७ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विदुरोऽहं महाप्राज्ञ संप्राप्तस्तव शासनात् ।
यदि किंचन कर्तव्यमयमस्मि प्रशाधि माम् ॥ ८ ॥

પછી વિદુરે ધૃતરાષ્ટ્રના ભવનમાં પ્રવેશ કર્યો અને ચિંતા કરી રહેલા એ નરપતિને બે હાથ જોડીને કહ્યું કે, 'હે મહાજ્ઞાની! હું વિદુર તમારી આજ્ઞાથી તમારી પાસે આવ્યો છું. જો કંઈ કામ કરવાનું હોય તો મને આજ્ઞા કરો.' ૭,૮

धृतराष्ट्र उवाच ॥ ધૃતરાષ્ટ્ર બોલ્યા:—

संजयो विदुर प्राज्ञो गर्हयित्वा च मां गतः ।
अजातशत्रोः श्वो वाक्यं सभामध्ये स वक्ष्यति ॥ ९ ॥
तस्याद्य कुरुवीरस्य न विज्ञातं वचो मया ।
तन्मे दहति गात्राणि तदकार्षीत्प्रजागरम् ॥ १० ॥

હે વિદુર! સંજય અહીં આવ્યો હતો અને મારી નિંદા કરીને ચાલ્યો ગયો છે. તે કાલે અજાતશત્રુ યુધિષ્ઠિરનો સંદેશો સભામાં કહેશે. એ કુરુવીર યુધિષ્ઠિરનું કહેવું શું છે, તેની મને હજી ખબર પડી નથી; તેથી મારાં ગાત્રો બળે છે અને મારી ઊંઘ ઊડી ગઈ છે. ૯,૧૦

जाग्रतो दह्यमानस्य श्रेयो यदनुपश्यसि ।
तद्ब्रूहि त्वं हि नस्तात धर्मार्थकुशलो ह्यसि ॥ ११ ॥
यतः प्राप्तः संजयः पांडवेभ्यो न मे यथावन्मनसः प्रशांतिः ।
सर्वेन्द्रियाण्यप्रकृतिं गतानि किं वक्ष्यतीत्येव मेऽद्य प्रचिंता ॥

હે તાત! હું ઉજાગરે બળી રહ્યો છું. તું જ અમારામાં ધર્મ તથા અર્થમાં કુશળ છે. તો મારે માટે તને જે હિતકારી જણાતું હોય તે તું મને કહે. સંજય પાંડવોની પાસેથી આવ્યો છે, ત્યારથી મારા મનને ખરી શાંતિ રહેતી નથી અને મારી સર્વ ઇન્દ્રિયો અસ્વસ્થ થઈ ગઈ છે. કારણ કે, કાલે સંજય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શું કહેશે, તેની જ મને આજે તીવ્ર ચિંતા થયા કરે છે. ૧૧,૧૨

विदुर उवाच ॥ વિદુર બોલ્યા:—

अभियुक्तं बलवता दुर्बलं हीनसाधनम् ।
हृतस्वं कामिनं चोरमाविशंति प्रजागराः ॥ १३ ॥
कच्चिदेतैर्महादोषैर्न स्पृष्टोऽसि नराधिप ।
कच्चिच्च परवित्तेषु गृध्यन्न परितप्यसे ॥ १४ ॥

ઉજાગરા તો બળિયા મનુષ્યથી દબાયેલા સાધનરહિત દુર્બળ મનુષ્યને થાય, જેનું ધન હરાઈ ગયું હોય તેને થાય, જે કામી હોય તેને થાય અને જે ચોર હોય તેને થાય. હે નરપતિ ! આ મહાદોષો તો તમને સ્પર્શ્યાં નથી ને ? અથવા તમે પરાયા ધનમાં દાઢ રાખીને તો બળતા નથી ને? ૧૩,૧૪

धृतराष्ट्र उवाच ॥ ધૃતરાષ્ટ્ર બોલ્યા:—

श्रोतुमिच्छामि ते धर्म्यं परं नैःश्रेयसं वचः ।
अस्मिन्राजर्षिवंशे हि त्वमेकः प्राज्ञसंमतः ॥ १५ ॥

આ રાજર્ષિવંશમાં તું એકલો જ વિદ્વાનોમાં માન્ય છે, માટે હું તારાં ધર્મયુક્ત અને પરમ કલ્યાણકારી વચન સાંભળવા ઇચ્છું છું. ૧૫

विदुर उवाच ॥ વિદુર બોલ્યા:—

राजा लक्षणसंपन्नस्त्रैलोक्यस्याधिपो भवेत् ।
प्रेष्यस्ते प्रेषितश्चैव धृतराष्ट्र युधिष्ठिरः ॥ १ ॥
विपरीततरश्च त्वं भागधेये न संमतः ।
अर्चिषां प्रक्षयाच्चैव धर्मात्मा धर्मकोविदः ॥ २ ॥

*હે ધૃતરાષ્ટ્ર ! યુધિષ્ઠિરરાજ સર્વ લક્ષણોથી યુક્ત છે, તેથી

* આ એકથી પાંચ શ્લોક કોઈ બીજા પુસ્તકમાં મૂળના ટિપ્પણરૂપ છે. —पंडित नीलकंठ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે ત્રણે લોકના અધિપતિ થવાને પણ યોગ્ય છે. તમારે તેમને રાજ્ય કરવાને પ્રાર્થના કરવી જોઈએ, તેને બદલે તમે તેમને વનમાં કાઢ્યા છે. તમે આંખે અંધ છો, એટલે ધર્માત્મા અને ધર્મનિપુણ છતાં તમે રાજ્યભાગના અધિકારી નથી. ૧,૨

आनृशंस्यादनुक्रोशाद्धर्मात्सत्यात्पराक्रमात् ।
गुरुत्वात्त्वयि संप्रेक्ष्य बहून् क्लेशांस्तितिक्षते ॥ ३ ॥

दुर्योधने सौबले च कर्णे दुःशासने तथा ।
एतेष्वैश्वर्यमाधाय कथं त्वं भूतिमिच्छसि ॥ ४ ॥

आत्मज्ञानं समारंभस्तितिक्षा धर्मनित्यता ।
यमर्थान्नापकर्षंति स वै पंडित उच्यते ॥ ५ ॥

આમ છતાં, મૃદુતા, દયાળુતા, ધર્મ, સત્ય તથા પરાક્રમ એ ગુણોને લીધે અને તમારા વડીલપણા તરફ જોઈને યુધિષ્ઠિર (રાજ્યના અધિકારી છતાં) પુષ્કળ ક્લેશો સહન કરે છે. હે રાજા! તમે દુર્યોધન, શકુનિ, કર્ણ અને દુઃશાસનને રાજ્યસત્તા સોંપીને કેવી રીતે ઐશ્વર્ય ઇચ્છો છો? પંડિત તો તેને જ કહેવાય છે કે, જેને આત્મજ્ઞાન, ઉત્તમ ઉદ્યોગ, સહનશીલતા અને ધર્મપરાયણતા, પુરુષાર્થથી ભ્રષ્ટ કરતાં નથી. ૩–૫

પંડિતનાં લક્ષણ

निषेवते प्रशस्तानि निंदितानि न सेवते ।
अनास्तिकः श्रद्दधान एतत्पंडितलक्षणम् ॥ १६ ॥

જે પ્રશંસાપાત્ર કામો કરે છે અને નિંદાપાત્ર કામો કરતો નથી; જે આસ્તિક છે અને જે શ્રદ્ધાવાન છે, તેને પંડિતનાં લક્ષણોવાળો જાણવો. ૧૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

क्रोधो हर्षश्च दर्पश्च ह्रीस्तंभो मान्यमानिता ।
यमर्थान्नापकर्षंति स वै पंडित उच्यते ।। १७ ।।
यस्य कृत्यं न जानंति मंत्रं वा मंत्रितं परे ।
कृतमेवास्य जानंति स वै पंडित उच्यते ।। १८ ।।

ક્રોધ, હર્ષ, અન્યની અવજ્ઞા, લજ્જા, અકડાઈ અને અહંતા, એ જેને પુરુષાર્થથી ભ્રષ્ટ કરતાં નથી, તે જ પંડિત કહેવાય છે. જેનાં કરવા ધારેલાં કૃત્યને અથવા જેના કરી રાખેલા વિચારને બીજા કોઈ જાણતા નથી, પણ જેના સિદ્ધ થયેલા કાર્યને જ બીજાઓ જાણે છે, તે જ પંડિત કહેવાય છે. ૧૭,૧૮

यस्य कृत्यं न विघ्नंति शीतमुष्णं भयं रतिः ।
समृद्धिरसमृद्धिर्वा स वै पंडित उच्यते ।। १९ ।।
यस्य संसारिणी प्रज्ञा धर्माथावनुवर्तते ।
कामादर्थं वृणीते यः स वै पंडित उच्यते ।। २० ।।

જેના કાર્યમાં ટાઢ, તાપ, ભય, પ્રીતિ, સમૃદ્ધિ અથવા અસમૃદ્ધિ વિઘ્ન કરી શકતાં નથી, તે જ પંડિત કહેવાય છે. જેની વ્યાવહારિક બુદ્ધિ ધર્મ તથા અર્થને અનુસરે છે અને કામથી અર્થને પ્રાપ્ત કરે છે, તે જ પંડિત કહેવાય છે. ૧૯,૨૦

यथाशक्ति चिकीर्षंति यथाशक्ति च कुर्वते ।
न किंचिदवमन्यंते नराः पंडितबुद्धयः ।। २१ ।।
क्षिप्रं विजानाति चिरं शृणोति विज्ञाय चार्थं भजते न कामात् ।
नासंपृष्टो व्युपयुंक्ते परार्थे तत्प्रज्ञानं प्रथमं पंडितस्य ।। २२ ।।

પંડિતબુદ્ધિવાળા પુરુષો પોતાની શક્તિ પ્રમાણે કામ કરવાની ઇચ્છા રાખે છે, યથાશક્તિ કામ કરે છે અને તેઓ કોઈનું પણ અપમાન કરતા નથી. વળી પંડિતનું પ્રથમ લક્ષણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ છે. તે ઝટ સમજી જાય છે, છતાં તે ઘણી વાર સુધી સામાનું બોલવું ધીરજથી સાંભળે છે; તે સમજણપૂર્વક કામને અળગો રાખીને અર્થને સ્વીકારે છે અને તે પારકાના કામમાં હાથ નાખતો નથી તેમ ખાલી બડબડાટ કરતો નથી. ૨૧,૨૨

नाप्राप्यमभिवांछंति नष्टं नेच्छंति शोचितुम् ।
आपत्सु च न मुह्यंति नराः पंडितबुद्धयः ॥ २३ ॥
निश्चित्य यः प्रक्रमते नांतर्वते कर्मणः ।
अवंध्यकालो वश्यात्मा स वै पंडित उच्यते ॥ २४ ॥

વળી પંડિતબુદ્ધિવાળા પુરુષો અપ્રાપ્ય વસ્તુની અભિલાષા કરતા નથી, નાશ પામેલી વસ્તુનો શોક કરવા ઇચ્છતા નથી અને આપત્તિમાં મૂંઝાતા નથી. જે નિર્ધારપૂર્વક કાર્ય આરંભે છે, જે કાર્યની વચ્ચે અટકી પડતો નથી, જે સમયને ફોગટ જવા દેતો નથી અને જે મનને વશ રાખે છે, તે જ પંડિત કહેવાય છે. ૨૩,૨૪

आर्यकर्मणि रज्यंते भूतिकर्माणि कुर्वते ।
हितं च नाभ्यसूयंति पंडिता भरतर्षभ ॥ २५ ॥
न हृष्यत्यात्मसंमाने नावमानेन तप्यते ।
गांगो हृद इवाक्षोभ्यो यः स पंडित उच्यते ॥ २६ ॥

હે ભરતશ્રેષ્ઠ! પંડિતો સત્ પુરુષોને યોગ્ય એવાં કર્મમાં પ્રીતિ રાખે છે, ઐશ્વર્યની પ્રાપ્તિને માટે કર્મો કરે છે અને કોઈના હિતનો દ્વેષ કરતા નથી. જે પોતાના સન્માનથી રાજી થતો નથી અને અપમાનથી તપી ઊઠતો નથી, પણ જે ગંગાના ધરાની પેઠે ગંભીર રહે છે, તે પંડિત કહેવાય છે. ૨૫,૨૬

तत्त्वज्ञः सर्वभूतानां योगज्ञः सर्वकर्मणाम् ।
उपायज्ञो मनुष्याणां नरः पंडित उच्यते ॥ २७ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रवृत्तवाक्चित्रकथ ऊहवान् प्रतिभानवान् ।
आशु ग्रंथस्य वक्ता च यः स पंडित उच्यते ॥ २८ ॥

જે પુરુષ પ્રાણીમાત્રનાં તત્ત્વનો જ્ઞાતા છે, જે કર્મમાત્રના યોગનો વેત્તા છે અને જે મનુષ્યમાત્રના ઉપાયોનો જાણકાર છે, તે પંડિત કહેવાય છે. જેની વાણી અસ્ખલિત વહેનારી છે, જે લોકકથાનો જાણનાર છે, જે તર્કશીલ છે, જે પ્રતિભાશક્તિવાળો છે અને જે ગ્રંથને બરાબર સમજાવી શકે છે, તે પંડિત કહેવાય છે. ૨૭,૨૮

श्रुतं प्रज्ञानुगं यस्य प्रज्ञा चैव श्रुतानुगा ।
असंभिन्नार्यमर्यादः पंडिताख्यां लभेत सः ॥ २९ ॥

શાસ્ત્ર જેની બુદ્ધિને અનુસરે છે તથા જેની બુદ્ધિ શાસ્ત્રને અનુસરે છે અને જે પૂજ્ય પુરુષોએ બાંધેલી મર્યાદાને ઓળંગતો નથી, તે પંડિતની સંજ્ઞાને પામે છે. ૨૯

મૂર્ખનાં લક્ષણ

अश्रुतश्च समुन्नद्धो दरिद्रश्च महामनाः ।
अर्थांश्चाकर्मणा प्रेप्सुर्मूढ इत्युच्यते बुधैः ॥ ३० ॥

જે શાસ્ત્રહીન હોવા છતાં મહાઅભિમાની છે, જે દરિદ્ર હોવા છતાં મોટાં કામોના સંકલ્પ કરે છે અને જે હીન કર્મથી (દ્યૂતાદિકથી દુર્યોધનની પેઠે) ધનસંપત્તિ મેળવવા ઇચ્છે છે, તેને પંડિતો મૂર્ખ કહે છે. ૩૦

स्वमर्थं यः परित्यज्य परार्थमनुतिष्ठति ।
मिथ्या चरति मित्रार्थे यश्च मूढः स उच्यते ॥ ३१ ॥
अकामान्कामयति यः कामयानान्परित्यजेत् ।
बलवंतं च यो द्वेष्टि तमाहुर्मूढचेतसम् ॥ ३२ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે (શકુનિની જેમ) પોતાનું કામ છોડીને પારકાનું કામ લઈ બેસે છે અને જે મિત્રને માટે મિથ્યા આચરણ કરે છે તે મૂર્ખ કહેવાય છે. જે પોતાના ઉપર પ્રેમ વગરનાને ચાહે છે અને પ્રેમ રાખનારાનો ત્યાગ કરે છે તથા જે બળવાનનો દ્વેષ કરે છે, તેને પંડિતો મૂઢ બુદ્ધિવાળો કહે છે. ૩૧,૩૨

अमित्रं कुरुते मित्रं मित्रं द्वेष्टि हिनस्ति च ।
कर्म चारभते दुष्टं तमाहुर्मूढचेतसम् ॥ ३३ ॥
संसारयति कृत्यानि सर्वत्र विचिकित्सते ।
चिरं करोति क्षिप्रार्थे स मूढो भरतर्षभ ॥ ३४ ॥

જે શત્રુને પોતાનો મિત્ર કરે છે, જે મિત્રનો દ્વેષ કરે છે તથા તેની હિંસા કરે છે અને જે દુષ્ટકર્મનો આરંભ કરે છે, તેને પંડિતો મૂર્ખબુદ્ધિ કહે છે. વળી હે ભરતશ્રેષ્ઠ! જે પોતે કરવાનાં કામો સેવક વગેરેની પાસે કરાવે છે, જે જ્યાં ત્યાં શંકા કરે છે અને જે તરત કરવાનાં કામમાં વિલંબ કરે છે તે મૂર્ખ છે. ૩૩,૩૪

श्राद्धं पितृभ्यो न ददाति दैवतानि न चार्चति ।
सुहृन्मित्रं न लभते तमाहुर्मूढचेतसम् ॥ ३५ ॥
अनाहूतः प्रविशति अपृष्टो बहु भाषते ।
अविश्वस्ते विश्वसिति मूढचेता नराधमः ॥ ३६ ॥
परं क्षिपति दोषेण वर्तमानः स्वयं तथा ।
यश्च क्रुध्यत्यनीशानः स च मूढतमो नरः ॥ ३७ ॥

જે પિતૃઓનું શ્રાદ્ધ કરતો નથી, દેવોની પૂજા કરતો નથી અને જેને સહૃદય મિત્ર મળતો નથી, તેને પંડિતો મૂર્ખબુદ્ધિ કહે છે. જે વણબોલાવ્યો અંદર આવે છે, જે વણપૂછયે બોલ બોલ કરે છે અને જે વિશ્વાસપાત્ર નહિ એવા પર વિશ્વાસ રાખે છે, તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધમ મનુષ્ય મૂઢ બુદ્ધિવાળો છે. જે બીજાના દોષ જોઇને તેની નિંદા કરે છે, છતાં પોતે જ તેવું દોષમય વર્તન રાખે છે અને જે અસમર્થ છતાં ક્રોધ કરે છે, તે પુરુષ મૂર્ખનો શિરોમણિ છે.

आत्मनो बलमज्ञाय धर्मार्थपरिवर्जितम् ।
अलभ्यमिच्छन्नैष्कर्म्यान्मूढबुद्धिरिहोच्यते ॥ ३८ ॥

વળી જે ધર્મ તથા અર્થથી રહિત એવા પોતાના બળને જાણતો નથી અને માત્ર હાથપગ જોડી રાખીને અલભ્ય વસ્તુની ઇચ્છા કરે છે, તેને આ લોકમાં મૂઢ બુદ્ધિવાળો કહેવામાં આવે છે. ૩૮

अशिष्यं शास्ति यो राजन्यश्च शून्यमुपासते ।
कदर्यं भजते यश्च तमाहुर्मूढचेतसम् ॥ ३९ ॥
अर्थं महांतमासाद्य विद्यामैश्वर्यमेव वा ।
विचरत्यसमुन्नद्धो यः स पंडित उच्यते ॥ ४० ॥

હે રાજા ! જે પોતાનો શિષ્ય ન હોય તેને ઉપદેશ આપે છે, જે છાની રીતે રાજરાણીઓને સેવે છે અને જે કંજૂસની સેવા કરે છે, તેને પંડિતો મૂઢ બુદ્ધિવાળો કહે છે. મહાન અર્થ, વિદ્યા અથવા ઐશ્વર્ય મેળવીને પણ જે ઉદ્ધતપણાથી રહિત રહી વિચરે છે, તે પંડિત કહેવાય છે. ૩૯,૪૦

ક્રૂરનાં લક્ષણ

एकः संपन्नमश्नाति वस्ते वासश्च शोभनम् ।
योऽसंविभज्य भृत्येभ्यः को नृशंसतरस्ततः ॥ ४१ ॥
एकः पापानि कुरुते फलं भुंक्ते महाजनः ।
भोक्तारो विप्रमुच्यंते कर्ता दोषेण लिप्यते ॥ ४२ ॥

જે મનુષ્ય પોતાના સેવક આદિ પરિવારને બાતલ રાખીને પોતે સારું સારું ભોજન જમે છે અને સારાં સારાં વસ્ત્રો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેરે છે, તેના કરતાં વધારે ઘાતકી બીજો કોણ છે? કોઈ મનુષ્ય પાપ કરે છે, પણ તેનું ફળ મોટા માણસને ભોગવવાનું આવે છે. ફળ ભોગવનારાઓ તો પાપથી છૂટી જાય છે; પણ કર્તાને પાપનો દોષ ચોંટી જ રહે છે. ૪૧,૪૨

બુદ્ધિની શક્તિ

एकं हन्यान्न वा हन्यादिषुर्मुक्तो धनुष्मता ।
बुद्धिर्बुद्धिमतोत्सृष्टा हन्याद्राष्ट्रं सराजकम् ॥ ४३ ॥
एकया द्वे विनिश्चित्य त्रींश्चतुर्भिर्वशे कुरु ।
पंच जित्वा विदित्वा षट् सप्त हित्वा सुखी भव ॥ ४४ ॥

ધનુષધારીએ મૂકેલું બાણ કોઈને મારે કે ન પણ મારે; પરંતુ બુદ્ધિમાને યોજેલી બુદ્ધિ તો રાજા સાથે રાષ્ટ્રનો પણ નાશ કરી નાખે. એક (બુદ્ધિ) વડે બે (કાર્ય તથા અકાર્ય)નો નિશ્ચય કરો; ત્રણ (મિત્ર, ઉદાસીન તથા શત્રુ)ને ચાર (સામ, દામ, ભેદ તથા દંડ)થી વશ કરો; પાંચ (જ્ઞાનેન્દ્રિયો) ઉપર જય મેળવો; છ (સંધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધીભાવ તથા આશ્રય) ને સમજી લો અને સાત (સ્ત્રીસંગ, દ્યૂત, મૃગયા, મદ્યપાન, કઠોર વાણી, ક્રૂર દંડ તથા દ્રવ્યનો અપવ્યય)નો ત્યાગ કરો. આમ કરીને તમે સુખી થાઓ.× ૪૩,૪૪

× અધ્યાત્મપક્ષમાં એક બુદ્ધિ વડે, બે નિત્ય તથા અનિત્ય વસ્તુનો નિશ્ચય કરીને, ત્રણ કામ, ક્રોધ તથા લોભને, ચાર શમ, દમ, ઉપરમ તથા શ્રદ્ધા વડે વશ કરો અને પાંચ જ્ઞાનેન્દ્રિયોને જીતી, છ ક્ષુધા, તૃષા, શોક, મોહ, જરા તથા મૃત્યુનું સ્વરૂપ ઓળખીને, સાત જ્ઞાનેન્દ્રિયો, મન તથા બુદ્ધિનો ત્યાગ કરીને સુખી થાઓ. શ્રુતિ પણ એ જ કહે છે કે:—

यदा पंचावतिष्ठंते ज्ञानानि मनसा सह ।
बुद्धिश्च न विचेष्टेत तामाहुः परमां गतिम् ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

एकं विषरसो हंति शस्त्रेणैकश्च वध्यते ।
सराष्ट्रं सप्रजं हंति राजानं मंत्रविप्लवः ॥ ४५ ॥

ઝેરનો રસ એકને મારે છે અને શસ્ત્રથી એક જ માર્યો જાય છે; પરંતુ રાજાની મંત્રણામાં કદી ગરબડગોટો વળે છે, તો તેથી તે પ્રજા અને રાષ્ટ્રસહિત રાજાનો નાશ થાય છે. ૪૫

એક પદાર્થનું વિવેચન

एकः स्वादु न भुंजीत एकश्चार्थान्न चिंतयेत् ।
एको न गच्छेदध्वानं नैकः सुप्तेषु जागृयात् ॥ ४६ ॥
एकमेवाद्वितीयं तद्यद्राजन्नावबुध्यसे ।
सत्यं स्वर्गस्य सोपानं पारावारस्य नौरिव ॥४७॥

એકલાએ સ્વાદિષ્ટ ભોજન જમવું નહિ, એકલાએ કોઈ કાર્યનો વિચાર કરવો નહિ, એકલાએ પંથ કાપવો નહિ અને ઘણાં સૂતાં હોય ત્યાં એકલાએ જાગતા બેસવું નહિ. હે રાજન્! તમે જાણતા નથી કે, જેમ સમુદ્રને તરવા માટે નૌકા જ એકમાત્ર વાહન છે, તેમ સત્ય ભાષણ એ જ સ્વર્ગની એક અદ્વિતીય સીડી છે અને સત્ય-બ્રહ્મ જ મોક્ષનું એક અદ્વિતીય સાધન છે. ૪૬,૪૭

एकः क्षमावतां दोषो द्वितीयो नोपपद्यते ।
यदेनं क्षमया युक्तमशक्तं मन्यते जनः ॥ ४८ ॥
सोऽस्य दोषो न मंतव्यः क्षमा हि परमं बलम् ।
क्षमा गुणो ह्यशक्तानां शक्तानां भूषणं क्षमा ॥ ४९ ॥

ક્ષમાવાન મનુષ્યમાં એક જ દોષ સંભવે છે, બીજો દોષ તેનામાં ઘટતો નથી. કેમકે ક્ષમાવાન મનુષ્યને લોકો અશક્ત માને છે. પણ ક્ષમાશીલની ક્ષમાને દોષ ન માનવો જોઈએ; કારણ કે ક્ષમા એ જ મહાન બળ છે. અશક્તોને માટે ક્ષમા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

२१८५१
११-६-२००३
११ ग/२१
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ગુણરૂપ છે, તો સમર્થોને માટે ક્ષમા એ ભૂષણરૂપ છે. ૪૮,૪૯

क्षमा वशीकृतिर्लोके क्षमया किं न साध्यते।
शांतिखड्गः करे यस्य किं करिष्यति दुर्जनः ॥ ५० ॥
अतृणे पतितो वह्निः स्वयमेवोपशाम्यति।
अक्षमावान्परं दोषैरात्मानं चैव योजयेत् ॥ ५१ ॥

ક્ષમા એ જગતમાં વશીકરણ છે. ક્ષમા વડે શું સાધ્ય થતું નથી? અરે! જેના હાથમાં શાંતિરૂપી ખડ્ગ છે, તેને દુર્જન શું કરી શકશે? કેમકે, ઘાસ વિનાની જગામાં પડેલો અગ્નિ તો આપમેળે જ ઓલવાઇ જાય છે. ક્ષમારહિત મનુષ્ય પોતાને તેમજ બીજાને અનેક દોષોથી યુક્ત કરે છે. ૫૦,૫૧

एको धर्मः परं श्रेयः क्षमैका शांतिरुत्तमा।
विद्यैका परमा तृप्तिरहिंसैका सुखावहा ॥ ५२ ॥

બે પદાર્થોનું વિવેચન

એક ધર્મ જ પરમકલ્યાણરૂપ છે; એક ક્ષમા જ ઉત્તમ શાંતિરૂપ છે, એક જ વિદ્યા પરમતૃપ્તિરૂપ છે અને એક અહિંસા જ સુખને આપનારી છે. ૫૨

द्वाविमौ ग्रसते भूमिः सर्पो बिलशयानिव।
राजानं चाविरोद्धारं ब्राह्मणं चाप्रवासिनम् ॥ ५३ ॥
द्वे कर्मणी नरः कुर्वन्नस्मिल्लोके विरोचते।
अब्रुवन्परुषं किंचिदसतोऽनर्चयंस्तथा ॥ ५४ ॥

સર્પ જેમ દરમાં પડી રહેનારાં પ્રાણીઓને ગળી જાય છે, તેમ પૃથ્વી, શત્રુની સાથે વિરોધ ન કરનારો રાજા અને પ્રવાસ ન કરનારો બ્રાહ્મણ એ બેને ગળી જાય છે. કઠોર વાણી ન બોલવી અને દુષ્ટની પૂજા ન કરવી; એ બે કર્મ કરનારો મનુષ્ય આ લોકમાં વિશેષ શોભે છે. ૫૩,૫૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
पुस्तकालय गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

द्वाविमौ पुरुषव्याघ्र परप्रत्ययकारिणौ ।
स्त्रियः कामितकामिन्यो लोकः पूजितपूजकः ॥ ५५ ॥
द्वाविमौ कंटकौ तीक्ष्णौ शरीरपरिशोषिणौ ।
यश्चाधनः कामयते यश्च कुप्यत्यनीश्वरः ॥ ५६ ॥

હે પુરુષવ્યાઘ્ર ! એકે પૂજેલાને પૂજનારો લોક (જેમ પુત્રે પૂજેલા કર્ણને પૂજનારા તમે છો તેમ) અને એક સ્ત્રીએ કામના કરેલા પુરુષની કામના કરનારી સ્ત્રીઓ, એ બંને પારકાના વિશ્વાસે કામ કરે છે. જે નિર્ધન છતાં અનેક પદાર્થોની કામના કરે છે અને અસમર્થ છતાં જે ક્રોધ કરે છે, એ બંને વાત શરીરને શોષી નાખનારા તીક્ષ્ણ કાંટારૂપે છે. ૫૫,૫૬

द्वावेव न विराजेते विपरीतेन कर्मणा ।
गृहस्थश्च निरारंभः कार्यवांश्चैव भिक्षुकः ॥ ५७ ॥
द्वाविमौ पुरुषौ राजन्स्वर्गस्योपरि तिष्ठतः ।
प्रभुश्च क्षमया युक्तो दरिद्रश्च प्रदानवान् ॥ ५८ ॥

ગૃહસ્થ હોઇને નિરુદ્યોગી રહેનાર અને ભિક્ષુક (સંન્યાસી) થઇને કાર્ય કરનાર, એ બંને વિપરીત કર્મ કરવાથી શોભતા નથી. હે રાજન્ ! સમર્થ હોવા છતાં જે ક્ષમાવાન છે અને દરિદ્રી હોવા છતાં જે દાતા છે, એ બંને પુરુષો સ્વર્ગની ઉપર રહે છે. ૫૭,૫૮

न्यायागतस्य द्रव्यस्य बोद्धव्यौ द्वावतिक्रमौ ।
अपात्रे प्रतिपत्तिश्च पात्रे चाप्रतिपादनम् ॥ ५९ ॥
द्वावंभसि निवेष्टव्यौ गले बध्वा दृढां शिलाम् ।
धनवंतमदातारं दरिद्रं चातपस्विनम् ॥ ६० ॥
द्वाविमौ पुरुषव्याघ्र सूर्यमंडलभेदिनौ ।
परिव्राड्योगयुक्तश्च रणे चाभिमुखो हतः ॥ ६१ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન્યાય વડે આવેલું દ્રવ્ય અપાત્રને આપવું અને પાત્રને ન આપવું, એ બે તેના દુરૂપયોગ જાણવા. ધનવાન હોવા છતાં જે દાતા નથી અને દરિદ્રી હોવા છતાં જે તપસ્વી નથી, એ બંનેને ગળે મજબૂત શિલા બાંધીને પાણીમાં ડુબાડી દેવા. હે નરવ્યાઘ્ર! યોગયુક્ત સંન્યાસી અને યુદ્ધમાં સામે મોઢે મૃત્યુને ભેટનારો વીર એ બંને સૂર્યમંડળ ભેદીને ઉપર જાય છે. ૫૯—૬૧

ત્રણ પદાર્થોનું વિવેચન

त्रयोपाया मनुष्याणां श्रूयंते भरतर्षभ ।
कनीयान्मध्यमः श्रेष्ठ इति वेदविदो विदुः ॥ ६२ ॥
त्रिविधाः पुरुषा राजन्नुत्तमाधममध्यमाः ।
नियोजयेद्यथावत्तांस्त्रिविधेष्वेव कर्मसु ॥ ६३ ॥

હે ભરતશ્રેષ્ઠ! મનુષ્યોને વશ કરવાના ઉત્તમ (સામ), મધ્યમ (દાન તથા ભેદ) અને કનિષ્ઠ (યુદ્ધ) એ ત્રણે ઉપાયો સંભળાય છે, એમ વેદવેત્તાઓ જાણે છે. હે રાજા! ઉત્તમ, મધ્યમ અને અધમ એવા ત્રણ પ્રકારના પુરુષો હોય છે; એટલે તેઓની યોગ્યતા પ્રમાણે પૂર્વોક્ત ત્રણ કર્મમાં યોજના કરવી જોઈએ. (ત્યારે તમે તો કર્ણ જેવાને મંત્રી કરી બેઠા છો!) ૬૩

त्रय एवाधना राजन्भार्या दासस्तथा सुतः ।
यत्ते समधिगच्छन्ति यस्य ते तस्य तद्धनम् ६४ ॥
हरणं च परस्वानां परदाराभिमर्शनम् ।
सुहृदश्च परित्यागस्त्रयो दोषाः क्षयावहाः ॥ ६५ ॥

હે રાજન્! સ્ત્રી, દાસ અને પુત્ર, એ ત્રણ ધનનાં અધિકારી નથી. કારણ કે તેઓ જે ધન મેળવે છે, તે ધન તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ જેનાં હોય તેનું છે.× પરદ્રવ્યનું હરણ, પરસ્રીની છેડ અને હિતૈષીનો પરિત્યાગ કરવો, એ ત્રણ દોષો નાશકારક છે. ૬૪,૬૫

त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।
कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ॥ ६६ ॥
वरप्रदानं राज्यं च पुत्रजन्म च भारत ।
शत्रोश्च मोक्षणं कृच्छ्रात्त्रीणि चैकं च तत्समम् ॥ ६७ ॥

કામ, ક્રોધ અને લોભ–એ ત્રણ નરકનાં દ્વાર છે અને પોતાનો વિનાશ લાવનારાં છે; માટે એ ત્રણેનો ત્યાગ કરવો. હે ભારત! વરપ્રદાન, રાજ્ય અને પુત્રજન્મ, આ ત્રણ એક તરફ અને બીજી તરફ શત્રુને કષ્ટમાંથી મુક્ત કરવો એ બંને સમાન છે. ૬૬,૬૭

भक्तं च भजमानं च तवास्मीति च वादिनम् ।
त्रीनेतांश्छरणं प्राप्तान्विषमेऽपि न सं त्यजेत ॥ ६८ ॥

જે પોતાનો ભક્ત છે, જે પોતાનો સેવક છે અને જે 'હું તમારો છું' એ પ્રમાણે બોલે છે, એ ત્રણ જો શરણે આવ્યા હોય, તો પોતાની વિષમ સ્થિતિમાં પણ તેમનો ત્યાગ કરવો નહિ.

ચાર પદાર્થોનું વિવેચન

चत्वारि राज्ञा तु महाबलेन
वर्ज्यान्याहुः पंडितस्तानि विद्यात् ।
अल्पप्रज्ञैः सह मंत्रं न कुर्या-
न्न दीर्घसूत्रै रभसैश्चारणैश्च ॥ ६९ ॥

× દાખલા તરીકે:—તમારો પુત્ર તમારી હયાતીમા પરતંત્ર ગણાય. એટલે તમે સ્વતંત્રરીતે યુદ્ધિષ્ઠિરને રાજ આપી શકો. દુર્યોધનનું તેમાં કંઇ ચાલે નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

चत्वारि ते तात गृहे वसंतु श्रियाभिजुष्टस्य गृहस्थधर्मे ।
वृद्धो ज्ञातिरवसन्नः कुलीनः सखा दरिद्रो भगिनी चानपत्या ॥

પંડિતો કહે છે કે, મહાબળવાન રાજાએ આ ચારનો ત્યાગ કરવો જોઇએ. (૧) અલ્પ બુદ્ધિવાળાની સાથે, (૨) દીર્ઘસૂત્રીની સાથે, (૩) હર્ષાવેગમાં આવેલાની સાથે અને (૪) ભાટાઈ કરનારાઓની સાથે ગુપ્ત વિચાર કરવો નહિ. હે તાત! તમારા જેવા ઐશ્વર્યસંપન્ન ગૃહસ્થાશ્રમીને ઘરમાં વૃદ્ધ સંબંધી, વિપત્તિમાં આવેલો કુલીન, દરિદ્રી મિત્ર અને સંતાનરહિત બહેન એ ચાર* રહેવાં જોઇએ. ૬૯,૭૦

चत्वार्याह महाराज साद्यस्कानि बृहस्पतिः ।
पृच्छते त्रिदशेंद्राय तानीमानि निबोध मे ॥ ७१ ॥
देवतानां च संकल्पमनुभावं च धीमताम् ।
विनयं कृतविद्यानां विनाशं पापकर्मणाम् ॥ ७२ ॥
चत्वारि कर्माण्यभयंकराणि भयं प्रयच्छंत्ययथाकृतानि ।
मानाग्निहोत्रमुत मानमौनं मानेनाधीतमुत मानयज्ञः ॥७३॥

હે મહારાજ! દેવરાજ ઇંદ્રના પૂછવાથી બૃહસ્પતિએ તત્કાળ ફળ આપનારી ચાર વસ્તુઓ કહી બતાવી છે. (૧) દેવતાનો સંકલ્પ,(૨) બુદ્ધિમાનોનો પ્રભાવ,(૩) વિદ્વાનોનો વિનય અને પાપીઓનો નાશ, (૪) એ ચાર તમે જાણો. અગ્નિહોત્ર, મૌન, વેદાધ્યયન અને યજ્ઞ—આ ચાર કર્મો અભય આપનારાં છે; પરંતુ તે જ કર્મો જો દંભથી કર્યાં હોય તો ભય આપનારાં છે. ૭૧,૭૩

---

* કારણ કે, વૃદ્ધ કુળધર્મનો ઉપદેશ આપે છે, કુલીન બાળકોને આચાર શીખવે છે, મિત્ર હિતની વાત કહે છે અને બહેન ધનનું રક્ષણ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંચ પદાર્થોનું વિવેચન

पंचाग्नयो मनुष्येण परिचर्याः प्रयत्नतः ।
पिता माताग्निरात्मा च गुरुश्च भरतर्षभ ॥ ७४ ॥

હે ભરતશ્રેષ્ઠ! પિતા, માતા, અગ્નિ, આત્મા અને ગુરુ–એ પાંચ અગ્નિની પેઠે ઉપાસના કરવા યોગ્ય છે. માટે મનુષ્યે તેમની પ્રયત્નપૂર્વક સેવા કરવી. ૭૪

पंचैव पूजयंल्लोके यशः प्राप्नोति केवलम् ।
देवान्पितॄन्मनुष्यांश्च भिक्षूनतिथिपंचमान् ॥ ७५ ॥
पंच त्वानुगमिष्यंति यत्र यत्र गमिष्यसि ।
मित्राण्यमित्रा मध्यस्था उपजीव्योपजीविनः ॥ ७६ ॥
पंचेंद्रियस्य मर्त्यस्य छिद्रं चेदेकमिंद्रियम् ।
ततोऽस्य स्रवति प्रज्ञा दृतेः पात्रादिवोदकम ॥ ७७ ॥

દેવ, પિતૃ, મનુષ્ય, ભિક્ષુક અને અતિથિ–આ પાંચનું પૂજન કરવાથી મનુષ્યને લોકમાં નિર્મળ યશ મળે છે. મિત્રો, શત્રુઓ, મધ્યસ્થો, ગુરુઓ અને સેવકો, આ પાંચ તમે જ્યાં જ્યાં જશો, ત્યાં ત્યાં તમારી પાછળ આવશે. પાંચ ઇન્દ્રિયવાળા મનુષ્યની જો એક ઇંદ્રિય પણ છિદ્રવાળી (વિષયપરાયણ) હોય, તો કાણી પખાલમાંથી ટપકી જતા પાણીની જેમ, તેની બુદ્ધિ પણ એ છિદ્ર દ્વારા બહાર ટપકી જાય છે. ૭૫–૭૭

છ પદાર્થોનું વિવેચન

षड् दोषाः पुरुषेणेह हातव्या भूतिमिच्छता ।
निद्रा तंद्री भयं क्रोध आलस्यं दीर्घसूत्रता ॥ ७८ ॥

જગતમાં ઐશ્વર્ય મેળવવાની ઇચ્છાવાળા પુરુષે નિદ્રા, તંદ્રા, ભય, ક્રોધ, આળસ અને દીર્ઘસૂત્રીપણું–આ છ દોષોનો ત્યાગ કરવો જોઈએ. ૭૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

षड्दिमान्पुरुषो जह्याद्भिन्नां नावमिवार्णवे ।
अप्रवक्तारमाचार्यमनधीयानमृत्विजम् ॥ ७९ ॥
अरक्षितारं राजानं भार्यां चाप्रियवादिनीम् ।
ग्रामकामं च गोपालं वनकामं च नापितम् ॥ ८० ॥

ભાંગેલી નૌકાને જેમ સાગરમાં પડતી મૂકવામાં આવે છે, તેમ ઉપદેશ ન આપનાર આચાર્ય, અધ્યયનરહિત ઋત્વિજ, રક્ષણ ન કરનાર રાજા, અપ્રિય બોલનારી સ્ત્રી, ગામમાં જ રહેવા ઇચ્છતો ગોવાળ અને વનમાં રહેવાની ઇચ્છાવાળો વાળંદ આ છને પણ છોડી દેવાં. ૭૯,૮૦

षडेव तु गुणाः पुंसा न हातव्याः कदाचन ।
सत्यं दानमनालस्यमनसूया क्षमा धृतिः ॥ ८१ ॥
अर्थागमो नित्यमरोगिता च प्रिया च भार्या प्रियवादिनी च ।
वश्यश्च पुत्रोऽर्थकरी च विद्या षड् जीवलोकस्य सुखानि राजन् ॥
षण्णामात्मनि नित्यानामैश्वर्यं योऽधिगच्छति ।
न स पापैः कुतोऽनर्थैर्युज्यते विजितेंद्रियः ॥ ८३ ॥

સત્ય, દાન, ઉદ્યોગીપણું, ઇર્ષ્યારહિતતા, ક્ષમા અને ધૈર્ય આ છ ગુણોને પુરુષે કદાપિ છોડવા નહિ. હે રાજન્ ! (૧) નિત્ય ધનની પ્રાપ્તિ તથા (૨) આરોગ્ય, (૩) પોતાને પ્રિય અને (૪) પ્રિયવાદિની પત્ની, (૫) આજ્ઞાધારી પુત્ર અને (૬) દ્રવ્ય આપનારી વિદ્યા–આ છ જીવલોકમાં સુખ આપનારાં છે. જે મનુષ્ય પોતાને વિષે નિત્ય રહેનારા કામ, ક્રોધ, શોક, મોહ, મદ તથા માન એ છના ઉપર પોતાની સત્તા બેસાડે છે, તે જિતેંદ્રિય છે, તે પાપથી ખરડાતો નથી, તો પછી તેને અનર્થનો સંબંધ તો થાય જ ક્યાંથી ? ૮૧–૮૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

षडिमे षट्सु जीवंति सप्तमो नोपलभ्यते ।
चौराः प्रमत्ते जीवंति व्याधितेषु चिकित्सकाः ॥ ८४ ॥
प्रमदाः कामयानेषु यजमानेषु याजकाः ।
राजा विवदमानेषु नित्यं मूर्खेषु पंडिताः ॥ ८५ ॥

ચોર લોકો હંમેશાં ગાફેલ મનુષ્ય પર જીવિકા ચલાવે છે, વૈદ્યો રોગીઓ પર જીવિકા ચલાવે છે, પ્રમદાઓ કામી પુરુષો પર જીવિકા ચલાવે છે, ગોર યજમાનો પર જીવિકા ચલાવે છે, રાજા કજિયા કરનારાઓ પર જીવિકા ચલાવે છે અને પંડિતો મૂર્ખો પર જીવિકા ચલાવે છે. આમ આ છની પેલા છને આધારે આજીવિકા છે. સાતમો કોઇ નથી. ૮૪,૮૫

षडिमानि विनश्यंति मुहूर्तमनवेक्षणात् ।
गावः सेवा कृषिर्भार्या विद्या वृषलसंगतिः ॥ ८६ ॥
षडेते ह्यवमन्यंते नित्यं पूर्वोपकारिणम् ।
आचार्यं शिक्षिताः शिष्याः कृतदाराश्च मातरम् ॥ ८७ ॥
नारीं विगतकामास्तु कृतार्थाश्च प्रयोजकम् ।
नावं निस्तीर्णकांतारा आतुराश्च चिकित्सकम् ॥ ८८ ॥

ગાયો, ચાકરી, ખેતી, સ્ત્રી, વિદ્યા અને શૂદ્રની સંગતિ–આ છ તરફ જરા પણ બેદરકારી રખાય, તો તે વિનાશ પામે છે. નીચેના છ જણાઓ પૂર્વે તે તે ઉપકાર કરનારાને અવશ્ય વીસરી જાય છે. (૧) ભણી રહેલા શિષ્યો આચાર્યને, (૨) પરણેલા પુત્રો માતાને, (૩) કામ રહિત થયેલો પુરુષ સ્ત્રીને, (૪) કૃતાર્થ થયેલો પુરુષ કાર્યપ્રયોજકને, (૫) દુસ્તર જળને તરી ગયેલાઓ નૌકાને અને (૬) રોગથી સાજા થયેલાઓ વૈદ્યને ભૂલી જાય છે.

आरोग्यमानृण्यमविप्रवासः सद्भिर्मनुष्यैः सह संप्रयोगः
स्वप्रत्यया वृत्तिरभीतवासः षड् जीवलोकस्य सुखानि राजन् ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ईर्ष्यी घृणी न संतुष्टः क्रोधनो नित्यशंकितः ।
परभाग्योपजीवी च षडेते नित्यदुःखिताः ॥ ९० ॥

હે રાજન્! આરોગ્ય, કરજ વિનાની સ્થિતિ, રઝળપાટ ન હોતાં સ્વસ્થાનમાં નિવાસ, સારા મનુષ્યોની સંગતિ, પોતાને અનુકૂળ જીવિકા તથા નિર્ભય વાસ–આ છ જીવલોકનાં સુખ છે: ઈર્ષ્યાખોર, દયાળુ, અસંતોષી, ક્રોધી, નિત્ય શંકાશીલ અને પારકાના ભાગ્ય પર જીવનારો–આ છ નિત્ય દુઃખી છે. ૮૯,૯૦

સાત પદાર્થોનું વિવેચન

सप्त दोषाः सदा राज्ञा हातव्या व्यसनोदयाः ।
प्रायशो यैर्विनश्यंति कृतमूला अपीश्वराः ॥ ९१ ॥
स्त्रियोऽक्षा मृगया पानं वाक्पारुष्यं च पंचमम् ।
महच्च दंडपारुष्यमर्थदूषणमेव च ॥ ९२ ॥

સ્ત્રીસંગ, દ્યૂત, મૃગયા, મદ્યપાન, કઠોર વાણી, કઠોર શિક્ષા અને પૈસાની ખુવારી–આ દુઃખ લાવનારા સાત દોષોને રાજાએ સર્વદા ત્યજવા; કારણ કે બરાબર સ્થિર થયેલા રાજાઓ પણ બહુધા એ દોષો વડે વિનાશ પામે છે. ૯૧,૯૨

આઠ પદાર્થોનું વિવેચન

अष्टौ पूर्वनिमित्तानि नरस्य विनशिष्यतः ।
ब्राह्मणान्प्रथमं द्वेष्टि ब्राह्मणैश्च विरुध्यते ॥ ९३ ॥
ब्राह्मणस्वानि चादत्ते ब्राह्मणांश्च जिघांसति ।
रमते निंदया चैषां प्रशंसां नाभिनंदति ॥ ९४ ॥
नैनां स्मरति कृत्येषु याचितश्चाभ्यसूयति ।
एतान्दोषान्नरः प्राज्ञो बुध्येद्बुद्ध्वा विसर्जयेत् ॥ ९५ ॥

જે મનુષ્યનો વિનાશ આવી લાગ્યો હોય છે, તેનાં આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આઠ પૂર્વચિહ્નો હોય છે. તે પ્રથમ બ્રાહ્મણોનો દ્વેષ કરે છે, બ્રાહ્મણોની સાથે વિરોધ કરે છે, બ્રાહ્મણોનું ધન હરણ કરે છે, બ્રાહ્મણોને મારવાની ઇચ્છા કરે છે, બ્રાહ્મણોની નિંદાથી ખુશી થાય છે, બ્રાહ્મણોની પ્રશંસાને અભિનંદન આપતો નથી, બ્રાહ્મણોને કાર્યોમાં સંભારતો નથી અને બ્રાહ્મણો યાચના કરે ત્યારે તેમના દોષ કાઢે છે. ડાહ્યા મનુષ્યે આ દોષોને જાણી લેવા અને એનો ત્યાગ કરવો. ૯૩–૯૫

अष्टाविमानि हर्षस्य नवनीतानि भारत।
वर्तमानानि दृश्यंते तान्येव स्वसुखान्यपि ॥ ९६ ॥
समागमश्च सखिभिर्महांश्चैव धनागमः।
पुत्रेण च परिष्वंगः संनिपातश्च मैथुने ॥ ९७ ॥
समये च प्रियालापः स्वयूथ्येषु समुन्नतिः।
अभिप्रेतस्य लाभश्च पूजा च जनसंसदि ॥ ९८ ॥

હે ભારત! મિત્રોનો સમાગમ, મહાન ધનપ્રાપ્તિ, પુત્રનું આલિંગન, મૈથુનમાં સ્ત્રીપુરુષનો સાથે જ વીર્યસ્રાવ, સમયસર પ્રિયભાષણ, પોતાની જ્ઞાતિમાં પોતાનો અભ્યુદય, ઇચ્છિત વસ્તુનો લાભ અને જનસમુદાયમાં સન્માન–આ આઠ વાત લોકમાં વર્તમાન જોવામાં આવે છે. તે દૂધના સારરૂપ માખણ-ની પેઠે હર્ષના સારરૂપ છે અને પોતાનાં સુખને માટે કારણભૂત છે. ૯૬–૯૮

अष्टौ गुणा पुरुषं दीपयंति प्रज्ञा च कौल्यं च दमः श्रुतं च।
पराक्रमश्चाबहुभाषिता च दानं यथाशक्ति कृतज्ञता च ॥९९॥

બુદ્ધિ, કુલીનતા, ઇન્દ્રિયનિગ્રહ, શાસ્ત્રનું જ્ઞાન, પરાક્રમ, પરિમિત ભાષણ, યથાશક્તિ દાન અને કૃતજ્ઞતા–આ આઠ ગુણો પુરુષને દિપાવે છે. ૯૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવ પદાર્થોનું વિવેચન

नवद्वारमिदं वेश्म त्रिस्थूणं पंचसाक्षिकम् ।
क्षेत्रज्ञाधिष्ठितं विद्वान्यो वेद स परः कविः ॥ १०० ॥

આ શરીરરૂપી ઘરને નવ દ્વાર× છે; અવિદ્યા, કામ અને કર્મ એ ત્રણ થાંભલા છે; શબ્દાદિ પાંચ વિષયો એના સાક્ષી છે અને જીવ એમાં ઘરના ધણી તરીકે નિવાસ કરે છે. જે વિદ્વાન આ ઘરને યથાર્થ રીતે જાણે છે, તે સર્વોત્તમ બ્રહ્મવેત્તા છે. ૧૦૦

દશ પદાર્થોનું વિવેચન

दश धर्मं न जानंति धृतराष्ट्र निबोध तान् ।
मत्तः प्रमत्त उन्मत्तः श्रांतः क्रुद्धो बुभुक्षितः ॥ १०१ ॥
त्वरमाणश्च लुब्धश्च भीतः कामी च ते दश ।
तस्मादेतेषु सर्वेषु न प्रसज्जेत पंडितः ॥ १०२ ॥

હે ધૃતરાષ્ટ્ર! સાંભળો, દશ જણા ધર્મને જાણતા નથી. મદ્ય વગેરેથી ગાંડા થયેલો, બીજા વિષયમાં આસક્ત થવાથી અસાવધ થયેલો, ધાતુદોષથી વિકળ થયેલો, થાકી ગયેલો, ક્રોધે ભરાયેલો, ભૂખ્યો થયેલો, ઉતાવળો, લોભિયો, બીકણ અને કામી. તેથી, પંડિતે એમાંના કોઇની પણ સંગતિ કરવી નહિ. ૧૦૧,૧૦૨

સુધન્વાએ પુત્રોને આપેલો ઉપદેશ

अत्रैवोदाहरंतीममितिहासं पुरातनम् ।
पुत्रार्थमसुरेंद्रेण गीतं चैव सुधन्वना ॥ १०३ ॥
यः काममन्यू प्रजहाति राजा पात्रे प्रतिष्ठापयते धनं च ।
विशेषविच्छुतवान् क्षिप्रकारी तं सर्वलोकः कुरुते प्रमाणम् ॥

× બે નેત્ર, બે નાસિકાપુટ, બે કાન, એક મુખ, એક મૂત્રદ્વાર અને એક મળદ્વાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વિષયમાં અસુરરાજ સુધન્વાએ પોતાના પુત્રને જે પ્રાચીન ઇતિહાસ કહ્યો છે, તે આ પ્રમાણે છે. જે રાજા કામ તથા ક્રોધનો ત્યાગ કરે છે, સુપાત્રને ધન આપે છે, તારતમ્ય જાણે છે, શાસ્ત્ર જાણે છે અને ઝટ વિચારેલું કામ કરે છે, તેને સર્વ લોક પ્રમાણરૂપ માને છે. ૧૦૩,૧૦૪

जानाति विश्वासयितुं मनुष्यान्विज्ञातदोषेषु दधाति दंडम् ।
जानाति मात्रां च तथा क्षमां च तं तादृशं श्रीर्जुषते समग्रा ॥
सुदुर्बलं नावजानाति कंचिद्युक्तो रिपुं सेवते बुद्धिपूर्वम् ।
न विग्रहं रोचयते बलस्थैः काले च यो विक्रमते स धीरः ॥

જે રાજા મનુષ્યોને વિશ્વાસમાં લેવાનું જાણે છે, જે જેમના અપરાધ જાણવામાં આવ્યા હોય તેમને દંડ કરે છે અને જે અપરાધ અનુસાર શિક્ષા તથા ક્ષમા કરવાનું જાણે છે, તે રાજાને સમગ્ર લક્ષ્મી સેવે છે. જે રાજા કોઈ અતિ દુર્બળનું પણ અપમાન કરતો નથી, જે શત્રુનાં છિદ્ર જાણવા માટે બુદ્ધિપૂર્વક તથા સાવધાનીથી વર્તે છે, જે બળવાનોની સાથે યુદ્ધ કરવાને ઇચ્છતો નથી અને જે સમય આવતાં પરાક્રમ કરે છે, તેને ધીર સમજવો. ૧૦૫,૧૦૬

प्राप्यापदं न व्यथते कदाचिदुद्योगमन्विच्छति चाप्रमत्तः ।
दुःखं च काले सहते महात्मा धुरंधरस्तस्य जिताः सपत्नाः ॥

જે રાજા આપત્તિ આવતાં કદી ગભરાતો નથી, જે સાવધાન રહીને નિત્ય ઉદ્યોગ ઇચ્છે છે અને જે સમયે આવી પડેલાં દુઃખને સહન કરે છે, તે ધુરંધર મહાત્મા છે અને તેના શત્રુઓ જિતાયેલા જ છે. ૧૦૭

अनर्थकं विप्रवासं गृहेभ्यः पापैः संधिं परदाराभिमर्शम् ।
दंभं स्तैन्यं पैशुनं मद्यपानं न सेवते यश्च सुखी सदैव ॥१०८

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

न संरंभेणारभते त्रिवर्गमाकारितः शंसति तत्त्वमेव ।
न मित्रार्थे रोचयते विवादं नापूजितः कुप्यति चाप्यमूढः ॥

જે ઘર છોડીને ફોગટ પ્રવાસ કરતો નથી, જે પાપીઓ સાથે મિત્રતા કરતો નથી, જે પરસ્ત્રીનું સેવન કરતો નથી અને જે દંભ, ચોરી, ચાડિયાપણું તથા મદ્યપાન કરતો નથી, તે સદૈવ સુખી રહે છે. જે ક્રોધ કરીને મનુષ્ય ધર્મ, અર્થ તથા કામનો આરંભ કરતો નથી, જે કોઈના પૂછવાથી સાચું જ કહે છે, જે મિત્રને માટે નાહક ઝગડોવિવાદ કરવા ઇચ્છતો નથી અને જે પોતાનો સત્કાર ન થાય તોપણ ગુસ્સે થતો નથી તે જ વિદ્વાન છે. ૧૦૮,૧૦૯

न योऽभ्यसूयत्यनुकंपते च न दुर्बलः प्रातिभाव्यं करोति ।
नात्याह किंचित्क्षमते विवादं सर्वत्र तादृग्लभते प्रशंसाम् ॥
यो नोद्धतं कुरुते जातु वेषं न पौरुषेणापि विकत्थतेऽन्यान् ।
न मूर्च्छितः कटुकान्याह किंचित्प्रियं सदा तं कुरुते जनो हि ॥

જે ઇર્ષ્યા કરતો નથી, જે દયા રાખે છે, જે દુર્બળ ન હોવા છતાં બીજાની સાથે વિરોધ કરતો નથી, જે મર્યાદા છોડીને કદી બોલતો નથી અને જે કોઈ ઊલટું બોલે તો તેને પણ સહન કરે છે, તે પુરુષ પ્રશંસા પામે છે. જે કદી આછકલો વેષ ધારણ કરતો નથી, જે પોતાનાં પરાક્રમને આગળ કરીને બીજાની નિંદા કરતો નથી અને જે પોતે ખિજાયો હોય છતાં બીજાને જરા પણ કડવાં વચન કહેતો નથી, તે પુરુષ લોકોને સદૈવ પ્રિય છે. ૧૧૦,૧૧૧

न वैरमुद्दीपयति प्रशांतं न दर्पमारोहति नास्तमेति ।
न दुर्गतोऽस्मीति करोत्यकार्यं तमार्यशीलं परमाहुरार्याः ११२

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

न स्वे सुखे वै कुरुते प्रहर्षं नान्यस्य दुःखे भवति प्रहृष्टः ।
दत्त्वा न पश्चात्कुरुते न तापं स कथ्यते सत्पुरुषार्यशीलः ११३

જે મનુષ્ય શાંત થયેલા વૈરને ફરી જગાડતો નથી, જે (ચઢતી થતાં) ગર્વ કરતો નથી, જે (પડતી થવાથી) ઓલવાઈ જતો નથી અને જે 'હું દુર્બળ સ્થિતિમાં છું' એમ માનીને અયોગ્ય કામ કરતો નથી, તેને આર્યપુરુષો ઉત્તમ શીલવાન કહે છે. જે મનુષ્ય પોતાના સુખમાં હર્ષઘેલો થતો નથી, જે બીજાના દુઃખમાં રાજી થતો નથી અને જે કોઇને કાંઈ આપ્યા પછી પશ્ચાત્તાપ કરતો નથી, તે લોકોમાં આર્યશીલ સત્પુરુષ કહેવાય છે. ૧૧૨,૧૧૩

देशाचारान्समयाञ्ज्ञातिधर्मान्बुभूषते यः स परावरज्ञः ।
स यत्र तत्राभिगतः सदैव महाजनस्याधिपत्यं करोति ॥११४
दंभं मोहं मत्सरं पापकृत्यं राजद्विष्टं पैशुनं पूगवैरम् ।
मत्तोन्मत्तैर्दुर्जनैश्चापि वादं यः प्रज्ञावान् वर्जयेत्स प्रधानः ॥११५

જે પુરુષ જુદા જુદા દેશના આચાર, જુદી જુદી ભાષાના ભેદો, જાતિના ધર્મો અને ઉત્તમ-અધમના વિવેકને જાણે છે, તે ઐશ્વર્ય મેળવવાની ઇચ્છાથી જ્યાં જ્યાં જાય છે, ત્યાં ત્યાં સર્વદા સમાજનો નેતા થાય છે. દંભ, મોહ, મત્સર, પાપકૃત્ય, રાજાને અપ્રિય હોય તે, ચાડી, સમુદાય સાથે વૈર, મત્ત, ઉન્મત્ત તથા દુર્જન સાથે વાદ, એટલાંનો જે ત્યાગ કરે છે, તે શ્રેષ્ઠ બુદ્ધિમાન ગણાય છે. ૧૧૪,૧૧૫

दानं मोहं दैवतं मंगलानि प्रायश्चित्तान्विविधाँल्लोकवादान् ।
एतानि यः कुरुते नैत्यकानि तस्योत्थानं देवता राधयंति ११६
समैर्विवाहं कुरुते न हीनैः समैः सख्यं व्यवहारं कथां च ।
गुणैर्विशिष्टांश्च पुरो दधाति विपश्चितस्तस्य नयाः सुनीताः ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मितं भुंक्ते संविभज्याश्रितेभ्यो मितं स्वपित्यमितं कर्म कृत्वा ।
ददात्यमित्रेष्वपि याचितः संस्तमात्मवंतं प्रजहत्यनर्थाः ॥११८

દાન, હોમ, દેવકૃત્ય, મંગલ કર્મો, પ્રાયશ્ચિત્તો અને વિવિધ લૌકિક ભાષણો—એટલું જે નિત્ય કરે છે, તેનો દેવતાઓ અભ્યુદય કરે છે. જે મનુષ્ય વિવાહ, મિત્રતા, વ્યવહાર અને વાતચીત પોતાના સમાનની સાથે કરે છે, પણ હલકાની સાથે કરતો નથી અને જે પોતાના કરતાં અધિક ગુણવાળાનો સત્કાર કરે છે, તે વિદ્વાનની નીતિ ઉત્તમ પ્રકારે સિદ્ધિ પામે છે. જે મનુષ્ય આશ્રિતજનોને વહેંચી આપ્યા પછી પોતે માપસર ભોજન કરે છે, જે અમાપ કામ કરીને માપની ઊંઘ લે છે અને જે શત્રુઓ યાચના કરે તો તેમને પણ આપે છે, તે વશ ચિત્તવાળા મનુષ્યને અનર્થો ત્યજી જાય છે. ૧૧૬-૧૧૮

चिकीर्षितं विप्रकृतं च यस्य नान्ये जनाः कर्मजानंतिकिंचित् ।
मंत्रे गुप्ते सम्यगनुष्ठिते च नाल्पोऽप्यस्य च्यवते कश्चिदर्थः ॥११९
यः सर्वभूतप्रशमे निविष्टः सत्यो मृदुर्मानकृच्छुद्धभावः ।
अतीव स ज्ञायते ज्ञातिमध्ये महामणिर्जात्य इव प्रसन्नः ॥१२०॥

જે મનુષ્યના કરવા ધારેલા કામને તથા આરંભેલા કામને બીજા લોકો જરા પણ જાણતા નથી અને જે મંત્રણાને ગુપ્ત રાખીને સારી રીતે કાર્યને પાર પાડે છે, તેનું કામ જરા સરખું પણ બગડતું નથી. જે સર્વ પ્રાણીને શાંતિ મળે એ હેતુથી યત્ન કરે છે, જે સાચો છે, જે કોમળ છે, જે માન આપનારો છે અને જે શુદ્ધ ભાવવાળો છે, તે પોતાની જ્ઞાતિમાં, ઉત્તમ ખાણમાં ઉત્પન્ન થયેલા તેજસ્વી મહામણિની જેમ અત્યંત પ્રસિદ્ધ થાય છે. ૧૧૯,૧૨૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

य आत्मनापत्रपते भृशं नरः स सर्वलोकस्य गुरुर्भवत्युत ।
अनंततेजाः सुमनाः समाहितः स तैजसा सूर्य इवावभासते ॥१२१

જે પોતાનું દુષ્કર્મ બીજાએ જાણ્યું હોય નહિ, છતાં પોતે પોતાની મેળે જ અત્યંત લજવાય છે, તે નિર્મળ મનવાળો સાવધાન પુરુષ સર્વ લોકનો ગુરુ થાય છે અને પોતાના તેજ વડે અનંત તેજસ્વી સૂર્યની જેમ પ્રકાશે છે. ૧૨૧

वने जाताः शापदग्धस्य राज्ञः पांडोः पुत्राः पंच पंचेंद्रकल्पाः ॥
त्वयैव बाला वर्धिताः शिक्षिताश्च तवादेशं पालयंत्यांबिकेय ॥१२२
प्रदायैषामुचितं तात राज्यं सुखी पुत्रैः सहितो मोदमानः ।
न देवानां नापि च मानुषाणां भविष्यसि त्वं तर्कणीयो नरेंद्र ॥

હે અંબિકાનંદન! શાપથી બળી ગયેલા પાંડુરાજના પાંચ ઇન્દ્રના જેવા પાંચ પુત્રો વનમાં ઉત્પન્ન થયા છે. એ બાળકો તમારે હાથે જ ઉછરીને મોટા થયા છે, તેમ શિક્ષિત થયા છે, તેઓ તમારી આજ્ઞાનું પાલન કરે છે. તો હે તાત! તમે તેમને યોગ્ય રાજ્યભાગ આપો અને પુત્રોની સાથે આનંદ પામી સુખી થાઓ. પછી હે નરેન્દ્ર! દેવોમાંથી અને મનુષ્યોમાંથી કોઈ પણ તમારા ઉપર શંકા લાવશે નહિ. ૧૨૨,૧૨૩

इति श्रीमहाभारते उद्योगपर्वणि प्रजागरपर्वणि
विदुरनीतिवाक्ये प्रथमोऽध्यायः ॥ १ ॥

ઇતિ શ્રીમહાભારતમાં ઉદ્યોગપર્વાન્તર્ગત પ્રજાગરપર્વમાં 'વિદુર-નીતિવાક્ય'માં અધ્યાય ૧ લો સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૨ જો

धृतराष्ट्र उवाच ॥ ધૃતરાષ્ટ્ર બોલ્યાઃ—

जाग्रतो दह्यमानस्य यत्कार्यमनुपश्यसि ।
तद्ब्रूहि त्वं हि नस्तात धर्मार्थकुशलो ह्यसि ॥ १ ॥
त्वं मां यथावद्विदुर प्रशाधि प्रज्ञापूर्वं सर्वमजातशत्रोः ।
यन्मन्यसे पथ्यमदीनसत्त्व श्रेयस्करं ब्रूहि तद्वै कुरुणाम् ॥ २ ॥

હે તાત! મને ઊંઘ આવતી નથી અને હું ચિંતાથી બળી રહ્યો છું. તેથી તને જે કાર્ય યોગ્ય લાગતું હોય તે મને કહે. સાચે જ અમારામાં તું ધર્મ તથા અર્થમાં કુશળ છે. હે ઉદાર-ચિત્ત વિદુર! જે અજાતશત્રુ યુધિષ્ઠિરને હિતકારી તથા કૌરવોને માટે શ્રેયસ્કર હોય, તે સર્વ તું મને વિચારપૂર્વક અને સારી રીતે કહે. ૧,૨

पापाशंकीपापमेवानुपश्यन्पृच्छामित्वांव्याकुलेनात्मनाहम् ।
कवे तन्मे ब्रूहि सर्वं यथावन्मनीषितं सर्वमजातशत्रोः ॥ ३ ॥

મને ભાવી દુઃખની ફાળ રહે છે અને મારા પૂર્વના અપ-રાધો જોઈને હું ગભરાઈ રહ્યો છું. વ્યાકુળ ચિત્તે હું તને પૂછું છું. તો હે સર્વજ્ઞ! અજાતશત્રુ યુધિષ્ઠિર શું કરવા ધારે છે તે બધું તું મને યથાવત્ કહે. ૩

विदुर उवाच ॥ વિદુર બોલ્યાઃ—

शुभं वा यदि वा पापं द्वेष्यं वा यदि वा प्रियम् ।
अपृष्टस्तस्य तद्ब्रूयाद्यस्य नेच्छेत्पराभवम् ॥ ४ ॥
तस्माद्वक्ष्यामि ते राजन् हितं यत्स्यात् कुरून्प्रति ।
वचः श्रेयस्करं धर्म्यं ब्रुवतस्तन्निबोध मे ॥ ५ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે જેનો પરાભવ ન ઇચ્છતા હોઇએ, તેને તો વગર પૂછયે પણ હિતની વાત કહેવી; પછી ભલે તે વાત શુભ હોય કે અશુભ હોય, રુચિકર હોય કે અરુચિકર હોય. આથી હે રાજા! કૌરવોને હિતકારી, કલ્યાણકારી તેમજ ધર્મથી યુક્ત એવું વચન હું તમને કહું છું, તે તમે સાંભળો. ૪,૫

मिथ्योपेतानि कर्माणि सिध्येयुर्यानि भारत।
अनुपायप्रयुक्तानि मास्म तेषु मनः कृथाः ॥ ६ ॥
तथैव योगविहितं यत्तु कर्म न सिध्यति।
उपाययुक्तं मेधावी न तत्र ग्लपयेन्मनः ॥ ७ ॥

હે ભારત! જે કર્મો કપટભરેલાં હોય અને અયોગ્ય ઉપાયોથી સિદ્ધ થતાં હોય તે કર્મો વિશે તમે મન રાખશો નહિ. વળી ઉપાય વડે સિદ્ધ થાય તેવું કામ ઉપાયપૂર્વક કરતાં પણ સિદ્ધ થાય નહિ, તો બુદ્ધિમાન મનુષ્યે તે માટે મનમાં ખેદ લાવવો નહિ. ૬,૭

अनुबंधानपेक्षेत सानुबंधेषु कर्मसु।
संप्रधार्य च कुर्वीत न वेगेन समाचरेत् ॥ ८ ॥
अनुबंधं च संप्रेक्ष्य विपाकं चैव कर्मणाम्।
उत्थानमात्मनश्चैव धीरः कुर्वीत वा न वा ॥ ९ ॥

પ્રયોજનવાળાં કાર્યોમાં પ્રથમ પ્રયોજનોની અપેક્ષા રાખવી અને તે પ્રયોજનોનો નિશ્ચય કર્યા પછી જ કાર્યનો આરંભ કરવો પણ આવેશથી સાહસકામ કરવું નહિ. કામના પ્રયોજનનો, તેના પરિણામનો અને પોતાના ઉદ્યમનો સારી પેઠે વિચાર કર્યા પછી જ ધીર પુરુષે તે કામ કરવું કે ન કરવું. ૮,૯

यः प्रमाणं न जानाति स्थाने वृद्धौ तथा क्षये।
कोशे जनपदे दंडे न स राज्येऽवतिष्ठते ॥ १० ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यस्त्वेतानि प्रमाणानि यथोक्तान्यनुपश्यति ।
युक्तो धर्मार्थयोर्ज्ञाने स राज्यमधिगच्छति ॥ ११ ॥

જે રાજા પોતાનાં થાણાંઓ, નફો, તોટો, ભંડાર, દેશની સ્થિતિ અને દંડ એનાં નિશ્ચિત પ્રમાણને જાણતો નથી, તે રાજ્ય પર ટકતો નથી. પરંતુ જે રાજા ઉપર જણાવેલી બાબતોમાં શાસ્ત્રોક્ત પ્રમાણોને જાણે છે અને ધર્મ તથા અર્થ જાણવામાં તત્પર રહે છે, તે રાજ્ય ભોગવે છે. ૧૦,૧૧

न राज्यं प्राप्तमित्येव वर्तितव्यमसांप्रतम् ।
श्रियं ह्यविनयो हंति जरा रूपमिवोत्तमम् ॥ १२ ॥
भक्ष्योत्तमप्रतिच्छन्नं मत्स्यो बडिशमायसम् ।
लोभाभिपाती ग्रसते नानुबंधमवेक्षते ॥ १३ ॥

પોતાને રાજ્ય મળ્યું છે, એટલે કંઈ ફાવે તેમ વર્તાય નહિ; કેમકે વૃદ્ધાવસ્થા જેમ ઉત્તમ રૂપનો નાશ કરે છે, તેમ અવિનય લક્ષ્મીનો નાશ કરે છે. ખાવાના ઉત્તમ પદાર્થથી લપેટેલી લોઢાની આંકડીને માછલું લોભથી ગળી જાય છે, પણ તેને આગળપાછળનો વિચાર રહેતો નથી. ૧૨,૧૩

यच्छक्यं ग्रसितुं ग्रस्यं ग्रस्तं परिणमेच्च यत् ।
हितं च परिणामे यत्तदाद्यं भूतिमिच्छता ॥ १४ ॥
वनस्पतेरपक्वानि फलानि प्रचिनोति यः ।
स नाप्नोति रसं तेभ्यो बीजं चास्य विनश्यति ॥ १५ ॥

આથી સુખની ઇચ્છા રાખનારાએ એવું જ ગળવું જોઈએ, કે જે સુખથી ગળી શકાય એમ હોય, જે ગળ્યા પછી સારી રીતે પચે એમ હોય અને જે પરિણામે હિતકર હોય. જે મનુષ્ય ઝાડનાં કાચાં ફળ તોડી લે છે, તે તે ફળોમાંથી રસ પામતો નથી, તેમ તે ઝાડનાં બીજનો પણ નાશ થાય છે. ૧૪,૧૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यस्तु पक्वमुपादत्त काले परिणतं फलम् ।
फलाद्रसं स लभते बीजाच्चैव फलं पुनः ॥ १६ ॥
यथा मधु समादत्ते रक्षन् पुष्पाणि षट्पदः ।
तद्वदर्थान्मनुष्येभ्य आदद्यादविहिंसया ॥ १७ ॥

પરંતુ જે મનુષ્ય વખતસર વધીને પાકેલા ફળને લે છે, તે ફળમાંથી રસ મેળવે છે અને વળી બીજમાંથી ફરી ફળ મેળવે છે. જેમ ભમરો ફૂલોનું જતન કરીને તેમાંથી મધ લઈ લે છે, તેમ બુદ્ધિમાને, મનુષ્યોને પીડા કર્યા વિના તેમની પાસેથી દ્રવ્ય મેળવવું. ૧૬,૧૭

पुष्पं पुष्पं विचिन्वीत मूलच्छेदं न कारयेत् ।
मालाकार इवारामे न यथाङ्गारकारकः ॥ १८ ॥
किन्नु मे स्यादिदं कृत्वा किन्नु मे स्यादकुर्वतः ।
इति कर्माणि संचिंत्य कुर्याद्वा पुरुषो न वा ॥ १९ ॥

માળી બાગમાંના ઝાડો ઉપરથી ફળફૂલ વીણે છે, પણ ઝાડનાં મૂળિયાં કાપતો નથી. આમ રાજાએ માળીની જેમ વર્તવું, પણ કોયલા પાડનારની જેમ ન જ વર્તવું. 'આ કામ કરવાથી મને શું ફળ મળશે? અને આ ન કરવાથી મને શું ફળ થશે?' એ પ્રમાણે કાર્યનો વિચાર કર્યા પછી જ પુરુષે કાર્ય કરવું કે ન કરવું. ૧૮,૧૯

अनारभ्या भवंत्यर्थाः केचिन्नित्यं तथाऽगताः ।
कृतः पुरुषकारो हि भवेद्येषु निरर्थकः ॥ २० ॥

કેટલાંક કાર્યો સર્વદા આરંભ કરી શકાય એવાં હોતાં નથી એટલે તે સંબંધી કરેલો પુરુષાર્થ નિરર્થક જાય છે. આથી તેવાં કાર્યોનો આરંભ જ કરવો નહિ. ૨૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रसादो निष्फलो यस्य क्रोधश्चापि निरर्थकः ।
न तं भर्तारमिच्छंति षंढं पतिमिव स्त्रियः ॥ २१ ॥
कांश्चिदर्थान्नरः प्राज्ञो लघुमूलान्महाफलान् ।
क्षिप्रमारभते कर्तुं न विघ्नयति तादृशान् ॥ २२ ॥

સ્ત્રી જેમ નપુંસક પતિને ચાહતી નથી, તેમ જે રાજાની કૃપા અને ક્રોધ નિષ્ફળ છે, તે રાજાને પ્રજા ચાહતી નથી. કેટલાંક કામો થોડી મહેનતે મહાફળ આપે છે. ડાહ્યો મનુષ્ય તેવાં કામોનો ઝટ આરંભ કરે છે અને તેમાં અંતરાયો નાખતો નથી. ૨૧,૨૨

ऋजु पश्यति यः सर्वं चक्षुषानुपिबन्निव ।
आसीनमपि तूष्णीकमनुरज्यति तं प्रजाः ॥ २३ ॥
सुपुष्पितः स्यादफलः फलितः स्याद्दुरारुहः ।
अपक्वः पक्वसंकाशो न तु शीर्येत कर्हिचित् ॥ २४ ॥

જે રાજા સર્વ પ્રજા તરફ સરળ ને સ્નેહભરી દૃષ્ટિએ જુએ છે, તે શાંત બેસી રહે તો પણ પ્રજા તેના ઉપર પ્રીતિ રાખે છે. જે ઝાડ ફૂલથી ભરેલું હોય છતાં ફળરહિત હોય, જે ફળવાળું હોય છતાં એકદમ ચઢાય નહિ તેવું હોય અને જે પાક્યું ન હોય છતાં પાકેલા જેવું જણાતું હોય, તે ઝાડ કદી નાશ પામતું નથી.× ૨૩,૨૪

× તાત્પર્ય કે, રાજાએ પુષ્પવાળા વૃક્ષની પેઠે વાણી તથા નેત્રથી કૃપા દેખાડતા રહેવું; પણ સેવકને ધન આપીને વધારી દેવો નહિ. સફળ થવા છતાં એકદમ ફળ હાથમાં ન આવ્યું હોય તેવા થવું—અર્થાત્ એકદમ સેવકને વશ થઈ જવું નહિ અને પોતાનામાં બળ હોય નહિ છતાં બહારથી બળવાન જેવા દેખાવું, એટલે તેનો કદાપિ નાશ થતો નથી. —पंडित नीलकंठ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

चक्षुषा मनसा वाचा कर्मणा च चतुर्विधम्।
प्रसादयति यो लोकं तं लोकोनुप्रसीदति ॥ २५ ॥
यस्मात्त्रस्यंति भूतानि मृगव्याधान्मृगा इव।
सागरान्तामपि महीं लब्ध्वा स परिहीयते ॥ २६ ॥

જે રાજા નેત્ર, મન, વાણી તથા કર્મ—એ ચાર પ્રકારથી પ્રજાને પ્રસન્ન રાખે છે, તેના ઉપર પ્રજા રાજી રહે છે. પારધીથી જેમ મૃગ ત્રાસ પામે છે, તેમ જે રાજાથી સઘળી પ્રજા ત્રાસ પામે છે, તે રાજા સમુદ્રપર્યંતની પૃથ્વીનું રાજ્ય મેળવે તો પણ નાશ પામે છે. ૨૫,૨૬

पितृपैतामहं राज्यं प्राप्तवान् स्वेन कर्मणा।
वायुरभ्रमिवासाद्य भ्रंशयत्यनये स्थितः ॥ २७ ॥
धर्ममाचरतो राज्ञः सद्भिश्चरितमादितः।
वसुधा वसुसंपूर्णा वर्धते भूतिवर्धिनी ॥ २८ ॥

જે રાજા બાપદાદાના રાજ્યને પ્રાપ્ત થયો હોય, છતાં જો તે અન્યાયથી વર્તતો હોય, તો વાયુ જેમ વાદળોમાં મળી જઈને તેનો નાશ કરે છે, તેમ તે રાજા પોતાનાં કર્મો વડે તે રાજ્યનો નાશ કરે છે. પ્રથમથી જ જે રાજા સજ્જનોએ આચરેલા ધર્મ પ્રમાણે ચાલે છે, તેના રાજ્યકાળમાં પૃથ્વી ધનથી ભરપૂર અને ઐશ્વર્યને વધારનારી થઈને વૃદ્ધિ પામે છે. ૨૭,૨૮

अथ संत्यजतो धर्ममधर्मं चानुतिष्ठतः।
प्रतिसंवेष्टते भूमिरग्नौ चर्माहितं यथा ॥ २९ ॥
य एव यत्नः क्रियते परराष्ट्रविमर्दने।
स एव यत्नः कर्तव्यः स्वराष्ट्रपरिपालने ॥ ३० ॥
धर्मेण राज्यं विंदेत धर्मेण परिपालयेत्।
धर्ममूलां श्रियं प्राप्य न जहाति न हीयते ॥ ३१ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ જો રાજા ધર્મનો ત્યાગ કરીને અધર્મથી વર્તે તો તેજ પૃથ્વી અગ્નિમાં નાખેલા ચામડાની પેઠે સંકોચાઈ જાય છે. શત્રુના દેશને પાયમાલ કરવામાં જે પ્રયત્ન કરવામાં આવે છે, તે જ પ્રયત્ન પોતાના દેશના રક્ષણને માટે કરવો. ધર્મથી રાજ્ય મેળવવું અને ધર્મથી તેનું પરિપાલન કરવું; કારણ કે ધર્મથી મેળવેલી લક્ષ્મી જતી નથી તેમ ઓછી પણ થતી નથી. ૨૯–૩૧

अप्युन्मत्तात्प्रलपतो बालाच्च परिजल्पतः ।
सर्वतः सारमादद्यादश्मभ्य इव कांचनम् ॥ ३२ ॥
सुव्याहृतानि सूक्तानि सुकृतानि ततस्ततः ।
संचिन्वन् धीर आसीत शिलाहारी शिलं यथा ॥ ३३ ॥

જેમ પથરામાંથી સોનું કાઢી લેવામાં આવે છે, તેમ સર્વમાં-થી અરે! ગાંડાના પ્રલાપમાંથી અને બાળકના બડબડાટમાંથી પણ, સાર ગ્રહણ કરવો. ૩૨ ઉંછવૃત્તિથી જીવનારો જેમ ખેતરમાં પડેલાં ડૂંડાંઓ વીણી લે છે, તેમ ધીર મનુષ્યે સુભાષિત, સૂક્તિ અને સદાચરણનો જ્યાં–ત્યાંથી સંગ્રહ કરવો. ૩૩

गंधेन गावः पश्यंति वेदैः पश्यंति ब्राह्मणाः ।
चारैः पश्यंति राजानश्चक्षुर्भ्यामितरे जनाः ॥ ३४ ॥
भूयांसं लभते क्लेशं या गौर्भवति दुर्दुहा ।
अथ या सुदुहा राजन्नैव तां वितुदंत्यपि ॥ ३५ ॥
यदतप्तं प्रणमति न तत्संतापयंत्यपि ।
यच्च स्वयं नतं दारु न तत्संनमयंत्यपि ॥ ३६ ॥

ગાયો ગંધથી જુએ છે, બ્રાહ્મણો વેદથી જુએ છે, રાજાઓ દૂતોદ્વારા જુએ છે અને બીજા મનુષ્યો નેત્રથી જુએ છે. હે રાજન્! જે ગાય મહાપરાણે દોહવા દે છે, તેને બહુ માર પડે છે; પરંતુ જે ગાય સારી રીતે દોહવા દે છે, તેને કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંગળી સરખી પણ અડકાડતું નથી. જે તપાવ્યા વિના વળે છે, તેને કોઈ તપાવતું નથી; જે લાકડું પોતે જ વળેલું હોય છે, તેને વાળવા માટે કોઈ તપાવતું નથી. ૩૪–૩૬

एतयोपमया धीरः सन्नमेत बलीयसे ।
इंद्राय स प्रणमते नमते यो बलीयसे ॥ ३७ ॥
पर्जन्यनाथाः पशवो राजानो मंत्रिबांधवाः ।
पतयो बांधवाः स्त्रीणां ब्राह्मणा वेदबांधवाः ॥ ३८ ॥

આ દૃષ્ટાંત પ્રમાણે ડાહ્યા મનુષ્યે બળવાનને નમીને ચાલવું; કારણ કે જે બળવાનને નમે છે, તે બળના અધિષ્ઠાતા ઇન્દ્રદેવને જ પ્રણામ કરે છે. પશુઓનો રક્ષક મેઘ છે, રાજાઓના સહાયક મંત્રીઓ છે, સ્ત્રીઓના સહાયક પતિઓ છે અને બ્રાહ્મણોના સહાયક વેદ છે. ૩૭,૩૮

सत्येन रक्ष्यते धर्मो विद्या योगेन रक्ष्यते ।
मृजया रक्ष्यते रूपं कुलं वृत्तेन रक्ष्यते ॥ ३९ ॥
मानेन रक्ष्यते धान्यमश्वान् रक्षत्यनुक्रमः ।
अभीक्ष्णदर्शनं गाश्च स्त्रियो रक्ष्याः कुचैलतः ॥ ४० ॥

સત્યથી ધર્મનું રક્ષણ થાય છે, અભ્યાસથી વિદ્યાનું રક્ષણ થાય છે, શરીર ચોળીને નાહવાથી રૂપનું રક્ષણ થાય છે અને સદ્વર્તનથી કુળનું રક્ષણ થાય છે. માપવાથી ધાન્યનું રક્ષણ થાય છે, પલોટવાથી ઘોડાનું રક્ષણ થાય છે, દેખભાળથી ગાયોનું રક્ષણ થાય છે અને જાડાં છતાં ઠાવકાં વસ્ત્રો પહેરવાથી સ્ત્રીઓનું રક્ષણ થાય છે. ૩૯,૪૦

न कुलं वृत्तहीनस्य प्रमाणमिति मे मतिः ।
अंतष्वपि हि जातानां वृत्तमेव विशिष्यते ॥ ४१ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

य ईर्षुः परवित्तेषु रूपे वीर्ये कुलान्वये ।
सुखसौभाग्यसत्कारे तस्य व्याधिरनंतकः ॥ ४२ ॥

મારું માનવું છે કે, સારા કુળમાં જન્મેલો મનુષ્ય પણ દુરાચારી હોય, તો તે માનને માટે યોગ્ય નથી; પણ નીચ કુળમાં જન્મેલો મનુષ્ય પણ જો સદાચારી હોય તો તે શ્રેષ્ઠ છે. જે મનુષ્ય પારકા ધનની, રૂપની, પરાક્રમની, કુળની, વંશની, સુખની, સૌભાગ્યની અને સન્માનની ઇર્ષ્યા કરે છે, તેને પાર વિનાની પીડા રહે છે. ૪૧,૪૨

अकार्यकरणाद्भीतः कार्याणां च विवर्जनात् ।
अकाले मंत्रभेदाच्च येन माद्येन्न तत्पिबेत् ॥ ४३ ॥
विद्यामदो धनमदस्तृतीयोभिजनो मदः ।
मदा एतेवलिप्तानामेत एव सतां दमाः ॥ ४४ ॥

જે મનુષ્ય ન કરવા યોગ્ય કાર્ય કરવાથી ડરે છે, કરવા યોગ્ય કામને છોડી દેવાથી ડરે છે અને જે કવખતે મસલત ફૂટી જવાથી ડરે છે, તેણે મદ (નશો) ચઢે એવી ચીજોનું પાન કરવું નહિ. વિદ્યાનો મદ, ધનનો મદ અને ત્રીજો કુટુંબનો મદ, આ ત્રણ ગર્વિષ્ઠોને મદરૂપ છે, પણ એ જ સજ્જનોને ઇન્દ્રિયનિગ્રહરૂપ છે. ૪૩,૪૪

असंतोऽभ्यर्थिताः सद्भिः क्वचित्कार्ये कदाचन ।
मन्यंते संतमात्मानमसंतमपि विश्रुतम् ॥ ४५ ॥
गतिरात्मवतां संतः संत एव सतां गतिः ।
असंतां च गतिः संतो नत्वसंतः सतां गतिः ॥ ४६ ॥

સજ્જનોએ કોઈ કાર્યમાં કદાચ અસજ્જનોની સહાય માગી હોય, એટલે તે અસજ્જનો તેમનું કંઈ કે કાર્ય કર્યા વિના જ અને પોતે દુર્જન તરીકે પ્રસિદ્ધ છતાં, પોતાને સુજન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માની લે છે. જ્ઞાનીઓનો આધાર સંતો છે, સંતોનો આધાર વિદ્વાનો અથવા સત્પુરુષો છે, તેમ અસત્પુરુષોનો આધાર પણ સંત છે; પરંતુ સત્પુરુષોનો આધાર અસત્ પુરુષ કદી હોતો નથી. ૪૫,૪૬

जिता सभा वस्त्रवता मिष्टाशा गोमता जिता ।
अध्वा जितो यानवता सर्वं शीलवता जितम् ॥ ४७ ॥
शीलं प्रधानं पुरुषे तद्यस्येह प्रणश्यति ।
न तस्य जीवितेनार्थो न धनेन न बंधुभिः ॥ ४८ ॥

સારાં વસ્ત્રવાળો સભા જીતે છે, ગાયવાળો મિષ્ટ ભોજનની આશા સિદ્ધ કરે છે, વાહનવાળો માર્ગ જીતે છે અને શીલવાન મનુષ્ય સર્વને જીતે છે. પુરુષમાં શીલ જ મુખ્ય છે. જેનું શીલ નાશ પામે છે, તેને જીવન, ધન અને બંધુઓનું શું પ્રયોજન છે? ૪૭,૪૮

आढ्यानां मांसपरमं मध्यानां गोरसोत्तरम् ।
तैलोत्तरं दरिद्राणां भोजनं भरतर्षभ ॥ ४९ ॥
संपन्नतरमेवान्नं दरिद्रा भुंजते सदा ।
क्षुत्स्वादुतां जनयति सा चाढ्येषु सुदुर्लभा ॥ ५० ॥

હે ભરતશ્રેષ્ઠ! શ્રીમંતોના ભોજનમાં માંસ મુખ્ય હોય છે, મધ્યમોના ભોજનમાં ગોરસ મુખ્ય છે અને દરિદ્રોના ભોજનમાં તેલ મુખ્ય હોય છે. પરંતુ દરિદ્રીઓ જ સર્વદા અતિમધુર અન્ન ખાય છે; કારણ કે ભૂખ ભોજનમાં અમી લાવે છે અને તે ભૂખ શ્રીમંતોને બહુ દુર્લભ હોય છે. ૪૯,૫૦

प्रायेण श्रीमतां लोके भोक्तुं शक्तिर्न विद्यते ।
जीर्यंत्यपि हि काष्ठानि दरिद्राणां महीपते ॥ ५१ ॥
अवृत्तिर्भयमंत्यानां मध्यानां मरणाद्भयम् ।
उत्तमानां तु मर्त्यानामवमानात्परं भयम् ॥ ५२ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે મહીપતિ! સામાન્ય રીતે જગતમાં શ્રીમંતોમાં ખાવા-ની શક્તિ હોતી નથી અને દરિદ્રીઓને તો લાકડાં પણ પચી જાય છે. અધમોને પેટ ભરવાનો ભય રહે છે, મધ્યમોને મરણનો ભય હોય છે અને ઉત્તમ મનુષ્યોને અપમાનનો જ મોટો ભય હોય છે. ૫૧,૫૨

ऐश्वर्यमदपापिष्ठा मदाः पानमदादयः ।
ऐश्वर्यमदमत्तो हि नापतित्वा विबुध्यते ॥ ५३ ॥

મદ્યપાન વગેરે જે મદો છે, તે સર્વ કરતાં ઐશ્વર્યનો મદ મહાનિન્દિત છે; કારણ કે ઐશ્વર્યના મદથી છકી ગયેલો મનુષ્ય છેક પડ્યા વિના જાગ્રત થતો નથી. ૫૩

इंद्रियैरिंद्रियार्थेषु वर्तमानैरनिग्रहैः ।
तैरयं ताप्यते लोको नक्षत्राणि ग्रहैरिव ॥ ५४ ॥
यो जितः पंचवर्गेण सहजेनात्मकर्षिणा ।
आपदस्तस्य वर्धंते शुक्लपक्ष इवोडुराट् ॥ ५५ ॥

(નિગ્રહ વિનાના) સૂર્યાદિ ગ્રહો જેમ નક્ષત્રોને તાપ આપે છે, તેમ વિષયોમાં પ્રવર્તતી નિગ્રહ વિનાની ઇન્દ્રિયો આ લોકને તાપ આપે છે. જે મનુષ્ય આત્માને ખેંચી જનારા આ પાંચ ઇન્દ્રિયવર્ગથી સહજ રીતે જિતાઈ જાય છે, તેની આપત્તિઓ શુકલપક્ષના ચંદ્રની પેઠે વૃદ્ધિ પામે છે. ૫૪,૫૫

अविजित्य यथात्मानममात्यान् विजिगीषते ।
अमित्रान्वाऽजितामात्यः सोवशः परिहीयते ॥ ५६ ॥
आत्मानमेव प्रथमं द्वेष्यरूपेण योजयेत् ।
ततोऽमात्यानमित्रांश्च न मोघं विजिगीषते ॥ ५७ ॥

જે રાજા પોતાના મનને વશ કર્યા વિના પોતાના અમાત્યોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વશ કરવા ઇચ્છે અને અમાત્યોને વશ કર્યાં વિના શત્રુઓને જીતવાને ઇચ્છે છે, તે નિરુપાયે નાશ જ પામે છે. માટે જે રાજા પ્રથમ પોતાના મનને જ શત્રુરૂપ માનીને જીતે છે અને પછી અમાત્યોને તથા શત્રુઓને જીતવા ઇચ્છે છે, તેની વિજયેચ્છા વ્યર્થ જતી નથી. ૫૬,૫૭

वश्येंद्रियं जितात्मानं धृतदंडं विकारिषु ।
परीक्ष्यकारिणं धीरमत्यंतं श्रीर्निषेवते ॥ ५८ ॥
रथः शरीरं पुरुषस्य राजन्नात्मा नियंतेंद्रियाण्यस्य चाश्वाः ।
तैरप्रमत्तः कुशली सदश्वैर्दांतैः सुखं याति रथीव धीर ॥ ५९ ॥

જિતેંદ્રિય, મનોનિગ્રહી, અપરાધીને જ દંડ આપનારો અને વિચારપૂર્વક કામ કરનારો જે ધીર પુરુષ છે, તેને લક્ષ્મી સારી પેઠે સેવે છે. હે રાજન્! પુરુષનું શરીર રથ છે, આત્મા સારથિ છે અને ઇન્દ્રિયો ઘોડા છે. જેમ કેળવેલા સારા ઘોડાઓવાળા રથમાં બેસીને રથી સુખે પ્રયાણ કરે છે, તેમ સાવધાન ધીર પુરુષ, ઇન્દ્રિયરૂપી ઘોડાઓને વશ રાખી સુખથી આયુષ્ય પસાર કરે છે. ૫૮,૫૯

एतान्यनिगृहीतांनि व्यापादयितुमप्यलम् ।
अविधेया इवादांता हयाः पथि कुसारथिम् ॥ ६० ॥
अनर्थमर्थतः पश्यन्नर्थं चैवाप्यनर्थतः ।
इंद्रियैरजितैर्बालः सुदुःखं मन्यते सुखम् ॥ ६१ ॥

પણ સ્વાધીન ન રહેનારા ઉદ્ધત ઘોડાઓ જેમ સારથિનો માર્ગમાં નાશ કરે છે, તેમ વશ ન રાખેલી એ ઇન્દ્રિયો આત્માને પણ નાશ પમાડે છે. શુભમાં અશુભ અને અશુભમાં શુભ જોનારો મૂર્ખ મનુષ્ય, પોતાની અવશ ઇન્દ્રિયોને લીધે મહાદુઃખને પણ સુખ માની બેસે છે. ૬૦,૬૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

धर्मार्थौ यः परित्यज्य स्यादिंद्रियवशानुगः ।
श्रीप्राणधनदारेभ्यः क्षिप्रं स परिहीयते ॥ ६२ ॥

अर्थानामीश्वरो यः स्यादिंद्रियाणामनीश्वरः ।
इंद्रियाणामनैश्वर्यादैश्वर्याद्भ्रश्यते हि सः ॥ ६३ ॥

आत्मनात्मानमन्विच्छेन्मनोबुद्धींद्रियैर्यतै ।
आत्मा ह्येवात्मनो बंधुरात्मैव रिपुरात्मनः ॥ ६४ ॥

જે મનુષ્ય ધર્મ તથા અર્થનો ત્યાગ કરીને ઇન્દ્રિયોને અધીન થાય છે, તે થોડા સમયમાં જ લક્ષ્મી, પ્રાણ, ધન તથા સ્ત્રીથી રહિત થાય છે. ધનનો ધણી હોવા છતાં જે ઇન્દ્રિયોનો નાથ નથી, તે ઇન્દ્રિયોની અવશતાને લીધે ઐશ્વર્યથી ભ્રષ્ટ થાય છે. મનુષ્યે મન, બુદ્ધિ અને ઇન્દ્રિયોને નિયમમાં રાખીને, બુદ્ધિ વડે આત્માને ઓળખવો; કારણ કે બુદ્ધિ જ આત્માનો બંધુ છે અને બુદ્ધિ જ આત્માનો રિપુ છે. ૬૨–૬૪

बंधुरात्मात्मनस्तस्य येनैवात्मात्मना जितः ।
स एव नियतो बंधुः स एव नियतो रिपुः ॥ ६५ ॥

क्षुद्राक्षेणेव जालेन झषावपिहितावुरू ।
कामश्च राजन् क्रोधश्च तौ प्रज्ञानं विलुंपतः ॥ ६६ ॥

જે બુદ્ધિ વડે આત્મા જિતાય છે–ઓળખાય છે, તે બુદ્ધિ જ આત્માનો–જીવનો બંધુ છે. આ રીતે બુદ્ધિ જ જીવનો નિશ્ચિત બન્ધુ છે અને બુદ્ધિ જ તેનો નિશ્ચિત રિપુ છે. હે રાજન્! બારીક છિદ્રવાળી જાળમાં પકડાયેલાં બે મોટાં માછલાંઓ જેમ જાળને કાપી નાખે છે, તેમ જ કામ અને ક્રોધ એ બંને બુદ્ધિમાં રહીને બુદ્ધિનો નાશ કરે છે. ૬૫,૬૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

समवेक्ष्येह धर्माथौं संभारान् योऽधिगच्छति ।
स वै संभृतसंभारः सततं सुखमेधते ॥ ६७ ॥

यः पंचाभ्यंतरान् शत्रूनविजित्य मनोमयान् ।
जिगीषति रिपूनन्यान् रिपवोऽभिभवंति तम् ॥ ६८ ॥

જે મનુષ્ય ધર્મ તથા અર્થને અનુસરીને જયનાં સાધનો એકઠાં કરે છે, તે સાધનસંપન્ન મનુષ્ય નિત્ય સુખ ભોગવે છે. જે રાજા ઇન્દ્રિયરૂપી માનસિક પાંચ આન્તર શત્રુઓને જીત્યા વિના બીજા બહારના શત્રુઓને જીતવાની ઇચ્છા રાખે છે, તેને શત્રુઓ પરાભવ પમાડે છે. ૬૭,૬૮

दृश्यंते हि महात्मानो बध्यमानाः स्वकर्मभिः ।
इंद्रियाणामनीशत्वाद्राजानो राज्यविभ्रमैः ॥ ६९ ॥

असंत्यागात् पापकृतामपापांस्तुल्यो दंडःस्पृशते मिश्रभावात् ।
शुष्केणार्द्रं दह्यते मिश्रभावात्तस्मात्पापैः सह संधिं न कुर्यात् ॥७०

निजानुत्पततः शत्रून्पञ्च पंचप्रयोजनान् ।
यो मोहान्न निगृह्णाति तमापद्ग्रसते नरम् ॥ ७१ ॥

મોટા મોટા રાજાઓ ઐશ્વર્ય વિલાસના યોગથી ઇન્દ્રિયોને વશ રાખવા અસમર્થ થઈને, અયોગ્ય કર્મો કરીને બંધનમાં પડેલા જણાય છે. સૂકાં લાકડાંની સાથે રહીને જેમ લીલું લાકડું પણ બળી જાય છે, તેમ પાપ કરનારાની સંગતિથી નિષ્પાપ મનુષ્યને પણ પાપીના જેટલી શિક્ષા થાય છે. આથી પાપીઓનો સંગ કરવો નહિ. જે મનુષ્ય શબ્દાદિક પાંચ વિષયોમાં આડે રસ્તે કૂદી પડનારા પાંચ ઇન્દ્રિયોરૂપી પોતાના શત્રુઓને મોહને લીધે વશ રાખતો નથી, તે મનુષ્ય આપત્તિમાં ગળકી જાય છે. ૬૯—૭૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अनसूयार्जवं शौचं संतोषः प्रियवादिता।
दमः सत्यमनायासो न भवंति दुरात्मनाम् ॥ ७२ ॥
आत्मज्ञानमनायासस्तितिक्षा धर्मनित्यता।
वाक्चैव गुप्ता दानं च नैतान्यंत्येषु भारत ॥ ७३ ॥

મત્સરરહિતપણું, સરળતા, શુદ્ધતા, સંતોષ, પ્રિય ભાષણ, ઇન્દ્રિયનિગ્રહ, સત્ય અને શાંતિ, એ ગુણો દુરાત્માઓમાં હોતા નથી. હે ભારત! આત્મજ્ઞાન, શાંતિ, સહનશક્તિ, ધર્મનિષ્ઠા, કામ પૂરતું જ બોલવું અને દાન, એ ગુણો નીચ મનુષ્યોમાં હોતા નથી. ૭૨,૭૩

आक्रोशपरिवादाभ्यां विहिंसंत्यबुधा बुधान्।
वक्ता पापमुपादत्ते क्षममाणो विमुच्यते ॥ ७४ ॥
हिंसा बलमसाधूनां राज्ञां दंडविधिर्बलम्।
शुश्रूषा तु बलं स्त्रीणां क्षमा गुणवतां बलम् ॥ ७५ ॥

મૂર્ખ લોકો કઠોર ભાષણ અને નિંદા કરીને પંડિતોને દુઃખ આપે છે; પરંતુ પંડિત ક્ષમા આપે છે, તેથી તે પાપથી મુક્ત રહે છે અને પાપ વક્તાનેજ વળગે છે અને જ્ઞાતા પોતે પાપથી મુક્ત થાય છે. દુર્જનોનું બળ હિંસા છે, રાજાઓનું બળ દંડવિધાન છે, સ્ત્રીઓનું બળ સેવા છે અને ગુણવાનોનું બળ ક્ષમા છે. ૭૪,૭૫

वाक्संयमो हि नृपते सुदुष्करतमो मतः।
अर्थवच्च विचित्रं च न शक्यं बहु भाषितुम् ॥ ७६ ॥

હે મહારાજ! વાણીને નિયમમાં રાખવી, એ અત્યંત કઠિન મનાય છે. તેમ ચમત્કારવાળું અને પ્રયોજનવાળું ઘણું બોલવું એ પણ શક્ય નથી. ૭૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાણી જ સુખ ને દુઃખકર્તા છે

अभ्यावहति कल्याणं विविधं वाक् सुभाषिता।
सैव दुर्भाषिता राजन्ननर्थायोपपद्यते ॥ ७७ ॥
रोहते सायकैर्विद्धं वनं परशुना हतम्।
वाचा दुरुक्तं बीभत्सं न संरोहति वाक्क्षतम् ॥ ७८ ॥
कर्णिनालीकनाराचान्निर्हरंति शरीरतः।
वाक्शल्यस्तु न निर्हर्तुं शक्यो हृदिशयो हि सः ॥ ७९ ॥

હે રાજન્! વાણી સારી રીતે બોલાઈ હોય, તો તે અનેક કલ્યાણ આપે છે; પરંતુ તે જ જો ભૂંડી રીતે બોલાઈ હોય તો અનર્થ ઉપજાવે છે. બાણોથી વીંધાયેલું અથવા કુહાડીથી કપાયેલું વન ફરીથી ઊગે છે, પરંતુ નિંદાભર્યાં ભૂડાં વચનથી વીંધાયેલું મન કદી પ્રસન્ન થતું નથી. કર્ણિ, નાલીક, નારાચ વગેરે બાણોને શરીરમાંથી કાઢી શકાય છે, પણ વાણીરૂપી બાણને બહાર કાઢી શકાતું નથી; કારણ કે તે હૃદયમાં ખૂંપી બેસે છે. ૭૭-૭૯

वाक्सायका वदनान्निष्पतंति यैराहतः शोचति रात्र्यहानि।
परस्य नाममर्मसु ते पतंति तान्पंडितो नावसृजेत्परेभ्यः ॥८०॥

વાણીરૂપી બાણો મુખમાંથી નીકળે છે અને લાગલાં સામાના મર્મમાં જ પેસી જાય છે અને તેનાથી ઘવાયેલો મનુષ્ય રાત્રિદિવસ શોક કરે છે; આથી ડાહ્યા મનુષ્યો એવાં વાગ્બાણ બીજા પર ન જ વાપરે. ૮૦

यस्मै देवाः प्रयच्छन्ति पुरुषाय पराभवम्।
बुद्धिं तस्यापकर्षंति सोऽवाचीनानि पश्यति ॥ ८१ ॥
बुद्धौ कलुषभूतायां विनाशे प्रत्युपस्थिते।
अनयो नयसंकाशो हृदयान्नापसर्पति ॥ ८२ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૈવો જે પુરુષનો પરાભવ કરવા ઇચ્છે છે, તેની બુદ્ધિને તેઓ હરે છે; એટલે તેને સર્વ કંઈ વિપરીત જ સૂઝે છે. જ્યારે વિનાશ થવાનો હોય છે, ત્યારે કલુષિત થયેલી બુદ્ધિમાં અન્યાય પણ ન્યાય જેવો ભાસે છે અને તે હૃદયમાંથી ખસતો નથી. ૮૧,૮૨

सेयं बुद्धिः परीता ते पुत्राणां भरतर्षभ।
पांडवानां विरोधेन न चैनानवबुध्यसे ॥ ८३ ॥
राजा लक्षणसम्पन्नस्त्रैलोक्यस्यापि यो भवेत्।
शिष्यस्ते शासिता सोऽस्तु धृतराष्ट्र युधिष्ठिरः ॥ ८४ ॥

હે ભરતશ્રેષ્ઠ! ઉપર જણાવ્યા પ્રમાણે તમારા પુત્રોની બુદ્ધિ વિપરીત થઈ ગઈ છે અને પાંડવોના વિરોધને લીધે તમે પણ તેમને ઓળખતા નથી. હે ધૃતરાષ્ટ્ર! તમારી આજ્ઞા પ્રમાણે વર્તનારા યુધિષ્ઠિર, ત્રણે લોકના રાજા થાય તેવાં લક્ષણોવાળા છે; માટે તે જ રાજા થાઓ. ૮૩,૮૪

अतीव सर्वान्पुत्रांस्ते भागधेयपुरस्कृतः।
तेजसा प्रज्ञया चैव युक्तो धर्मार्थतत्त्ववित् ॥ ८५ ॥
अनुक्रोशादानृशंस्याद्योसौ धर्मभृतां वरः।
गौरवात्तव राजेन्द्र बहून्क्लेशांस्तितिक्षति ॥ ८६ ॥

ભાગ્યને લીધે તે તમારા સર્વ પુત્રો કરતાં શ્રેષ્ઠ છે, તેજ તથા બુદ્ધિથી તે યુક્ત છે અને ધર્મ તથા અર્થનાં રહસ્યોને તે જાણે છે. હે રાજેન્દ્ર! એ ધાર્મિકશ્રેષ્ઠ યુધિષ્ઠિર દયાળુપણાથી, કોમળતાથી તથા તમારે વિશેના વડીલપણાની બુદ્ધિથી બહુ ક્લેશો સહન કરે છે. ૮૫,૮૬

इति श्रीमहाभारते उद्योगपर्वणि प्रजागरपर्वणि
विदुरनीतिवाक्ये द्वितियोऽध्यायः ॥ २ ॥

ઇતિશ્રી મહાભારતમાં ઉદ્યોગપર્વાન્તર્ગત પ્રજાગરપર્વમાં 'વિદુરનીતિવાક્ય'માં અધ્યાય ૨ જો સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૩ જો

धृतराष्ट्र उवाच ॥ ધૃતરાષ્ટ્ર બોલ્યા:—

ब्रूहि भूयो महाबुद्धे धर्मार्थसहितं वचः ।
शृण्वतो नास्ति मे तृप्तिर्विचित्राणीह भाषसे ॥ १ ॥

હે મહાબુદ્ધિમાન વિદુર! તમે ફરીથી ધર્મ તથા અર્થ-વાળાં વચન કહો. કારણ કે તમે આ સંબંધમાં વિચિત્ર અને અદ્ભુત ભાષણ કરો છો તે સાંભળીને મને તૃપ્તિ જ થતી નથી. ૧

સર્વથી વધારે ઉત્તમ શું ?

विदुर उवाच ॥ વિદુર બોલ્યા:—

सर्वतीर्थेषु वा स्नानं सर्वभूतेषु चार्जवम् ।
उभे त्वेते समे स्यातामार्जवं वा विशिष्यते ॥ २ ॥
आर्जवं प्रतिपद्यस्व पुत्रेषु सततं विभो ।
इह कीर्तिं परां प्राप्य प्रेत्य स्वर्गमवाप्स्यसि ॥ ३ ॥

સર્વ તીર્થોમાં સ્નાન કરવું અને પ્રાણીમાત્ર ઉપર સમદૃષ્ટિ રાખવી, એ બંને સમાન છે; અથવા સમદૃષ્ટિ કંઈક વિશેષ છે. (એમ કહીએ તો ખોટું નથી.) આથી હે રાજા! તમે પોતાના પુત્રો (કૌરવો તથા પાંડવો) ઉપર નિત્ય સમદૃષ્ટિ રાખો. એથી આ લોકમાં ઉત્તમ કીર્તિ પામીને તમે મરણ પછી સ્વર્ગલોક પામશો. ૨,૩

यावत्कीर्तिर्मनुष्यस्य पुण्या लोके प्रगीयते ।
तावत्स पुरुषव्याघ्र स्वर्गलोके महीयते ॥ ४ ॥
अत्राप्युदाहरंतीममितिहासं पुरातनम् ।
विरोचनस्य संवादं केशिन्यर्थे सुधन्वना ॥ ५ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે પુરુષવ્યાઘ્ર ! જ્યાં સુધી આ લોકમાં મનુષ્યની પવિત્ર કીર્તિનું ગાન થાય છે, ત્યાં સુધી તે મનુષ્ય સ્વર્ગલોકમાં સન્માન પામે છે. આ વિષયમાં કેશિની નામાની કન્યાને પરણવા માટે વિરોચન તથા સુધન્વા વચ્ચે જે સંવાદ થયો હતો, તે પ્રાચીન ઇતિહાસ ઉદાહરણમાં કહેવાય છે. ૪,૫

કેશિનીને પરણવા માટે સુધન્વા તથા વિરોચનનો સંવાદ

स्वयंवरे स्थिता कन्या केशिनी नाम नामतः ।
रूपेणाप्रतिमा राजन् विशिष्टपतिकाम्यया ॥ ६ ॥
विरोचनोऽथ दैतेयस्तदा तत्राजगाम ह ।
प्राप्तुमिच्छंस्ततस्तत्र दैत्येंद्रं प्राह केशिनी ॥ ७ ॥

હે રાજન્ ! કેશિની નામની એક અનુપમ રૂપવાળી કન્યા પોતાને શ્રેષ્ઠ પતિ મળે એ ઇચ્છાથી સ્વયંવરમંડપમાં આવી. તે વખતે તેને મેળવવા ઇચ્છતો દૈત્યપુત્ર વિરોચન ત્યાં આવ્યો, ત્યારે કેશિનીએ તે દૈત્યેંદ્રને આ પ્રમાણે પૂછ્યું. ૬,૭

केशिन्युवाच ॥ કેશિની બોલી:—

किं ब्राह्मणाः स्विच्छ्रेयांसो दितिजा स्विद्विरोचन ।
अथ केन स्म पर्यंकं सुधन्वा नाधिरोहति ॥ ८ ॥

હે વિરોચન ! બ્રાહ્મણો શ્રેષ્ઠ હશે કે દૈત્યો શ્રેષ્ઠ હશે ? જો બ્રાહ્મણો શ્રેષ્ઠ હોય, તો શા માટે સુધન્વા બ્રાહ્મણ પલંગ ઉપર ન બેસે ? ૮

विरोचन उवाच ॥ વિરોચન બોલ્યો:—

प्राजापत्यास्तु वै श्रेष्ठा वयं केशिनि सत्तमाः ।
अस्माकं खल्विमे लोकाः के देवाः के द्विजातयः ॥ ९ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે કેશિની! અમે પ્રજાપતિથી ઉત્પન્ન થયા છીએ, એટલે અમે સર્વથી શ્રેષ્ઠ છીએ. આ સર્વ લોક અમારા જ છે, એટલે અમારી આગળ દેવો કોણ અને બ્રાહ્મણો કોણ? ૯

केशिन्युवाच ॥ કેશિની બોલી:—

इहैवावां प्रतीक्षाव उपस्थाने विरोचन।
सुधन्वा प्रातरागन्ता पश्येयं वां समागतौ ॥ १० ॥

હે વિરોચન! આ સ્વયંવરમંડપમાં જ આપણે આ વાતની ખાતરી કરીશું. કાલે સવારે સુધન્વા અહીં આવનારો છે. તે વખતે તમને બંનેને હું એકઠા મળેલા જોઈશ. ૧૦

विरोचन उवाच ॥ વિરોચન બોલ્યા:—

तथा भद्रे करिष्यामि यथा त्वं भीरु भाषसे।
सुधन्वानं च मां चैव प्रातर्द्रष्टासि संगतौ ॥ ११ ॥

હે કલ્યાણી! તું કહે છે તેમ હું કરીશ. હે ભીરુ! કાલે સવારે સુધન્વાને અને મને તું એકઠા મળેલા જોજે. ૧૧

विदुर उवाच ॥ વિદુર બોલ્યા:—

अतीतायां च शर्वर्यामुदिते सूर्यमंडले।
अथाजगाम तं देशं सुधन्वा राजसत्तम।
विरोचनो यत्र विभो केशिन्या सहितः स्थितः ॥ १२ ॥
सुधन्वा च समागच्छत्प्राह्लादिं केशिनीं तथा।
समागतं द्विजं दृष्ट्वा केशिनी भरतर्षभ।
प्रत्युत्थायासनं तस्मै पाद्यमर्घ्यं ददौ पुनः ॥ १३ ॥

હે રાજશ્રેષ્ઠ! તે રાત વીતી ગઈ અને બીજા દિવસનું સૂર્યમંડળ ઉદય પામ્યું; એટલે હે વિભુ! જે સ્થાને વિરોચન કેશિનીની સાથે બેઠો હતો તે સ્થાને સુધન્વા આવી પહોંચ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી સુધન્વા, પ્રહ્લાદપુત્ર વિરોચન તથા કેશિનીની પાસે ગયો. આમ હે ભરતશ્રેષ્ઠ! એ બ્રાહ્મણને આવેલો જોઇને કેશિની ઊભી થઈ, તેણે તેને આસન આપ્યું અને વળી પાદ્ય તથા અર્ઘ્ય આપ્યાં. (એટલામાં વિરોચને, 'સુવર્ણાસન ઉપર મારી સાથે બેસો,' એવી સુધન્વાને પ્રાર્થના કરી.) ૧૨,૧૩

સુધન્વોવાચ ॥ સુધન્વા બોલ્યો:—

अन्वालभे हिरण्मयम्प्राह्लादे ते वरासनम् ।
एकत्वमुपसम्पन्नो न त्वाऽसेहं त्वया सह ॥ १४ ॥

હે પ્રહ્લાદપુત્ર! હું તારા સુવર્ણમય શ્રેષ્ઠ આસનનો માત્ર સ્પર્શ જ કરીશ; પણ તારો સમાન થઈને હું તારી સાથે એક આસન પર બેસીશ નહિ. ૧૪

विरोचन उवाच ॥ વિરોચન બોલ્યો:—

तवार्हते तु फलकं कूर्चं वाप्यथवा बृसी ।
सुधन्वन्नत्वमर्होऽसि मया सह समासनम् ॥ १५ ॥

હે સુધન્વા! તને તો પાટલો, સાદડી અથવા દર્ભનું સારું આસન જ યોગ્ય છે. તું મારી સાથે એક આસન પર બેસવાને યોગ્ય પણ નથી! ૧૫

સુધન્વોવાચ ॥ સુધન્વા બોલ્યો:—

पितापुत्रौ सहासीतां द्वौ विप्रौ क्षत्रियावपि ।
वृद्धौ वैश्यौ च शूद्रौ च न त्वन्यावितरेतरम् ॥ १६ ॥
पिता हि ते समासीनमुपासीतैव मामधः ।
बालः सुखैधितो गेहे न त्वं किंचन बुध्यसे ॥ १७ ॥

પિતા-પુત્ર સાથે બેસી શકે, બે બ્રાહ્મણ સાથે બેસી શકે, બે ક્ષત્રિય સાથે બેસી શકે, બે વૃદ્ધ વૈશ્ય એક આસને બેસી શકે અને બે શૂદ્ર એક આસન પર બેસી શકે; પરંતુ જુદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતિના પુરુષો એક આસન ઉપર સાથે બેસી શકે નહિ. હું બેઠો હોઉં તે વખતે તારો પિતા, મારા પગ આગળ ઊભો રહીને મારી સેવા કરે છે; પરંતુ તું હજી બાળક છે અને ઘરમાં લાડથી ઊછર્યો છે, તેથી તું કંઈ જાણતો નથી.૧૬,૧૭

विरोचन उवाच ॥ વિરોચન બોલ્યો:—

हिरण्यं च गवाश्वं च यद्वित्तमसुरेषु नः ।
सुधन्वन्विपणे तेन प्रश्नं पृच्छाव ये विदुः ॥ १८ ॥

હે સુધન્વા! સુવર્ણ, ગાય, ઘોડા વગેરે જે ધન અમારા અસુરો પાસે છે, તે બધું શરતમાં મૂકીને આપણે બંને કોઈ જાણકાર પુરુષને એ વિષે પ્રશ્ન પૂછીએ. ૧૮

सुधन्वोवाच ॥ સુધન્વા બોલ્યા:—

हिरण्यं च गवाश्वं च तवैवास्तु विरोचन ।
प्राणयोस्तु पणं कृत्वा प्रश्नं पृच्छाव ये विदुः ॥ १९ ॥

હે વિરોચન! તારું સુવર્ણ, ગાય અને ઘોડા—એ સર્વ તારી પાસે જ રહેવા દે. આપણે બંનેના પ્રાણની શરત કરીને જે જાણકાર પુરુષ હોય તેને પ્રશ્ન પૂછીએ. ૧૯

विरोचन उवाच ॥ વિરોચન બોલ્યો:—

आवां कुत्र गमिष्यावः प्राणयोर्विपणे कृते ।
न तु देवेष्वहं स्थाता न मनुष्येषु कर्हिचित् ॥ २० ॥

આપણે બંને પ્રાણની શરત કરીને કોને પૂછવા જઈશું? કારણ કે હું દેવોની આગળ તથા મનુષ્યોની આગળ કદી પણ ઊભો રહીશ નહિ. ૨૦

सुधन्वोवाच ॥ સુધન્વા બોલ્યો:—

पितरं ते गमिष्यावः प्राणयोर्विपणे कृते ।
पुत्रस्यापि स हेतोर्हि प्रह्लादो नानृतं वदेत् ॥ २१ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે પ્રાણની શરત કરીને તારા પિતાની આગળ જ જઈશું; કારણ કે એ પ્રહ્લાદ, પોતાના પુત્રને માટે પણ કદી અસત્ય બોલશે નહિ. ૨૧

विदुर उवाच ॥ વિદુર બોલ્યા:—

एवं कृतपणौ क्रुद्धौ तत्राभिजग्मतुस्तदा ।
विरोचनसुधन्वानौ प्रह्लादो यत्र तिष्ठति ॥ २२ ॥

આ પ્રમાણે ક્રોધે ભરાયેલા વિરોચન તથા સુધન્વા પ્રાણની શરત કરીને તે જ વખતે વિરોચનના પિતા પ્રહ્લાદ જ્યાં બેઠા હતા ત્યાં ગયા. ૨૨

प्रह्लाद उवाच ॥ પ્રહ્લાદ બોલ્યા:—

इमौ तौ संप्रदृश्येते याभ्यां न चरितं सह ।
आशीविषाविव क्रुद्धावेकमार्गाविहागतौ ॥ २३ ॥
किं वै सहैवं चरथो न पुरा चरथः सह ।
विरोचनैतत्पृच्छामि किं ते सख्यं सुधन्वना ॥ २४ ॥

અરે! આજ સુધી જે કદી સાથે ચાલ્યા નથી તે આ બંને, ક્રોધ પામેલા બે ઝેરી સાપોની જેમ એક જ માર્ગે અહીં આવતા જણાય છે. હે વિરોચન! તમે બંને પહેલાં કદી સાથે ફરતા ન હતા અને આજે આમ બંને સાથે કેમ? હું તને પૂછું છું કે, સુધન્વાની સાથે તારે મૈત્રી થઈ છે કે શું?

विरोचन उवाच ॥ વિરોચન બોલ્યો:—

न मे सुधन्वना सख्यं प्राणयोर्विपणावहे ।
प्रह्लाद तत्त्वं पृच्छामि मा प्रश्नमनृतं वदः ॥ २५ ॥

મારે સુધન્વા સાથે મૈત્રી નથી, પણ અમે બંનેએ પ્રાણની શરત કરી છે. માટે હે પ્રહ્લાદ! હું સત્ય પૂછું છું, તમે પ્રશ્નનો મિથ્યા ઉત્તર આપશો નહિ. ૨૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રહ્‌લાદ પાસે વિરોચને પોતાની શરત જણાવી

प्रह्लाद उवाच ॥ પ્રહ્‌લાદ બોલ્યા:—

उदकं मधुपर्कं चाप्यानयन्तु सुधन्वने ।
ब्रह्मन्नभ्यर्चनीयोऽसि श्वेता गौः पीवरी कृता ॥ २६ ॥

હે બ્રહ્મન્! તમે પૂજવા યોગ્ય છો. અરે ઓ! કોઈ સુધન્વાને માટે જળ, મધુપર્ક તથા મધુપર્કને માટે પુષ્ટ કરેલી શ્વેત ગાય લઈ આવો! ૨૬

સુધન્વાનો ઉત્તમતા વિષે પ્રશ્ન

सुधन्वोवाच ॥ સુધન્વા બોલ્યો:—

उदकं मधुपर्कं च पथिष्वेवार्पितं मम ।
प्रह्लाद त्वं तु मे तथ्यं प्रश्नं प्रब्रूहि पृच्छतः ।
किं ब्राह्मणाः स्विच्छ्रेयांस उताहो स्विद्विरोचनः ॥ २७ ॥

જળ તથા મધુપર્ક તો મને માર્ગમાં જ અર્પણ થયાં છે; પણ હે પ્રહ્‌લાદ! હું આ પ્રશ્ન કરું છું, તેનો તમે સત્ય ઉત્તર આપો. શું બ્રાહ્મણો શ્રેષ્ઠ છે કે વિરોચન? ૨૭

प्रह्लाद उवाच ॥ પ્રહ્‌લાદ બોલ્યા:—

पुत्र एको मम ब्रह्मंस्त्वं च साक्षादिहास्थितः ।
तयोर्विवदतोः प्रश्नं कथमस्मद्विधो वदेत् ॥ २८ ॥

હે બ્રહ્મન્! એક તરફ મારો પુત્ર છે અને બીજી તરફ સાક્ષાત્ તમે અહીં બેઠા છો. આમ તમે બંને વિવાદ કરી રહ્યા છો, ત્યારે મારા જેવો શી રીતે પ્રશ્નનો ઉત્તર આપી શકે?

सुधन्वोवाच ॥ સુધન્વા બોલ્યો:—

गां प्रदद्यास्त्वौरसाय यद्वान्यत्स्यात्प्रियं धनम् ।
द्वयोर्विवदतोस्तथ्यं वाच्यं च मतिमंस्त्वया ॥ २९ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે બુદ્ધિમાન! તમે ગાય તથા બીજું જે પ્રિય ધન હોય તે તમારા ઔરસ પુત્રને જ આપજો; પણ તમારે વિવાદ કરતા અમને બંનેને સત્ય કહેવું જ જોઇએ. ૨૯

प्रह्लाद उवाच ॥ પ્રહ્લાદ બોલ્યા:—

अथ यो नैव प्रब्रूयात्सत्यं वा यदि वानृतम् ।
एतत्सुधन्वन्पृच्छामि दुर्विवक्ता स्म किं वसेत् ॥ ३० ॥

હે સુધન્વા! હું પૂછું છું કે, મનુષ્ય સત્ય ન બોલે અથવા અસત્ય જ કહે, તો તે મિથ્યાવાદીને શું દુઃખ પડે? ૩૦

सुधन्वोवाच ॥ સુધન્વા બોલ્યો:—

यां रात्रिमधिविन्ना स्त्री यां चैवाक्षपराजितः ।
यां च भाराभितप्ताङ्गो दुर्विवक्ता स्म तां वसेत् ॥ ३१ ॥
नगरे प्रतिरुद्धः सन् बहिर्द्वारे बुभुक्षितः ।
अमित्रान् भूयसः पश्येद्यः साक्ष्यमनृतं वदेत् ॥ ३२ ॥

જેના ઉપર શોક્ય આવી હોય એવી સ્ત્રીને, જુગારમાં સર્વસ્વ હારેલાને અને ભાર ઉપાડવાથી જેનું અંગ કળતું હોય તેને જેવી દુઃખમય રાત કાઢવી પડે છે, તેવી જ દુઃખમય રાત્રિ અન્યાયયુક્ત બોલનારાને કાઢવી પડે છે. પોતાના નગરમાં જ કેદ પડેલો, ક્ષુધાથી વ્યાકુળ થયેલો અને આંગણા બહાર જ પુષ્કળ શત્રુઓ જોનારો જે દુઃખ પામે છે, તે દુઃખ ખોટી સાક્ષી પૂરનારાને પ્રાપ્ત થાય છે. ૩૧,૩૨

पञ्च पश्वनृते हन्ति दश हन्ति गवानृते ।
शतमश्वानृते हन्ति सहस्रं पुरुषानृते ॥ ३३ ॥
हन्ति जातानजातांश्च हिरण्यार्थेऽनृतं वदन् ।
सर्वं भूम्यनृते हन्ति मास्म भूम्यनृतं वदेः ॥ ३४ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાન્ય પશુને માટે ખોટું બોલનારો પોતાના પાંચ પૂર્વજોને નરકમાં નાખે છે; ગાયને માટે ખોટું બોલનારો દશ પૂર્વજોને નરકમાં નાખે છે; ઘોડાને માટે ખોટું બોલનારો, સો પૂર્વજોને નરકમાં નાખે છે અને પુરુષને માટે ખોટું બોલનારો હજાર પૂર્વજોને નરકમાં નાખે છે. સોનાને માટે ખોટું બોલનારો થયેલા તથા થનારા વંશજોને નરકમાં નાખે છે અને ભૂમિને માટે ખોટું બોલનારો પોતાના સર્વસ્વનો નાશ કરે છે. આથી તમે ભૂમિતુલ્ય કેશિનીને માટે ખોટું બોલશો નહિ.૩૩,૩૪

प्रह्लाद उवाच ॥ પ્રહ્લાદ બોલ્યા:—

मत्तः श्रेयानंगिरा वै सुधन्वा त्वद्विरोचन ।
मातास्य श्रेयसी मातुस्तस्मात्त्वं तेन वै जितः ॥ ३५ ॥
विरोचन सुधन्वायं प्राणानामीश्वरस्तव ।
सुधन्वन्पुनरिच्छामि त्वया दत्तं विरोचनम् ॥ ३६ ॥

હે વિરોચન! આ સુધન્વાના પિતા અંગિરા મારા કરતાં શ્રેષ્ઠ છે, સુધન્વા તારા કરતાં શ્રેષ્ઠ છે અને એની માતા તારી માતા કરતાં શ્રેષ્ઠ છે; માટે સુધન્વાએ તને જીત્યો છે. હે વિરોચન! આ સુધન્વા તારા પ્રાણનો સ્વામી છે. હવે હે સુધન્વા! તમે મને વિરોચન પાછો આપો, એમ હું ઇચ્છું છું.૩૫,૩૬

सुधन्वोवाच ॥ સુધન્વા બોલ્યો:—

यद्धर्ममवृणीथास्त्वं न कामादनृतं वदीः ।
पुनर्ददामि ते पुत्रं तस्मात्प्रह्लाद दुर्लभम् ॥ ३७ ॥
एष प्रह्लाद पुत्रस्ते मया दत्तो विरोचनः ।
पादप्रक्षालनं कुर्यात्कुमार्याः सन्निधौ मम ॥ ३८ ॥

હે પ્રહ્લાદ! તમે ધર્મનો સ્વીકાર કર્યો છે અને પુત્રલોભને લીધે ખોટું બોલ્યા નથી, તેથી તમારો દુર્લભ પુત્ર હું તમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછો આપું છું. હે પ્રહ્લાદ! આ મેં આપ્યો તમારો પુત્ર વિરોચન! એ મારી સમક્ષ જ આ કુમારી કેશિનીના પગ ધૂવો. (હળદરથી પગ ધોઈ લગ્ન કરો.) ૩૭,૩૮

विदुर उवाच ॥ વિદુર બોલ્યા:—

तस्माद्राजेन्द्र भूम्यर्थे नानृतं वक्तुमर्हसि ।
मागमः ससुतामात्यो नाशं पुत्रार्थमब्रुवन् ॥ ३९ ॥

માટે હે રાજેન્દ્ર! તમારે પૃથ્વીને માટે જૂઠું બોલવું યોગ્ય નથી. પુત્રને માટે અસત્ય બોલીને તમે પુત્રો તથા અમાત્યોની સાથે નાશ ન પામો. ૩૯

સારી મતિ સુખકારી છે

न देवा दण्डमादाय रक्षन्ति पशुपालवत् ।
यं तु रक्षितुमिच्छन्ति बुद्धया संविभजंति तम् ॥ ४० ॥

દેવો કંઈ ગોવાળોની પેઠે હાથમાં લાકડી લઈને રક્ષણ કરતા નથી; પણ તેઓ તો જેનું રક્ષણ કરવા ઇચ્છે છે, તેની બુદ્ધિમાં તેઓ વધારો કરે છે. ૪૦

यथा यथा हि पुरुषः कल्याणे कुरुते मनः ।
तथा तथास्य सर्वार्थाः सिध्यन्ते नात्र संशयः ॥ ४१ ॥

પુરુષ જેમ જેમ શુભ કર્મો કરવામાં મન જોડે છે, તેમ તેમ તેના સર્વ અર્થો સિદ્ધ થાય છે, એમાં સંશય નથી. ૪૧

કપટીની વહાર કોઈ પણ કરતું નથી

नैनं छंदांसि वृजिनात्तारयन्ति मायाविनं मायया वर्तमानम् ।
नीडं शकुन्ता इव जातपक्षाश्छन्दांस्येनं प्रजहत्यन्तकाले ॥४२॥

કપટથી કર્મ કરનારા કપટી મનુષ્યને વેદો પાપથી તારતા નથી; પણ પાંખ આવેલાં પક્ષીઓ જેમ માળાને છોડી જાય છે, તેમ એ વેદો કપટી મનુષ્યને અંતકાળે છોડી જાય છે. ૪૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તજવાલાયક વસ્તુઓ

मद्यपानं कलहं पूगवैरं भार्यापत्योरन्तरं ज्ञातिभेदम् ।
राजद्विष्टं स्त्रीपुंसयोर्विवादं वर्ज्यान्याहुर्यश्च पंथाः प्रदुष्टः ॥४३॥

મદિરાપાન, ક્લેશ, ઘણા સાથે વૈર, પતિપત્ની વચ્ચે વિયોગ પડાવવો, જ્ઞાતિમાં ભેદ પડાવવો, રાજાના શત્રુની સંગતિ, સ્ત્રીપુરુષનો ક્લેશ અને નિંદાપાત્ર માર્ગ—એ છોડી દેવાં, એમ વિદ્વાનો કહે છે. ૪૩

સાક્ષીમાં કોને લેવા નહિ

सामुद्रिकं वणिजं चोरपूर्वं शलाकधूर्तं च चिकित्सकं च ।
अरिं च मित्रं च कुशीलवं च नैतान्साक्ष्ये त्वधिकुर्वीत सप्त ॥

જે હાથની રેખા જોવાનો ધંધો કરતો હોય, જે પહેલાં ચોર હોય પણ પાછળથી વેપારી બન્યો હોય, જે સળી અથવા પાસાથી શુકન કહીને ધૂતી ખાતો હોય, જે વૈદ્ય હોય, શત્રુ હોય, મિત્ર હોય અને જે ભાંડભવૈયો હોય, એ સાતને સાક્ષીમાં લેવા નહિ. ૪૪

માન ખાતર કરેલાં કર્મનું ફળ

मानाग्निहोत्रमुत मानमौनं मानेनाधीतमुत मानयज्ञः ।
एतानि चत्वार्यभयंकराणि भयं प्रयच्छन्त्ययथाकृतानि ॥४५॥

અગ્નિહોત્ર, ધ્યાન, અધ્યયન અને યજ્ઞ આ ચાર અભય આપનારાં છે; પરંતુ એ જ ચાર જો ઊલટી રીતે દંભથી અથવા માનની લાલસાથી કરવામાં આવ્યાં હોય, તો તે દુઃખ આપનારાં થાય છે. ૪૫

બ્રહ્મહત્યારા કોને કહેવાય?

अगारदाही गरदः कुंडाशी सोमविक्रयी ।
पर्वकारश्च सूची च मित्रध्रुक् पारदारिकः ॥ ४६ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भ्रूणहा गुरुतल्पी च यश्च स्यात्पानपो द्विजः ।
अतितीक्ष्णश्च काकश्च नास्तिको वेदनिंदकः ॥ ४७ ॥
स्रुवप्रग्रहणो व्रात्यः कीनाशश्चात्मवानपि ।
रक्षेत्युक्तश्च यो हिंस्यात् सर्वे ब्रह्महभिः समाः ॥ ४८ ॥

ઘર બાળનાર, ઝેર દેનાર, ભગભક્ષક× (ભડવો), સોમરસ વેચનાર, બાણ બનાવનાર, નક્ષત્ર સૂચવનાર અથવા ચાડિયો, મિત્રદ્રોહી, પરસ્ત્રીનો સંગ કરનાર, ગર્ભપાત કરાવનાર, ગુરુની સ્ત્રી સાથે ગમન કરનાર, બ્રાહ્મણ હોઈને મદ્યપાન કરનાર, અતિ ક્રૂર, ઘામાં ચાંચો મારનારા કાગડાની પેઠે બીજાને દુઃખમાં વધારે ડૂબવનાર, નાસ્તિક, વેદની નિંદા કરનાર, ગામોટ, રાજાએ આપેલી આજીવિકાના પ્રતાપે લાંચરુશવત લેનાર, જેનો જનોઈ દેવાનો સમય જતો રહ્યો હોય તે, ખેડૂત અને જે પોતે સમર્થ છતાં તથા 'મારું રક્ષણ કર' એમ કહેવા છતાં મારી નાખે તે–આ સર્વે બ્રહ્મહત્યા કરનારના જેવા પાતકી છે. ૪૬–૪૮

પરીક્ષા કરવાનાં સાધનો

तृणोल्कया ज्ञायते जातरूपं वृत्तेन भद्रो व्यवहारेण साधुः ।
शूरो भयेष्वर्थकृच्छ्रेषु धीरः कृच्छ्रेष्वापत्सु सुहृदश्चारयश्च ॥४९॥

તરણાના અગ્નિથી અંધારામાં રહેલી વસ્તુ જણાય છે, વર્તન ઉપરથી મનુષ્યની ધાર્મિકતા પરખાય છે અને વ્યવહારથી તેની સાધુતા વરતાય છે. શૂરાની પરીક્ષા ભયને પ્રસંગે થાય છે, ધીરજની પરીક્ષા આર્થિક આપત્તિમાં થાય છે, મિત્રોની પરીક્ષા સંકટમાં થાય છે અને શત્રુઓની પરીક્ષા આપત્તિમાં થાય છે. ૪૯

× ધણી જીવતો હોય ત્યારે જે સ્ત્રી વ્યભિચારથી પુત્ર ઉત્પન્ન કરે, તેને 'કુંડ' કહેવામાં આવે છે અને તેવા 'કુંડ' પુરુષના નિમિત્તે અથવા આધારે જે પુરુષ પોતાની આજીવિકા ચલાવે, તેને 'ભગભક્ષક' કહેવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપાદિનો નાશ કરનારી વસ્તુ

जरा रूपं हरति हि धैर्यमाशा मृत्युः प्राणान्धर्मचर्यामसूया ।
क्रोधः श्रियं शीलमनार्यसेवा ह्रियं कामः सर्वमेवाभिमानः ॥५०

વૃદ્ધાવસ્થા રૂપને હરે છે, આશા ધૈર્યને હરે છે, મૃત્યુ પ્રાણને હરે છે, ઈર્ષ્યા ધર્માચરણને હરે છે, ક્રોધ લક્ષ્મીને હરે છે, નીચની સેવા શીલને હરે છે, કામ લજ્જાને હરે છે અને અભિમાન સર્વ કંઈને હરી લે છે. ૫૦

श्रीर्मंगलात्प्रभवति प्रागल्भ्यात्संप्रवर्धते ।
दाक्ष्यात्तु कुरुते मूलं संयमात्प्रतितिष्ठति ॥ ५१ ॥
अष्टौ गुणाः पुरुषं दीपयन्ति प्रज्ञा च कौल्यं च दमः श्रुतं च ।
पराक्रमश्चाबहुभाषिता च दानं यथाशक्ति कृतज्ञता च ॥५२॥

લક્ષ્મી મંગળકાર્યો કરવાથી ઉત્પન્ન થાય છે, પ્રૌઢતાથી વધે છે, ડહાપણથી મૂળ ઘાલે છે અને ઇંદ્રિયોને વશ કરવાથી–સંયમથી સ્થિર થાય છે. બુદ્ધિ, કુલીનતા, ઇંદ્રિયનિગ્રહ, શાસ્ત્રજ્ઞાન, પરાક્રમ, માપસર ભાષણ, યથાશક્તિ દાન અને કૃતજ્ઞતા–આ આઠ ગુણો પુરુષને દિપાવે છે. ૫૧,૫૨

एतान्गुणांस्तात महानुभावानेको गुणः संश्रयते प्रसह्य ।
राजा यदा सत्कुरुते मनुष्यं सर्वान्गुणानेष गुणो बिभाति ॥५३॥

હે તાત! એક ગુણ આ મહાન મહિમાવાળા આઠ ગુણોનો બલપૂર્વક આશ્રયરૂપ છે; રાજા જ્યારે મનુષ્યને સત્કારે છે, ત્યારે આગલા રાજસન્માનરૂપી એ ગુણ સર્વ ગુણોને શોભાવે છે. ૫૩

સ્વર્ગ આપનારી આઠ વસ્તુઓ

अष्टौ नृपेमानि मनुष्यलोके स्वर्गस्य लोकस्य निदर्शनानि ।
चत्वार्येषामन्ववेतानि सद्भिश्चत्वारि चैषामनुयान्ति सन्तः॥५४॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यज्ञो दानमध्ययनं तपश्च चत्वार्येतान्यन्ववेतानि सद्भिः ।
दमः सत्यमार्जवमानृशंस्यं चत्वार्येतान्यनुयान्ति सन्तः ॥५५॥

હે મહારાજ! મનુષ્યલોકમાં યજ્ઞ, દાન, અધ્યયન, તપ, ઇંદ્રિયનિગ્રહ, સત્ય, સરળતા અને અક્રૂરતા—આ આઠ ગુણો સ્વર્ગલોક આપનારા છે. એમાંના ચાર ગુણો સત્પુરુષોમાં સ્વાભાવિક હોય છે અને બીજા ચાર ગુણોને સત્પુરુષો અનુસરે છે. યજ્ઞ, દાન, અધ્યયન અને તપ આ ચાર સત્પુરુષો જોડે જોડાયલાં છે; ત્યારે ઇંદ્રિયનિગ્રહ, સત્ય, સરળતા તથા દયાળુતા આ ચારને સજ્જનો અનુસરે છે. ૫૪,૫૫

ધર્મના આઠ માર્ગ

इज्याध्ययनदानानि तपः सत्यं क्षमा घृणा ।
अलोभ इति मार्गोऽयं धर्मस्याष्टविधः स्मृतः ॥ ५६ ॥
तत्र पूर्वचतुर्वर्गो दम्भार्थमपि सेव्यते ।
उत्तरश्च चतुर्वर्गो नामहात्मसु तिष्ठति ॥ ५७ ॥

યજન, અધ્યયન, દાન, તપ, સત્ય, ક્ષમા, દયા અને ઉદારતા—આ આઠ પ્રકારનો ધર્મનો માર્ગ કહેવામાં આવ્યો છે. એમાંના પ્રથમના ચારનો વર્ગ દંભને માટે પણ સેવન કરાય છે અને પાછલા ચારનો વર્ગ મહાત્મા સિવાય બીજામાં રહેતો નથી.

સભા વગેરેની ઓળખાણ

न सा सभा यत्र न सन्ति वृद्धा न ते वृद्धा ये न वदन्ति धर्मम् ।
नासौ धर्मो यत्र न सत्यमस्ति न तत्सत्यं यच्छलेनाभ्युपेतम् ॥

તે સભા નથી, જેમાં વૃદ્ધો નથી; તે વૃદ્ધો નથી, જે ધર્મ કહેતા નથી; તે ધર્મ નથી, જેમાં સત્ય નથી અને તે સત્ય નથી, જે છળથી મુક્ત નથી. ૫૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વર્ગમાં લઈ જનારી દશ વસ્તુ

सत्यं रूपं श्रुतं विद्या कौल्यं शीलं बलं धनम् ।
शौर्यं च चित्रभाष्यं च दशेमे स्वर्गयोनयः ॥५९॥

સત્ય, સૌમ્ય રૂપ, શાસ્ત્રાભ્યાસ, દેવોપાસના, કુલીનતા, શીલ, બળ, ધન, શૌર્ય અને યુક્તિયુક્ત વચન—આ દશ સ્વર્ગના હેતુ છે. ૫૯

પુણ્યપાપનાં ફળ

पापं कुर्वन्पापकीर्तिः पापमेवाश्नुते फलम् ।
पुण्यं कुर्वन्पुण्यकीर्तिः पुण्यमत्यंतमश्नुते ॥६०॥

પાપકીર્તિવાળો મનુષ્ય પાપ કરીને પાપનું જ ફળ ભોગવે છે અને પુણ્યકીર્તિવાળો મનુષ્ય પુણ્ય કરીને અત્યંત પુણ્યને જ ભોગવે છે. ૬૦

બુદ્ધિનાશનો હેતુ

तस्मात्पापं न कुर्वीत पुरुषः शंसितव्रतः ।
पापं प्रज्ञां नाशयति क्रियमाणं पुनःपुनः ॥६१॥
नष्टप्रज्ञः पापमेव नित्यमारभते नरः ।
पुण्यं प्रज्ञां वर्धयति क्रियमाणं पुनःपुनः ॥६२॥

તેથી સદાચારી પુરુષે પાપ કરવું નહિ. વારંવાર કરવામાં આવેલું પાપ બુદ્ધિનો નાશ કરે છે. એમ બુદ્ધિરહિત થયેલો પુરુષ નિત્ય પાપકર્મ જ કર્યા કરે છે, ત્યારે વારંવાર કરવામાં આવેલું પુણ્ય બુદ્ધિની વૃદ્ધિ કરે છે. ૬૧,૬૨

સુમતિનું ફળ

वृद्धप्रज्ञः पुण्यमेव नित्यमारभते नरः ।
पुण्यं कुर्वन्पुण्यकीर्तिः पुण्यं स्थानं स्म गच्छति ।
तस्मात्पुण्यं निषेवेत पुरुषः सुसमाहितः ॥६३॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ વિશાળ બુદ્ધિવાળો પુરુષ નિત્ય પુણ્યકર્મ જ કર્યા કરે છે. પુણ્ય કરનારો પુરુષ પુણ્યકીર્તિ રળીને પુણ્યસ્થાનમાં જાય છે. તેથી પુરુષે સાવધાન થઈને સત્કર્મનું જ સેવન કરવું. ૬૩

કોણ મહા આપત્તિમાં આવે છે?

असूयको दंदशूको निष्ठुरो वैरकृच्छठः ।
स कृच्छ्रं महदाप्नोति न चिरात्पापमाचरन् ॥ ६४ ॥
अनसूयुः कृतप्रज्ञः शोभनान्याचरन्सदा ।
नकृच्छ्रं महदाप्नोति सर्वत्र च विरोचते ॥ ६५ ॥

ઈર્ષ્યાળુ, બીજાના મર્મને દુઃખ આપનાર, અપ્રિય વાણીવાળો, વૈરકર્તા અને શઠ—એ મનુષ્યો પાપાચરણ કરવાથી થોડા સમયમાં જ મોટું દુઃખ પામે છે. પણ જે ઈર્ષ્યારહિત છે અને સમજદાર છે, તે સર્વદા સારાં કામો કરવાને લીધે મહાન કષ્ટ પામતો નથી અને સર્વત્ર દીપી રહે છે. ૬૪,૬૫

પંડિત કોને જાણવો?

प्रज्ञामेवागमयति यः प्राज्ञेभ्यः स पण्डितः ।
प्राज्ञो ह्यवाप्य धर्मार्थौ शक्नोति सुखमेधितुम् ॥ ६६ ॥

જે વિદ્વાનો પાસેથી ડહાપણ જ મેળવે છે, તે પંડિત છે; કારણ કે તે ડાહ્યો મનુષ્ય ધર્મ તથા અર્થ સંપાદન કરીને સુખપૂર્વક જીવન ગાળે છે. ૬૬

કામ ક્યારે કરવું? તેનો વિચાર

दिवसेनैव तत्कुर्याद्येन रात्रौ सुखं वसेत् ।
अष्टमासेन तत्कुर्याद्येन वर्षाः सुखं वसेत् ॥ ६७ ॥
पूर्वे वयसि तत्कुर्याद्येन वृद्धः सुखं वसेत् ।
यावज्जीवेन तत्कुर्याद्येन प्रेत्य सुखं वसेत् ॥ ६८ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે કામ કરવાથી રાત્રે સુખે રહેવાય, તે કામ દિવસે જ કરી લેવું. જે કામ કરવાથી ચોમાસાના ચાર મહિનામાં સુખે રહેવાય, તે કામ આગલા આઠ મહિનામાં જ કરી લેવું. ઊતરતી વય પ્રાપ્ત થતાં જે કાર્ય કરવાથી સુખે રહેવાય, તે કાર્ય આગલી વયમાં જ કરી લેવું. પણ જે કામથી મૃત્યુ પછી સુખ સાંપડે તે કામ તો આખા જીવન સુધી કર્યા જ કરવું. ૬૭,૬૮

પરિણામે વખાણ થાય છે

जीर्णमन्नं प्रशंसन्ति भार्यां च गतयौवनाम् ।
शूरं विजितसंग्रामं गतपारं तपस्विनम् ॥ ६९ ॥

ડાહ્યા મનુષ્યો સારી રીતે પચેલા અન્નની, જુવાનીને ઓળંગી ગયેલી પત્નીની, સંગ્રામમાં વિજયને વરી આવેલા શૂરવીરની અને તત્ત્વના પારને પામેલા તપસ્વીની પ્રશંસા કરે છે. ૬૯

પાપીનાં છિદ્રો વધારે ઉઘાડાં પડે

धनेनाधर्मलब्धेन यच्छिद्रमपिधीयते ।
असंवृतं तद्भवति ततोऽन्यदवदीर्यते ॥ ७० ॥

જે મનુષ્ય અધર્મથી મળેલા ધનવડે પોતાનું છિદ્ર ઢાંકવા જાય છે, તેનું તે છિદ્ર ઢંકાતું તો નથી જ; ઊલટું તેથી તેનું બીજું છિદ્ર ઉઘાડું પડે છે. ૭૦

કોણ કોને શિક્ષા કરી શકે છે?

गुरुरात्मवतां शास्ता शास्ता राजा दुरात्मनाम् ।
अथ प्रच्छन्नपापानां शास्ता वैवस्वतो यमः ॥ ७१ ॥

ગુરુ જિતેન્દ્રિયોનો શાસક છે, રાજા દુરાત્માઓનો શાસક છે અને વૈવસ્વત યમ ગુપ્ત પાપીઓનો શાસક છે. ૭૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોનું સ્વરૂપ જણાતું નથી?

ऋषीणां च नदीनां च कुलानां च महात्मनाम् ।
प्रभवो नाधिगन्तव्यः स्त्रीणां दुश्चरितस्य च ॥ ७२ ॥

ઋષિઓનું, નદીઓનું, કુળોનું, મહાત્માઓનું અને સ્ત્રીઓનાં દુશ્ચરિત્રનું મૂળ જાણી શકાતું નથી. ૭૨

કયો રાજા ઘણા કાળ સુધી રાજ્ય કરી શકે?

द्विजातिपूजाभिरतो दाता ज्ञातिषु चार्जवी ।
क्षत्रियः शीलभाग्राजंश्चिरं पालयते महीम् ॥ ७३ ॥

હે રાજન્! બ્રાહ્મણોની પૂજા કરવામાં તત્પર, દાતા, પોતાની જ્ઞાતિના લોકો સાથે સરળતાથી વર્તનાર અને શીલસંપન્ન ક્ષત્રિય લાંબા કાળ સુધી રાજ્ય કરે છે. ૭૩

કયો માણસ કમાઈ શકે છે?

सुवर्णपुष्पां पृथिवीं चिन्वंति पुरुषास्त्रयः ।
शूरश्च कृतविद्यश्च यश्च जानाति सेवितुम् ॥ ७४ ॥

શૂરો, વિદ્વાન તથા સેવા કરી જાણનારો, આ ત્રણ પુરુષો સુવર્ણનાં પુષ્પોવાળી પૃથ્વીનાં સુવર્ણપુષ્પો વીણી લે છે. ૭૪

बुद्धिश्रेष्ठानि कर्माणि बाहुमध्यानि भारत ।
तानि जंघाजघन्यानि भारप्रत्यवराणि च ॥ ७५ ॥

હે ભારત! બુદ્ધિથી સાધ્ય થતાં કામો શ્રેષ્ઠ છે, બાહુબળથી સાધ્ય થતાં કામો મધ્યમ છે, કપટવડે સાધ્ય થતાં કામો અધમ છે અને સંકટથી સાધ્ય થતાં કામો અધમાધમ છે. ૭૫

दुर्योधनेऽथ शकुनौ मूढे दुःशासने तथा ।
कर्णे चैश्वर्यमाधाय कथं त्वं भूतिमिच्छसि ॥ ७६ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सर्वैर्गुणैरुपेतास्तु पाण्डवा भरतर्षभ ।
पितृवत्त्वयि वर्तन्ते तेषु वर्तस्व पुत्रवत् ॥ ७७ ॥

હે રાજા! દુર્યોધન, શકુનિ, મૂર્ખ દુઃશાસન તથા કર્ણને રાજ્યભાર સોંપીને, તમે કેવી રીતે ઐશ્વર્યની ઇચ્છા રાખો છો? હે ભરતશ્રેષ્ઠ! પાંડવો સર્વ ગુણોથી સંપન્ન છે અને તમારા પ્રત્યે પિતૃદૃષ્ટિ રાખીને વર્તે છે, તો તમે તેમના પ્રત્યે પુત્રદૃષ્ટિ રાખીને વર્તો. ૭૬,૭૭

इति श्रीमहाभारते उद्योगपर्वणि प्रजागरपर्वणि
विदुरनीतिवाक्ये तृतीयोऽध्यायः ॥३॥

ઇતિશ્રી મહાભારતમાં ઉદ્યોગપર્વાન્તર્ગત પ્રજાગરપર્વમાં
'વિદુરનીતિવાક્ય'માં અધ્યાય ૩ જો સમાપ્ત

અધ્યાય ૪ થો

विदुर उवाच ॥ વિદુર બોલ્યા:—

अत्रैवोदाहरन्तीममितिहासं पुरातनम् ।
आत्रेयस्य च संवादं साध्यानां चेति नः श्रुतम् ॥ १ ॥
चरंतं हंसरूपेण महर्षिं संशितव्रतम् ।
साध्या देवा महाप्राज्ञं पर्यपृच्छन्त वै पुरा ॥ २ ॥

હે રાજન્! આ સંબંધમાં આત્રેય અને સાધ્યોદેવોના સંવાદનો એક પુરાતન ઇતિહાસ ઉદાહરણરૂપે કહેવામાં આવે છે, એવું અમે સાંભળ્યું છે. પૂર્વે હંસ(પરિવ્રાજક)રૂપે ફરતા, ઉત્તમ વ્રતવાળા તથા મહાબુદ્ધિમાન એવા મહર્ષિ આત્રેય (દત્તાત્રેય)ની પાસે જઇને સાધ્યદેવોએ પ્રશ્ન કર્યો હતો. ૧,૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધ્યદેવોનો પ્રશ્ન

साध्या ऊचुः ॥ સાધ્યદેવો બોલ્યા:—

साध्या देवा वयमेते महर्षे दृष्ट्वा भवन्तं न शक्नुमोऽनुमातुम्।
श्रुतेन धीरो बुद्धिमांस्त्वं मतो नः काव्यां वाचं वक्तुमर्हस्युदाराम्

હે મહર્ષિ! અમે સાધ્ય દેવો છીએ. તમને જોઇને 'તમે અમુક છો' એવું અમે અનુમાન કરી શકતા નથી. તમે શાસ્ત્રજ્ઞાન વડે ધીર તથા બુદ્ધિમાન છો, એમ અમે માનીએ છીએ. આથી તમે અમને વિદ્વાનનાં લક્ષણુને કહેનારી ઉદાર વાણી કહેવાને યોગ્ય છો. ૩

અવશ્ય કરવા લાયક કર્મ

हंस उवाच ॥ હંસ બોલ્યા:—

एतत्कार्यममराः संश्रुतं मे धृतिः शमः सत्यधर्मानुवृत्तिः ।
ग्रन्थिं विनीय हृदयस्य सर्वं प्रियाप्रिये चात्मसमं नयीत ॥४॥

હે દેવો! ધૈર્ય રાખવું; ઇન્દ્રિયનિગ્રહ રાખવો, સત્ય–પરમાત્માના સાક્ષાત્કાર માટે ધ્યાન, ધારણા તથા સમાધિ આદિ ધર્મોનું અનુસરણ કરવું, હૃદયની સર્વ ગાંઠો (ચૈતન્ય આત્મા તથા જડ અંતઃકરણની એક ચપલતા)ને શિથિલ કરવી, પ્રિય તથા અપ્રિય (સુખદુઃખ)ને આત્મામાં લય પમાડવાં, એ કરવા યોગ્ય કાર્યો છે; એમ મેં ગુરુના મુખથી સાંભળ્યું છે. ૪

ક્ષમાશીલ પુણ્યભાગી થાય છે

आक्रुश्यमानो नाक्रोशेन्मन्युरेव तितिक्षतः ।
आक्रोष्टारं निर्दहति सुकृतं चास्य विंदति ॥ ५ ॥

કોઈ ગાળો દે તો પણ તેને સામી ગાળ દેવી નહિ. આમ જે ગાળને સહન કરે છે, તેનો ક્રોધ જ ગાળ દેનારને બાળી મૂકે છે; તેમ તેના પુણ્યને પ્રાપ્ત થાય છે. ૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नाक्रोशी स्यान्नावमानी परस्य मित्रद्रोही नोत नीचोपसेवी।
न चाभिमानी न च हीनवृत्तो रूक्षां वाचं रुषतीं वर्जयीत ॥६॥
मर्माण्यस्थीनि हृदयं तथासून् रूक्षा वाचो निर्दहन्तीह पुंसाम्।
तस्माद्वाचमुशतीमुग्ररूपां धर्मारामो नित्यशो वर्जयीत ॥७॥

કોઈને ગાળ ભાંડવી નહિ, કોઈને અપમાન આપવું નહિ, મિત્રનો દ્રોહ કરવો નહિ, નીચની સેવા કરવી નહિ, અભિમાની થવું નહિ, હીન આચરણ કરવું નહિ અને કઠોર તથા રોષભરી વાણી બોલવી નહિ. આ લોકમાં વાણી મનુષ્યોનાં મર્મસ્થાનોને, હાડકાંને, હૃદયને અને પ્રાણોને સુધ્ધાં બાળી મૂકે છે. માટે ધર્મપ્રિય પુરુષે ઉદ્ધત અને કઠોર વાણીનો નિત્ય ત્યાગ જ કરવો. ૬,૭

अरुंतुदं परुषं रूक्षवाचं वाक्कण्टकैर्वितुदन्तं मनुष्यान्।
विद्यादलक्ष्मीकतमं जनानां मुखे निबद्धां निर्ऋतिं वै वहन्तम्

જે મનુષ્ય મર્મને ભેદનારી ક્રૂર તથા કઠોર વાણીરૂપી કાંટા વડે મનુષ્યોને પીડા કરે છે, તેને મનુષ્યોમાં મહા હતભાગી સમજવો અને તે પોતાને મોઢે મેલું બાંધીને વહે છે એમ જાણવું. ૮

સજ્જન ક્ષમાશીલ જ હોય

परश्चेदेनमभिविध्येत बाणैर्भृशं सुतीक्ष्णैरनलार्कदीप्तैः।
स विध्यमानोऽप्यतिदह्यमानो विद्यात्कविः सुकृतं मे दधाति

સામો માણસ કોઈ સજ્જનને અગ્નિ તથા સૂર્ય જેવાં અત્યંત તીક્ષ્ણ અને પ્રદીપ્ત વાગ્બાણોથી અતિશય વીંધી નાખે, તો પણ તે વિદ્વાન તો આમ વીંધાયા છતાં અને આમ અતિશય દાહ લાગ્યા છતાં, એમ જ જાણે કે, આ તો મારાં પુણ્યમાં વધારો કરે છે. ૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવો સંગ તેવો રંગ

यदि सन्तं सेवति यद्यसन्तं तपस्विनं यदि वा स्तेनमेव ।
वासो यथा रंगवशं प्रयाति तथा स तेषां वशमभ्युपैति ॥१०॥

વસ્ત્ર જેવા રંગનો સંગ કરે છે તેવા રંગવાળું તે થાય છે, તેમ મનુષ્ય પણ સાધુ, અસાધુ, તપસ્વી તથા ચોર એ પૈકી જેની સંગતિ કરે છે, તેના જેવો થાય છે. ૧૦

દેવતાઓ કોને ચહાય છે?

अतिवादं न प्रवदेन्न वादयेद्यो नाहतः प्रतिहन्यान्न घातयेत् ।
हन्तुं च यो नेच्छति पापकं वै तस्मै देवाः स्पृहयन्त्यागताय ॥

કોઈ મર્યાદા ઓળંગીને વાદ કરે, તો પણ જે તેની સાથે વાદ કરતો નથી, તેમજ બીજાને વાદ કરવા ઉશ્કેરતો નથી; કોઈ મારી જાય તો પણ જે તેને સામો મારતો નથી તેમજ બીજા પાસે મરાવતો નથી અને જે પાપીને હણવા ઈચ્છતો નથી, તે સ્વર્ગમાં જાય છે અને દેવો પણ તેને ચહાય છે. ૧૧

ચાર જાતનું બોલવું

अव्याहृतं व्याहृताच्छ्रेय आहुः सत्यं वदेद्व्याहृतं तद्द्वितीयम् ।
प्रियं वदेद्व्याहृतं तत्तृतीयं धर्मं वदेद्व्याहृतं तच्चतुर्थम् ॥१२॥

બોલવા કરતાં મૌન રાખવું એ શ્રેષ્ઠ કહ્યું છે; મૌન કરતાં સત્ય બોલવું તે શ્રેષ્ઠ છે; તે કરતાં સત્ય તથા પ્રિય બોલવું એ વધુ શ્રેષ્ઠ છે અને તે કરતાં ધર્માનુરૂપ બોલવું સૌથી શ્રેષ્ઠ છે. ૧૨

પુરુષ સ્વતંત્ર છે

यादृशैः संनिविशते यादृशांश्चोपसेवते ।
यादृगिच्छेच्च भवितुं तादृग्भवति पूरुषः ॥ १३ ॥

પુરુષ જેવાની સાથે બેસે છે, જેવાની સેવા કરે છે અને જેવો થવા ઇચ્છે છે, તેવો તે થાય છે. ૧૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષયનો ત્યાગ તે જ દુઃખનો ત્યાગ

यतो यतो निवर्तते ततस्ततो विमुच्यते ।
निवर्तनाद्धि सर्वतो न वेत्ति दुःखमण्वपि ॥ १४ ॥
न जीयते चानुजिगीषतेऽन्यान्न वैरकृच्चाप्रतिघातकश्च ।
निंदाप्रशंसासु समस्वभावो न शोचते हृष्यति नैव चायम् ॥

પુરુષ જે જે વિષયથી દૂર થાય છે, તે તે વિષયનાં દુઃખથી તે મુક્ત થાય છે, એ પ્રકારે સર્વ વિષયથી મુક્ત થતાં તેને લગાર પણ દુઃખ રહેતું નથી. એવા પુરુષનો કોઈ પરાજય કરતું નથી, તેમ એ કોઇનો પરાજય કરવા ઈચ્છતો નથી. કોઈની સાથે એ વૈર કરતો નથી, તેમ કોઈનો એ નાશ કરતો નથી. એ નિંદા અને સ્તુતિમાં સમાનભાવ રાખે છે. એ શોક કરતો નથી અને હર્ષ પણ કરતો નથી. ૧૪,૧૫

ઉત્તમ પુરુષનાં લક્ષણો

भावमिच्छति सर्वस्य नाभावे कुरुते मनः ।
सत्यवादी मृदुर्दान्तो यः स उत्तमपूरुषः ॥ १६ ॥

જે સર્વનું કલ્યાણ ઇચ્છે છે અને કોઈનો અકલ્યાણની કલ્પના સરખી કરતો નથી, જે સત્ય બોલે છે, કોમળ ભાવ રાખે છે અને ઇન્દ્રિયોને વશ રાખે છે, તે ઉત્તમ પુરુષ છે. ૧૬

મધ્યમ પુરુષનાં લક્ષણો

नानर्थकं सान्त्वयति प्रतिज्ञाय ददाति च ।
रन्ध्रं परस्य जानाति यः स मध्यमपूरुषः ॥ १७ ॥

જે મિથ્યા સાંત્વન કરતો નથી, આપવા કહેલી વસ્તુ આપે છે અને બીજાનાં છિદ્રને જાણે છે, તે મધ્યમ પુરુષ છે. ૧૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધમ પુરુષનાં લક્ષણો

दुःशासनस्तूपहतोऽभिशस्तो नावर्तते मन्युवशात्कृतघ्नः ।
न कस्यचिन्मित्रमथो दुरात्मा कलाश्चैता अधमस्येह पुंसः ॥
न श्रद्दधाति कल्याणं परेभ्योऽप्यात्मशङ्कितः ।
निराकरोति मित्राणि यो वै सोऽधमपूरुषः ॥ १९ ॥

જેને મહાપરાણે પણ ઉપદેશ લાગતો નથી, જે માર ખાનારો છે, શસ્ત્રોથી ઘવાતાં છતાં જે ક્રોધને લીધે પાછો ફરતો નથી, જે કૃતઘ્ની છે, કોઈનો પણ મિત્ર નથી અને જે દુષ્ટ અંતઃકરણવાળો છે, તે પુરુષ અધમ વૃત્તિવાળો કહેવાય છે. જે કલ્યાણને માટે શ્રેષ્ઠ પુરુષો પર શ્રદ્ધા રાખતો નથી, જેને પોતાના પર પણ વિશ્વાસ નથી તથા જે મિત્રોનો પણ અનાદર કરે છે, તે અધમ પુરુષ છે. ૧૮,૧૯

કોનો સંગ કરવો?

उत्तमानेव सेवेत प्राप्तकाले तु मध्यमान् ।
अधमांस्तु न सेवेत य इच्छेद्भूतिमात्मनः ॥ २० ॥

જે મનુષ્યને પોતાની ચઢતીની ઇચ્છા હોય, તેણે ઉત્તમ પુરુષોની જ મૈત્રી કરવી. સંજોગવશાત્ મધ્યમોની સંગતિ કરવી. પણ ક્યારે ય અધમ પુરુષોની સંગતિ તો કરવી જ નહિ. ૨૦

કોનો અપયશ થાય છે?

प्राप्नोति वैवित्तमसद्बलेन नित्योत्थानात्प्रज्ञया पौरुषेण ।
न त्वेव सम्यग्लभते प्रशंसां न वृत्तमाप्नोति महाकुलानाम् ॥२१

મનુષ્યને નિંદિત બળ વડે, નિત્ય ઉદ્યોગ વડે, બુદ્ધિની યુક્તિ વડે તથા પુરુષાર્થ વડે ધન મળે છે ખરું, પરંતુ તેથી તે સારી પ્રશંસા પામતો નથી; તેમજ મહાકુલીનોના આચારને પ્રાપ્ત થતો નથી. ૨૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુળવાનનાં લક્ષણ

धृतराष्ट्र उवाच ॥ ધૃતરાષ્ટ્ર બોલ્યા:—

महाकुलेभ्यः स्पृहयन्ति देवा धर्मार्थनित्याश्च बहुश्रुताश्च ।
पृच्छामि त्वां विदुर प्रश्नमेतं भवन्ति वै कानि महाकुलानि ॥

બહુશ્રુત તથા ધર્મ અને અર્થમાં નિષ્ઠાવાળા દેવો પણ મહાકુળોની સ્પૃહા કરે છે; માટે હે વિદુર! હું તને પૂછું છું કે, મહાકુળ કોને કહેવાય? ૨૨

विदुर उवाच ॥ વિદુર બોલ્યા:—

तपो दमो ब्रह्मवित्तं वितानाः पुण्या विवाहाः सततान्नदानम्
येष्वेवैते सप्त गुणा वसन्ति सम्यग्वृत्तास्तानि महाकुलानि ॥
येषां हि वृत्तं व्यथते न योनिश्चित्तप्रसादेन चरन्ति धर्मम् ।
ये कीर्तिमिच्छन्ति कुले विशिष्टां त्यक्तानृतास्तानि महाकुलानि ॥ २४ ॥

તપ, ઇન્દ્રિયજય, વેદનું અધ્યયન તથા અધ્યાપન, યજ્ઞકર્મો, પવિત્ર વિવાહો, હંમેશાં અન્નદાન તથા સદાચાર—આ સાત ગુણો જે કુળોમાં હોય છે, તે મહાકુળો જાણવાં. જેમનું સદાચરણ ચલિત થતું નથી, જેમનું આચરણ માતાપિતાને દુઃખી કરતું નથી, જેઓ પ્રસન્નચિત્તથી ધર્માચરણ કરે છે, કુળની કીર્તિ વધારવા ઇચ્છે છે અને અસત્યનો ત્યાગ કરે છે, તેઓને મહાકુલીન જાણવા. ૨૩,૨૪

अनिज्यया कुविवाहैर्वेदस्योत्सादनेन च ।
कुलान्यकुलतां यान्ति धर्मस्यातिक्रमेण च ॥ २५ ॥
देवद्रव्यविनाशेन ब्रह्मस्वहरणेन च ।
कुलान्यकुलतां यान्ति ब्राह्मणातिक्रमेण च ॥ २६ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યજ્ઞયાગ ન કરવાથી, અયોગ્ય વિવાહ કરવાથી; વેદનું અધ્યયન ન કરવાથી અને ધર્મનું ઉલ્લંઘન કરવાથી, સારાં કુળો પણ દુષ્ટ કુળો થઈ જાય છે. દેવદ્રવ્યના વિનાશથી, બ્રાહ્મણનું દ્રવ્ય હરણ કરવાથી અને બ્રાહ્મણનું અપમાન કરવાથી મહાકુળો પણ નીચ કુળ થઈ જાય છે. ૨૫,૨૬

ब्राह्मणानां परिभवात्परिवादाच्च भारत ।
कुलान्यकुलतां यान्ति न्यासापहरणेन च ॥ २७ ॥
कुलानि समुपेतानि गोभिः पुरुषतोऽर्थतः ।
कुलसंख्यां न गच्छन्ति यानि हीनानि वृत्ततः ॥ २८ ॥

હે ભારત! બ્રાહ્મણોનો તિરસ્કાર કરવાથી, તેમની નિંદા કરવાથી તેમજ થાપણ ઓળવવાથી સારાં કુળો પણ હલકાં થઈ જાય છે. જે કુળો પુરુષો, ઢોરઢાંખર તથા ધનથી સંપન્ન હોય, છતાં જો સદાચારથી રહિત હોય, તો તે કુળો ઉચ્ચ કુળોની ગણનામાં રહેતાં નથી. ૨૭,૨૮

वृत्ततस्त्वविहीनानि कुलान्यल्पधनान्यपि ।
कुलसंख्यां च गच्छंति कर्षंति च महद्यशः ॥ २९ ॥
वृत्तं यत्नेन संरक्षेद्वित्तमेति च याति च ।
अक्षीणो वित्ततः क्षीणो वृत्ततस्तु हतो हतः ॥ ३० ॥

પરંતુ જે કુળો અલ્પ ધનવાળાં હોવા છતાં સદાચારથી સંપન્ન છે, તે ઉચ્ચ કુળની ગણનામાં ગણાય છે અને મોટો યશ પામે છે. આથી સદાચરણનું યત્નથી સદૈવ સંરક્ષણ કરવું. ધન તો આવે છે અને જાય છે. ધનથી ક્ષીણ થયેલો મનુષ્ય ક્ષીણ થયેલો ગણાતો નથી, પણ સદ્વર્તનથી ભ્રષ્ટ થયેલો મનુષ્ય તો સદાનો મૂઓ જ પડ્યો છે. ૨૯,૩૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गोभिः पशुभिरश्वैश्च कृष्या च सुसमृद्धया ।
कुलानि न प्ररोहन्ति यानि हीनानि वृत्ततः ॥ ३१ ॥
मा नः कुले वैरकृत्कश्चिदस्तु राजामात्यो मा परस्वापहारी ।
मित्रद्रोही नैकृतिकोऽनृती वा पूर्वाशी वा पितृदेवातिथिभ्य ॥

જે કુળો સદ્વર્તનથી હીન થઈ ગયાં છે, તે કુળો ફરી વિદ્યાઓથી, પશુઓથી, ઘોડાઓથી અથવા સારી સમૃદ્ધિયુક્ત ખેતીથી પણ ચઢતીમાં આવતાં નથી. અમારા કુળમાં કોઈ વૈર કરનાર ન થાઓ, પરદ્રવ્યને હરણ કરનારો રાજા અથવા અમાત્ય ન થાઓ, મિત્રદ્રોહી ન થાઓ, કપટી ન થાઓ, ખોટું બોલનારો ન થાઓ અને પિતૃ, દેવતા તથા અતિથિને ભાગ આપ્યા પહેલાં જમનારો કોઈ ન થાઓ ! ૩૧,૩૨

यश्च नो ब्राह्मणान्हन्याद्यश्च नो ब्राह्मणान्द्विषेत् ।
न नः स समितिं गच्छेद्यश्च नो निर्वपेत् कृषिम् ॥ ३३ ॥
तृणानि भूमिरुदकं वाक्चतुर्थी च सूनृता ।
सतामेतानि गेहेषु नोच्छिद्यन्ते कदाचन ॥ ३४ ॥
श्रद्धया परया राजन्नुपनीतानि सत्कृतिम् ।
प्रवृत्तानि महाप्राज्ञ धर्मिणां पुण्यकर्मिणाम् ॥ ३५ ॥

અમારામાંથી જે કોઈ બ્રાહ્મણોની હિંસા કરનારો હોય, બ્રાહ્મણોનો દ્વેષ કરનારો હોય અથવા જે ખેતી કરનારો હોય, તે અમારી સભામાં ન આવો ! અતિથિને બેસવા માટે ઘાસની ચટાઇ, ઉતારા માટે જમીન, પીવા માટે પાણી અને સત્ય મધુર વાણી–આ વસ્તુઓ સજ્જનોનાં ઘરોમાંથી કદી ઉચ્છેદ પામતી નથી. હે મહાજ્ઞાની રાજા ! ધર્મિષ્ઠ તથા પુણ્યકર્મવાળાં મનુષ્યોને ત્યાં સત્કાર કરવાની એ વસ્તુઓ પરમ શ્રદ્ધા વડે પ્રાપ્ત થાય છે. ૩૩–૩૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सूक्ष्मोऽपि भारं नृपते स्यन्दनो वै शक्तो वोढुं न तथान्ये महीजाः
एवं युक्ता भारसहा भवन्ति महाकुलीना न तथान्ये मनुष्याः ॥

હે રાજા ! આ સ્યંદન નામનું ઝાડ નાનું છે, છતાં ભાર ઉપાડવામાં સમર્થ છે, તેમ બીજાં ઝાડો ભાર ઉપાડી શકતાં નથી. તેજ પ્રમાણે મહાકુલીન પુરુષો આવનાર પરોણાઓનો ભાર સારી રીતે ઉઠાવી લે છે; બીજા મનુષ્યો તે પ્રમાણે કરી શકતા નથી. ૩૬

મિત્રામિત્રનો વિચાર

न तन्मित्रं यस्य कोपाद्बिभेति यद्वा मित्रं शङ्कितेनोपचर्यम् ।
यस्मिन्मित्रे पितरीवाश्वसीत तद्वै मित्रं सङ्गतानीतराणि ३७॥
यः कश्चिदप्यसम्बद्धो मित्रभावेन वर्तते ।
स एव बन्धुस्तन्मित्रं सा गतिस्तत्परायणम् ॥ ३८ ॥

જે મિત્રના કોપની બીક લાગે છે તથા જે મિત્રની સાથે શંકાપૂર્વક વર્તવું પડે છે, તે મિત્ર કહેવાતો નથી; પણ જે મિત્ર સાથે પિતાની જેમ વિશ્વાસથી વર્તી શકાય છે તેજ મિત્ર છે, બીજા તો માત્ર સંબંધવાળા છે. જે કોઈ આપણી સાથે સંબંધ વિના પણ મિત્રભાવથી વર્તે છે, તેજ બંધુ છે, તેજ મિત્ર છે, તેજ આધાર છે અને તેજ ગતિરૂપ છે. ૩૭,૩૮

चलचित्तस्य वै पुंसो वृद्धाननुपसेवतः ।
पारिप्लवमतेर्नित्यमध्रुवो मित्रसंग्रहः ॥ ३९ ॥
चलचित्तमनात्मानमिन्द्रियाणां वशानुगम् ।
अर्थाः समभिवर्तन्ते हंसाः शुष्कं सरो यथा ॥ ४० ॥

જે પુરુષનું ચિત્ત ચંચળ છે, જે વૃદ્ધોની સેવા કરતો નથી અને જેની બુદ્ધિ ઝોલાં ખાતી હોય છે, તે પુરુષના મિત્રો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિત્ય અસ્થિર હોય છે. હંસો જેમ સુકાયેલા સરોવરને છોડી જાય છે, તેમ લક્ષ્મી ચંચળ ચિત્તવાળા, મૂર્ખ તથા ઇંદ્રિયોના દાસ થયેલા પુરુષને છોડી જાય છે. ૩૯,૪૦

अकस्मादेव कुप्यन्ति प्रसीदन्त्यनिमित्ततः ।
शीलमेतदसाधूनामभ्रं पारिप्लवं यथा ॥ ४१ ॥
सत्कृताश्च कृतार्थाश्च मित्राणां न भवंति ये ।
तान्मृतानपि क्रव्यादाः कृतघ्नान्नोपभुञ्जते ॥ ४२ ॥

દુર્જનોનો આ સ્વભાવ વાદળા જેવો ચંચળ છે; તેઓ વિના કારણે કોપી ઊઠે છે અને વિના કારણે રીઝી ઊઠે છે. મિત્રોએ પોતાનો સત્કાર કર્યો હોય તથા કામ કરી આપ્યાં હોય છતાં, જેઓ તે મિત્રોનું હિત કરતા નથી, તેઓ કૃતઘ્ની છે. તેઓ જ્યારે મરી જાય છે, ત્યારે માંસભક્ષક પ્રાણીઓ પણ તેમનાં શબને ખાતાં નથી. (એવા ભયથી કે રખે પોતે તેમના જેવાં કૃતઘ્ની થઈ જાય!) ૪૧,૪૨

अर्चयेदेव मित्राणि सति वाऽसति वा धने ।
नानर्थयन्प्रजानाति मित्राणां सारफल्गुताम् ॥ ४३ ॥

પોતાની પાસે ધન હોય અથવા ન હોય, તો પણ ઉદાર મનુષ્ય મિત્રોનો સત્કાર કરે છે. પણ તેનો સાર મેળવવારૂપ ભેદ જાણવાની ઇચ્છા કરતો નથી. ૪૩

સંતાપનાં ફળ

सन्तापाद्भ्रश्यते रूपं सन्तापाद्भ्रश्यते बलम् ।
सन्तापाद्भ्रश्यते ज्ञानं सन्तापाद्व्याधिमृच्छति ॥ ४४ ॥

સંતાપથી રૂપ નાશ પામે છે, સંતાપથી બળ નાશ પામે છે, સંતાપથી જ્ઞાન નાશ પામે છે અને સંતાપથી વ્યાધિ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુખનો માર્ગ

अनवाप्यं च शोकेन शरीरं चोपतप्यते ।
अमित्राश्च प्रहृष्यन्ति मास्म शोके मनः कृथाः ॥ ४५ ॥

શોકથી ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત થતી નથી, શરીરે બળતરા ઊઠે છે અને શત્રુઓ અતિશય ખુશી થાય છે; માટે તમે શોકમાં મન લગાડશો નહિ. ૪૫

पुनर्नरो म्रियते जायते च पुनर्नरो हीयते वर्धते च ।
पुनर्नरो याचति याच्यते च पुनर्नरः शोचति शोच्यते च ॥४६
सुखं च दुःखं च भवाभवौ च लाभालाभौ मरणं जीवितं च ।
पर्यायशः सर्वमेते स्पृशन्ति तस्माद्धीरो न च हृष्येन्न शोचेत् ॥

મનુષ્ય મરે છે અને ફરી જન્મે છે, મનુષ્ય હીન થાય છે અને ફરી વૃદ્ધિ પામે છે. મનુષ્ય યાચના કરે છે અને ફરી બીજા તેની યાચના કરે છે અને વળી મનુષ્ય બીજાનો શોક કરે છે તથા બીજાઓને પોતાનો શોક કરાવે છે. સુખ–દુઃખ; ચઢતી–પડતી, લાભ–હાનિ અને જન્મ–મરણ, આ જોડકાંઓ અનુક્રમે સર્વને પ્રાપ્ત થાય જ છે; માટે ધીર મનુષ્યે તે સંબંધી ન તો હર્ષ માનવો કે ન તો શોક પણ કરવો. ૪૬,૪૭

चलानि हीमानि षडिन्द्रियाणि तेषां यद्यद्वर्धते यत्र यत्र ।
ततस्ततः स्रवते बुद्धिरस्य छिद्रोदकुम्भादिव नित्यमम्भः ॥४८॥

પાંચ જ્ઞાનેંદ્રિયો અને છઠ્ઠું મન, એ છ ઇંદ્રિયો ચંચળ છે. તેમાંથી જે જે ઇંદ્રિય જેમ જેમ વિષયોમાં આસક્ત થાય છે, તેમ તેમ તે તે ઇંદ્રિયો દ્વારા પુરુષની બુદ્ધિ નિત્ય પાણી ભરેલા કાણા ઘડામાંથી પાણીની પેઠે ઝરી જાય છે.૪૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

धृतराष्ट्र उवाच ॥ ધૃતરાષ્ટ્ર બોલ્યા:—

तनुरुद्धः शिखी राजा मिथ्योपचरितो मया ।
मन्दानां मम पुत्राणां युद्धेनान्तं करिष्यति ॥ ४९ ॥
नित्योद्विग्नमिदं सर्वं नित्योद्विग्नमिदं मनः ।
यत्तत्पदमनुद्विग्नं तन्मे वद महामते ॥ ५० ॥

લાકડામાં રૂંધાયેલા અગ્નિની પેઠે સૂક્ષ્મ ધર્મથી રૂંધાયેલા યુધિષ્ઠિર રાજા સાથે મેં કપટથી વર્તન કર્યું છે, તેથી તે યુદ્ધ કરીને મારા મૂર્ખ પુત્રોનો અંત આણશે. જેમ આ સર્વ જગત ઉદ્વેગભર્યું લાગે છે તેમ મારું મન પણ નિત્ય ઉદ્વેગમાં રહે છે; માટે હે મહામતિ! જે વાકયોથી મારું મન પ્રસન્ન થાય તેવું તું મને કહે. ૪૯,૫૦

શાંતિનો માર્ગ

विदुर उवाच ॥ વિદુર બોલ્યા:—

नान्यत्र विद्यातपसोर्नान्यत्रेन्द्रियनिग्रहात् ।
नान्यत्र लोभसंत्यागाच्छान्तिं पश्यामि तेऽनघ ॥ ५१ ॥
बुद्धया भयं प्रणुदति तपसा विन्दते महत् ।
गुरुशुश्रूषया ज्ञानं शान्तिं योगेन विन्दति ॥ ५२ ॥

હે નિષ્પાપ! જ્ઞાન વિના, તપ વિના, ઇંદ્રિયોના નિગ્રહ વિના, તેમ લોભના ત્યાગ વિના તમને શાંતિ મળે, એમ હું જોતો નથી. બુદ્ધિથી પુરુષ સંસારના ભયને દૂર કરે છે, તપથી તેને મહત્તા મળે છે, ગુરુસેવાથી તેને આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે અને ચિત્તવૃત્તિના નિરોધરૂપી યોગથી તેને શાંતિ મળે છે.

अनाश्रिता दानपुण्यं वेदपुण्यमनाश्रिताः ।
रागद्वेषविनिर्मुक्ता विचरन्तीह मोक्षिणः ॥ ५३ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्वधीतस्य सुयुद्धस्य सुकृतस्य च कर्मणः ।
तपसश्च सुतप्तस्य तस्यान्ते सुखमेधते ॥ ५४ ॥

આમ શાંતિ મળે છે, એટલે મોક્ષાધિકારી પુરુષો, દાનના તથા વેદાધ્યયનના પુણ્યની (એટલે તેનાં સ્વર્ગાદિ ફળની) કામના રાખતા નથી અને રાગ તથા દ્વેષથી રહિત થઇને પૃથ્વી પર વિચરે છે. સારા અધ્યયનની, સારા યુદ્ધની, સારાં કર્મની તથા સારાં તપની અંતે મનુષ્યને સુખ મળે છે. ૫૩,૫૪

જ્ઞાતિ સાથે વેર કરનારની દશા

स्वास्तीर्णानि शयनानि प्रपन्ना न वै भिन्ना जातु निद्रां लभन्ते।
न स्त्रीषु राजन् रतिमाप्नुवन्ति न मागधैः स्तूयमाना न सूतैः ॥
न वै भिन्ना जातु चरन्ति धर्मं न वै सुखं प्राप्नुवन्तीह भिन्नाः
न वै भिन्ना गौरवं प्राप्नुवन्ति न वै भिन्नाः प्रशमं रोचयन्ति ॥

હે રાજન્! ભેદદૃષ્ટિવાળા અને જ્ઞાતિના મનુષ્યો સાથે દ્વેષબુદ્ધિ રાખનાર પુરુષો સુંદર બિછાવેલાં શયનોમાં આળોટતાં પણ કદી નિદ્રા પામતા નથી, સ્ત્રીઓના સમાગમમાં પણ પ્રીતિ અનુભવતા નથી અને ભાટચારણોની સ્તુતિઓથી પણ પ્રસન્નતા મેળવતા નથી. એ ભેદદૃષ્ટિવાળાઓ કદી ધર્માચરણ કરતા નથી, એ ભેદદૃષ્ટિવાળાઓ આ જગતમાં સુખ પામતા નથી, એ ભેદદૃષ્ટિવાળાઓ ગૌરવ પામતા નથી અને એ ભેદદૃષ્ટિવાળાઓ શાંતિ મેળવી સુખ પામતા નથી. ૫૫,૫૬

न वै तेषां स्वदते पथ्यमुक्तं योगक्षेमं कल्पते नैव तेषाम् ।
भिन्नानां वै मनुजेन्द्र परायणं न विद्यते किंचिदन्यद्विनाशात्॥
संपन्नं गोषु संभाव्यं संभाव्यं ब्राह्मणे तपः ।
संभाव्यं चापलं स्त्रीषु संभाव्यं ज्ञातितो भयम् ॥ ५८ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી હે રાજન્! એ ભેદદૃષ્ટિવાળાઓને હિતકારક કહેલું રુચતું નથી, તેમનું યોગક્ષેમ ચાલતું નથી અને વિનાશ વિના તેમનો બીજો આરો નથી. ગાયોમાં દૂધ વગેરે ગોરસની સંભાવના રખાય, બ્રાહ્મણમાં તપની સંભાવના રખાય, સ્ત્રીઓમાં ચપળતાની સંભાવના રખાય અને જ્ઞાતિથી ભયની સંભાવના રખાય. ૫૭,૫૮

तन्तवः प्यायिता नित्यं तनवो बहुलाः समाः ।
बहून्बहुत्वादायासान्सहंतीत्युपमा सताम् ॥ ५९ ॥
धूमायन्ते व्यपेतानि ज्वलन्ति सहितानि च ।
धृतराष्ट्रोल्मुकानीव ज्ञातयो भरतर्षभ ॥ ६० ॥

નાના નાના ઘણા તથા સરખા તાંતણાઓ એકઠા થવાથી તે મજબૂત થઇને મોટા પ્રયાસને સહન કરે છે. સજ્જનોના સંબંધમાં આ ઉદાહરણ છે. હે ધૃતરાષ્ટ્ર! બળતાં લાકડાંઓ છૂટાં પડવાથી ધુમાય છે અને એકઠાં થવાથી બળે છે. હે ભરત-શ્રેષ્ઠ! એ જ વાત જ્ઞાતિને લાગુ પડે છે. ૫૯,૬૦

જુલમીને મળતું ફળ

ब्राह्मणेषु च ये शूराः स्त्रीषु ज्ञातिषु गोषु च ।
वृन्तादिव फलं पक्वं धृतराष्ट्र पतन्ति ते ॥ ६१ ॥

હે ધૃતરાષ્ટ્ર! જેઓ બ્રાહ્મણો ઉપર, સ્ત્રીઓ ઉપર, જ્ઞાતિ ઉપર અને ગાયો ઉપર શૂરાતન બતાવે છે; તેઓ ડીંટામાંથી ખરી પડતા પાકા ફળની જેમ નીચે ખરીને પડે છે. ૬૧

એકલવાઈ સ્થિતિ

महानप्येकजो वृक्षो बलवान्सुप्रतिष्ठितः ।
प्रसह्य एव वातेन सस्कन्धो मर्दितुं क्षणात् ॥ ६२ ॥

ઝાડ ભલે મોટું હોય, બળવાન હોય તથા ઊંડાં મૂળવાળું હોય, તો પણ જો તે એકલું ઊગ્યું હોય, તો વાયુ તેને ડાળીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે પળવારમાં ઉખેડી નાખી શકે છે. ૬૨

अथ ये सहिता वृक्षाः सङ्घशः सुप्रतिष्ठिताः ।
ते हि शीघ्रतमान्वातान् सहन्तेऽन्योन्यसंश्रयात् ॥ ६३ ॥
एवं मनुष्यमप्येकं गुणैरपि समन्वितम् ।
शक्यं द्विषन्तो मन्यन्ते वायुर्द्रुममिवैकजम् ॥ ६४ ॥

પરંતુ જે વૃક્ષો પાસે પાસે હોય છે અને જથાબંધ રીતે ઊંડાં મૂળ ઘાલીને ઊગ્યાં હોય છે, તેઓ એકબીજાના આશ્રયને લીધે પ્રચંડ પવનની પણ ટક્કર સહન કરે છે. એ જ પ્રમાણે મનુષ્ય ભલે ગુણોથી સંપન્ન હોય છતાં તે જો એકલો હોય, તો વાયુ જેમ એકલા ઊગેલા ઝાડને ઉખેડી શકે છે, તેમ શત્રુઓ પણ તેને ઉખાડી નાખવાનું શક્ય માને છે. ૬૩,૬૪

अन्योन्यसमुपष्टम्भादन्योन्यापाश्रयेण च ।
ज्ञातयः संप्रवर्धन्ते सरसीवोत्पलान्युत ॥ ६५ ॥
अवध्या ब्राह्मणा गावो ज्ञातयः शिशवः स्त्रियः ।
येषां चान्नानि भुञ्जीत ये च स्युः शरणागताः ॥ ६६ ॥

જ્ઞાતિઓ તો એકબીજાના જોરથી તથા આશ્રયથી સરોવરમાં રહેલાં કમળોની પેઠે વૃદ્ધિ પામે છે. ૬૫ બ્રાહ્મણ, ગાય, જ્ઞાતિ, બાળક, સ્ત્રી, જેમનું અન્ન પોતે ખાતા હોઈએ તે અને જેઓ શરણે આવ્યા હોય તે, એટલા અવધ્ય ગણાય છે. ૬૬

મનુષ્યમાં મુખ્ય બે ગુણ

न मनुष्ये गुणः कश्चिद्राजन्सधनतामृते ।
अनातुरत्वाद्भद्रं ते मृतकल्पा हि रोगिणः ॥ ६७ ॥

હે રાજન્! તમારું મંગળ થાઓ. મનુષ્યમાં ધનવાનપણું અને નીરોગિતા એ બે વિના બીજો કોઈ ગુણ નથી; કારણ કે રોગીઓ તો મૂઆ જેવા જ છે. ૬૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રોધનું સ્વરૂપ

अव्याधिजं कटुकं शीर्षरोगि पापानुबन्धं परुषं तीक्ष्णमुष्णम् ।
सतां पेयं यन्न पिबन्त्यसन्तो मन्युं महाराज पिब प્રशाम्य ॥

હે મહારાજ! વગરવ્યાધિએ અરુચિ કરનાર, માથામાં વેદના કરનાર, પાપ સાથે સંબંધ રાખનાર, કઠોર, તીક્ષ્ણ, ઉષ્ણ, સજ્જનોએ પીવાયોગ્ય અને અસજ્જનો જેને પીતા નથી, એવા ક્રોધને તમે પી જાઓ અને સારી પેઠે શાંત થાઓ. ૬૮

રોગીની અવસ્થા

रोगार्दिता न फलान्याद्रियन्ते न वै लभन्ते विषयेषु तत्त्वम् ।
दुःखोपेता रोगिणो नित्यमेव न बुध्यन्ते धनभोगान्न सौख्यम्
पुराह्युक्तं नाकरोस्त्वं वचो मे द्यूते जितां द्रौपदीं प्रेक्ष्य राजन्
दुर्योधनं वारयेत्यक्षवत्यां कितवत्वं पण्डिता वर्जयन्ति ७०॥

રોગથી પીડાયેલાઓ પુત્ર, પશુ વગેરેનો આદર કરતા નથી અને વિષયોમાં ઇષ્ટઅનિષ્ટનો વિવેક જાણતા નથી. દુઃખી થયેલા તે રોગીઓ નિત્ય ધનનો ઉપયોગ કરી જાણતા નથી, તેમ તેનું સુખ પણ મેળવી જાણતા નથી. હે રાજન્! પૂર્વે દ્યૂતમાં દ્રૌપદીને જીતેલી જોઇને મેં તમને કહ્યું હતું કે, પંડિતો દ્યૂત-ક્રીડાનો ત્યાગ કરે છે, માટે તમે દુર્યોધનને જુગારની રમત-માંથી વારો. પરંતુ તમે મારું કહેવું નહોતું માન્યું. ૬૯,૭૦

સત્ય વસ્તુનો વિચાર

न तद्बलं यन्मृदुना विरुध्यते सूक्ष्मो धर्मस्तरसा सेवितव्यः ।
प्रध्वंसिनी क्रूरसमाहिता श्रीर्मृदुप्रौढा गच्छति पुत्रपौत्रान् ॥
धार्तराष्ट्राः पाण्डवान्पालयन्तु पाण्डोः सुतास्तव पुत्रांश्च पान्तु ।
एकारिमित्राः कुरवो ह्येककार्या जीवन्तु राजन्सुखिनः समृद्धाः

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मेढीभूतः कौरवाणां त्वमद्य त्वय्याधीनं कुरुकुलमाजमीढ ।
पार्थान्बालान्वनवासप्रतप्तान्गोपायस्व स्वं यशस्तात रक्षन् ॥

સહિષ્ણુઓની સાથે જે વિરોધ કરે, તે કંઈ બળ કહેવાય નહિ. ધર્મ સૂક્ષ્મ છે અને તે આગ્રહપૂર્વક સેવવો જોઈએ. ક્રૂરના હાથમાં ગયેલી લક્ષ્મી નાશ પામે છે, પણ સરળ પુરુષના હાથમાં ગયેલી તે જ લક્ષ્મી વૃદ્ધિ પામે છે અને દીકરાના દીકરા સુધી પહોંચે છે. હે રાજન્! તમારા પુત્રો પાંડવોનું પાલન કરો અને પાંડવો તમારા પુત્રોનું રક્ષણ કરો. બન્નેમાંથી એકના પણ જે શત્રુ તથા મિત્ર હોય તે બીજાના પણ શત્રુ તથા મિત્ર ગણાઓ. બન્નેનાં કાર્ય પણ એકસરખાં જ થાઓ. આમ સર્વ કુરુવંશીઓ સમૃદ્ધિવાળા થઈ સુખથી જીવો. હે અજમીઢવંશી! તમે આજે કૌરવોના નેતા છો. આ કુરુકુળ તમારે અધીન છે. આથી હે તાત! વનવાસથી અત્યંત દુઃખી થયેલા બાળક પાંડવોનું તમે પાલન કરો અને તમારા પોતાના યશનું રક્ષણ કરો.૭૧-૭૩

संधत्स्व त्वं कौरव पाण्डुपुत्रैर्मा तेऽन्तरं रिपवः प्रार्थयन्तु ।
सत्ये स्थितास्ते नरदेव सर्वे दुर्योधनं स्थापय त्वं नरेन्द्र ७४॥

હે કૌરવરાજ! તમે પાંડવોની સાથે સંધિ કરો. શત્રુઓ તમારી વચ્ચે ભેદની ઇચ્છા ન કરો. હે નરદેવ! સર્વ પાંડવો સત્યનું અવલંબન કરીને રહેલા છે. આથી હે નરેન્દ્ર! તમે દુર્યોધનને યુદ્ધથી અટકાવો.૭૪

इति श्रीमहाभारते उद्योगपर्वणि प्रजागरपर्वणि
विदुरनीतिवाक्ये चतुर्थोऽध्यायः ॥४॥

ઇતિશ્રી મહાભારતમાં ઉદ્યોગપર્વાન્તર્ગત પ્રજાગરપર્વમાં
'વિદુરનીતિવાક્ય'માં અધ્યાય ૪ થો સમાપ્ત

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૫ મો

સત્તર મૂર્ખોનો નરકવાસ

विदुर उवाच ॥ વિદુર બોલ્યા:—

सप्तदशेमान् राजेन्द्र मनुः स्वायंभुवोऽब्रवीत् ।
वैचित्रवीर्यपुरुषानाकाशं मुष्टिभिर्घ्नतः ॥ १ ॥
दानवेन्द्रस्य च धनुरनाम्यं नमतोऽब्रवीत् ।
अथो मरीचिनः पादानग्राह्यान् गृह्णतस्तथा ॥ २ ॥

હે રાજેન્દ્ર! નીચેના સત્તર પુરુષોને સ્વાયંભુવ મનુએ આકાશને મુઠ્ઠીથી પ્રહાર કરનારા કહ્યા છે. વળી હે વિચિત્ર-વીર્યના પુત્ર! તેમણે તેમને મેઘમાં રહેલા, ન નમાવી શકાય તેવા ઇન્દ્રધનુષને નમાવનારા, અથવા સૂર્ય, ચંદ્ર વગેરેનાં ન ઝલાય તેવાં કિરણોને ઝાલનારા કહ્યા છે. (અર્થાત્ અત્યંત મૂર્ખ કહ્યા છે). ૧,૨

यश्चाशिष्यं शास्ति वै यश्च तुष्येद्यश्चातिवेलं भजते द्विषन्तम्।
स्त्रियश्च यो रक्षति भद्रमश्नुते यश्चायाच्यं याचते कत्थते वा॥
यश्चाभिजातः प्रकरोत्यकार्यं यश्चाबलो बलिना नित्यवैरी।
अश्रद्दधानाय च यो ब्रवीति यश्चाकाम्यं कामयते नरेंद्र॥४॥
वध्वाऽवहासं श्वशुरो मन्यते यो वध्वाऽवसन्नभयो मानकामः।
परक्षेत्रे निर्वपति यश्च बीजं स्त्रियं च यः परिवदतेऽतिवेलम् ॥५
यश्चापि लब्ध्वा न स्मरामीति वादी दत्वा च यः कत्थति याच्यमानः ।
यश्चासतः सत्त्वमुपानयीत एतान्नयंति निरयं पाशहस्ताः॥६॥

હે નરેન્દ્ર! જે ઉપદેશને અયોગ્ય એવાને ઉપદેશ આપે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે (૧); જે અલ્પ લાભથી સંતોષ માની બેસે છે (૨); જે પોતાના કામને માટે વારંવાર શત્રુનાં પડખાં સેવે છે (૩); જે સ્ત્રીઓને સાચવ્યા કરવામાં કલ્યાણ જુએ છે (૪); જે યાચનાને અયોગ્ય એવાની યાચના કરે છે (૫); જે આપવડાઈ હાંકે છે (૬); જે સારા કુળમાં જન્મ્યા છતાં અયોગ્ય કાર્ય કરે છે (૭); જે નિર્બળ હોઇને બળિયા સાથે નિત્ય વેર રાખે છે (૮); જે અશ્રદ્ધાળુને હિતવચન કહે છે (૯); જે અનિચ્છનીય વસ્તુની ઇચ્છા કરે છે (૧૦); જે સસરો હોઇને પોતાની પુત્રવધૂની ઠઠ્ઠામશ્કરી કરે છે (૧૧); જે વહુના પિતા આદિ પાસેથી સંકટના સમયમાં રક્ષણ મેળવ્યા છતાં તેમની પાસેથી માન આદિની કામના રાખે છે (૧૨); જે પરસ્ત્રીમાં અથવા પરાયા ખેતરમાં બીજ વાવે છે (૧૩); જે સ્ત્રીની સાથે હદબહારનો કજિયોકંકાસ કરે છે (૧૪); જે પોતાને કંઈ વસ્તુ મળ્યા છતાં મને યાદ નથી એમ કહે છે (૧૫); જે વચન આપ્યા છતાં યાચકને આપતો નથી અને ખાલી ડંફાશ મારે છે (૧૬) અને જે દુર્જનને સજ્જન કરી બેસાડે છે (૧૭); એ સત્તર જણાને હાથમાં પાશ ધારણ કરનારા યમદૂતો નરકમાં લઈ જાય છે. ૩–૬

ધર્મ એટલે શું ?

यस्मिन् यथा वर्तते यो मनुष्यस्तस्मिंस्तथा वर्तितव्यं स धर्मः
मायाचारो मायया वर्तितव्यः साध्वाचारःसाधुना प्रत्युपेयः

જે મનુષ્ય જેના પ્રત્યે જેવું વર્તન રાખે, તેના પ્રત્યે તે મનુષ્યે તેવું જ વર્તન રાખવું, એ ધર્મ છે. કપટી સાથે કપટથી વર્તવું અને સદાચારી સાથે સદાચારથી વર્તવું. ૭

કોણ કોનો નાશ કરે છે ?

जरा रूपं हरति हि धैर्यमाशा मृत्युः प्राणान्धर्मचर्यामसूया ।
कामो ह्रियं वृत्तमनार्यसेवा क्रोधः श्रियं सर्वमेवाभिमानः ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘડપણ રૂપનો, આશા ધીરજનો, મૃત્યુ પ્રાણોનો, ઇર્ષ્યા ધર્માચરણનો, કામ લજ્જાનો, નીચની સેવા સદ્વર્તનનો, ક્રોધ લક્ષ્મીનો અને અભિમાન સર્વસ્વનો નાશ કરે છે. ૮

धृतराष्ट्र उवाच ॥ ધૃતરાષ્ટ્ર બોલ્યા:—

शतायुरुक्तः पुरुषः सर्ववेदेषु वै यदा ।
नाप्नोत्यथ च तत्सर्वमायुः केनेह हेतुना ॥ ९ ॥

સર્વ વેદોમાં પુરુષને સો વર્ષના આયુષ્યવાળો કહ્યો છે. તો શાથી તે આ લોકમાં સો વર્ષનું પૂરું આયુષ્ય ભોગવતો નથી? ૯

આયુષ્ય ઘટવાનું કારણ

विदुर उवाच ॥ વિદુર બોલ્યા:—

अतिमानोऽतिवादश्च तथाऽत्यागो नराधिप ।
क्रोधश्चात्मविधित्सा च मित्रद्रोहश्च तानि षट् ॥ १० ॥
एत एवासयस्तीक्ष्णाः कुन्तन्त्यायूंषि देहिनाम् ।
एतानि मानवान्घ्नन्ति न मृत्युर्भद्रमस्तु ते ॥ ११ ॥

હે નરપતિ ! તમારું કલ્યાણ થાઓ ! મહા અભિમાન, મર્યાદારરહિત ભાષણ, મોટો અપરાધ, ક્રોધ, એકલપેટાપણું અને મિત્રદ્રોહ આ છ તીક્ષ્ણ તલવારો સમાન છે અને તેઓ જ દેહધારીઓના આયુષ્યને કાપી નાખે છે. મનુષ્યોને તેઓ જ મારે છે; મૃત્યુ મારતું નથી. ૧૦,૧૧

કોનો સંગ ન કરવો ?

विश्वस्तस्यैति यो दारान् यश्चापि गुरुतल्पगः ।
वृषलीपतिर्द्विजो यश्च पानपश्चैव भारत ॥ १२ ॥
आदेशकृद्वृत्तिहन्ता द्विजानां प्रेषकश्च यः ।
शरणागतहा चैव सर्वे ब्रह्महणः समाः ॥
एतैः समेत्य कर्तव्यं प्रायश्चित्तमिति श्रुतिः ॥ १३ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે ભારત! જે મનુષ્ય વિશ્વાસુની સ્ત્રીનો સંગ કરે છે, જે ગુરુપત્ની સાથે ગમન કરે છે, જે બ્રાહ્મણ થઇને શૂદ્ર જાતિની સ્ત્રી સાથે સમાગમ કરે છે, જે બ્રાહ્મણ મદિરાપાન કરે છે, જે મજૂરો પાસે વેઠે મફત કામ કરાવે છે, જે બ્રાહ્મણની આજીવિકાનો નાશ કરે છે, જે બ્રાહ્મણો પાસે દાસપણું કરાવે છે અને જે શરણે આવેલાને હણે છે, તે સર્વે બ્રહ્મહત્યારા સમાન જાણવા. એમનો સંસર્ગ થાય તો પ્રાયશ્ચિત્ત કરવું, એવી વેદની આજ્ઞા છે. ૧૨,૧૩

સ્વર્ગમાં જનાર

गृहीतवाक्यो नयविद्वदान्यः शेषान्नभोक्ता ह्यविहिंसकश्च ।
नानर्थकृत्याकुलितः कृतज्ञः सत्यो मृदुः स्वर्गमुपैति विद्वान्

વિદ્યાવાન, નીતિવેત્તા, દાતા, પંચયજ્ઞ કર્યા પછી બાકી રહેલું અન્ન જમનાર, કોઇને દુઃખ ન આપનાર, અનર્થકારી કૃત્ય ન કરનાર, કરેલા ઉપકારની બૂઝ રાખનાર, સત્યનિષ્ઠ અને સૌમ્ય એવો વિદ્વાન સ્વર્ગલોકમાં જાય છે. ૧૪

દુર્લભ માણસ

सुलभाः पुरुषा राजन्सततं प्रियवादिनः ।
अप्रियस्य तु पथ्यस्य वक्ता श्रोता च दुर्लभः ॥ १५ ॥

હે રાજન્! મીઠું મીઠું બોલનારા પુરુષો તો જ્યાં ત્યાં સદૈવ સહેજે મળી આવે છે, પરંતુ કડવું છતાં હિતકારી કહેનાર અને સાંભળનાર તો દુર્લભ હોય છે. ૧૫

यो हि धर्मं समाश्रित्य हित्वा भर्तुः प्रियाप्रिये ।
अप्रियाण्याह पथ्यानि तेन राजा सहायवान् ॥ १६ ॥
त्यजेत्कुलार्थे पुरुषं ग्रामस्यार्थे कुलं त्यजेत् ।
ग्रामं जनपदस्यार्थे आत्मार्थे पृथिवीं त्यजेत् ॥ १७ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે પુરુષ કેવળ ધર્મ તરફ જ દૃષ્ટિ રાખે છે અને પોતાના સ્વામીને પ્રિય લાગશે કે અપ્રિય તેની દરકાર ન રાખતાં તેને અપ્રિય છતાં હિતકારી વચન કહે છે, તે પુરુષથી જ રાજા સહાયવાન છે. કુળને માટે એક પુરુષનો ત્યાગ કરવો, ગામને માટે કુળનો ત્યાગ કરવો, દેશને માટે ગામનો ત્યાગ કરવો અને પોતાને માટે પૃથ્વીનો પણ ત્યાગ કરવો.૧૬,૧૭

आपदर्थे धनं रक्षेद्दारान्रक्षेद्धनैरपि ।
आत्मानं सततं रक्षेद्दारैरपि धनैरपि ॥ १८ ॥

આપત્તિમાં કામ આવે એટલા માટે ધનનું રક્ષણ કરવું, ધનનો ખર્ચ કરીને પણ સ્ત્રીનું રક્ષણ કરવું અને દ્રવ્ય તથા સ્ત્રી બંને વડે હંમેશ પોતાનું રક્ષણ કરવું. ૧૮

જુગારનો નિષેધ

द्यूतमेतत्पुराकल्पे दृष्टं वैरकरं नृणाम् ।
तस्माद्द्युतं न सेवेत हास्यार्थमपि बुद्धिमान् ॥ १९ ॥

દ્યૂત એ મનુષ્યોને વૈર કરાવનારું છે, એવું પૂર્વકલ્પમાં જોવામાં આવ્યું છે. માટે બુદ્ધિમાન મનુષ્યે ગમ્મતને માટે પણ દ્યૂત રમવું નહિ. ૧૯

उक्तं मया द्यूतकालेऽपि राजन्नेदं युक्तं वचनं प्रातिपेय ।
तदौषधं पथ्यमिवातुरस्य न रोचते तव वैचित्रवीर्य ॥२०॥

હે પ્રતીપવંશી રાજા! દ્યૂત રમતી વખતે પણ 'આ યોગ્ય નથી' એવું વચન મેં કહ્યું હતું. પરંતુ હે વિચિત્રવીર્યના પુત્ર! જેમ મરવાની તૈયારીવાળાને પથ્ય ઔષધો ન રુચે, તેમ તમને તે મારું પથ્યવચન રુચ્યું નહિ. ૨૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિતવચન

काकैरिमांश्चित्रबर्हान्मयूरान्पराजयेथाः पाण्डवान्धार्तराष्ट्रैः
हित्वा सिंहान् क्रोष्टुकान्गूहमानः प्राप्ते काले शोचिता त्वं नरेन्द्र

તમે કાગડા જેવા કૌરવો વડે વિચિત્ર પીંછાંવાળા મયૂરરૂપી પાંડવોને હરાવવા ઇચ્છો છો; પણ હે નરેન્દ્ર! આ તો તમે સિંહોને છોડીને શિયાળોને સંઘરી રહ્યા છો. એટલે સમય આવ્યે તમારે આંસુ જ પાડવાં પડશે.૨૧

यस्तात न क्रुध्यति सार्वकालं भृत्यस्य भक्तस्य हिते रतस्य ।
तस्मिन्भृत्या भर्तरि विश्वसन्ति न चैनमापत्सु परित्यजन्ति
न भृत्यानां वृत्तिसंरोधनेन राज्यं धनं संजिघृक्षेदपूर्वम् २२
त्यजन्ति ह्येनं वञ्चिता वै विरुद्धाः स्निग्धा ह्यमात्याः परिहीनभोगाः

હે તાત! જે સ્વામી પોતાના હિતમાં પરાયણ એવા ભક્ત સેવક ઉપર કદી ક્રોધ કરતો નથી, તે સ્વામી ઉપર સેવકોને સદૈવ વિશ્વાસ રહે છે અને આપત્કાળે પણ તેઓ તેને ત્યજી જતા નથી. પોતાના સેવકોની આજીવિકા અટકાવીને નવું રાજ્ય અથવા ધન મેળવવાની ઇચ્છા કરવી નહિ; કારણ કે એ રીતે છેતરાયેલા અમાત્યો પ્રીતિવાળા હોય, તો પણ આજીવિકા વિનાના થવાથી વિરુદ્ધ થઈને પોતાના સ્વામીનો ત્યાગ કરે છે.૨૨,૨૩

कृत्यानि पूर्वं परिसंख्याय सर्वाण्यायव्ययेचानुरूपां च वृत्तिम् ।
संगृह्णीयादनुरूपान्सहायान्सहायसाध्यानि हि दुष्कराणि ॥
अभिप्रायं यो विदित्वा तु भर्तुः सर्वाणि कार्याणि करोत्यतन्द्री
वक्ता हितानामनुरक्त आर्यः शक्तिज्ञ आत्मेव हि सोऽनुकम्प्यः॥

આથી પ્રથમ પોતાનાં સર્વ કાર્યોની સાધ્યતા તથા અસાધ્યતા વિશે નિર્ણય કરવો; તેમજ આવકજાવકને અનુલક્ષીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેવકો માટે પગારની ગોઠવણ કરવી. એ પછી યોગ્ય સહાયકોનો સંગ્રહ કરવો; કારણ કે દુષ્કર કાર્યો સહાયથી જ સાધ્ય થાય છે. જે સેવક પોતાના સ્વામીનો અભિપ્રાય સમજીને સર્વ કાર્યો આળસરહિત થઈને કરે છે, જે હિતકારી વચન કહે છે, જે પ્રેમ રાખે છે, જે પોતાની શક્તિને જાણે છે અને જે ઉત્તમ આચરણ રાખે છે, તેને સ્વામીએ પોતાના જેવો સમજીને તેના ઉપર અનુગ્રહ કરવો. ૨૪,૨૫

वाक्यं तु यो नाद्रियतेऽनुशिष्टः प्रत्याह यश्चापि नियुज्यमानः
प्रज्ञाभिमानी प्रतिकूलवादी त्याज्यः स तादृक् त्वरयैव भृत्यः

જે સેવક કહેલાં વચનોનો અનાદર કરે છે, કામ કરવાનું કહેતાં ઊલટો ઉત્તર આપે છે, પોતાની બુદ્ધિને માટે અભિમાની રહે છે અને આજ્ઞાથી વિરુદ્ધ બોલે છે, તેવા સેવકને એકદમ કાઢી મૂકવો. ૨૬

દૂત કેવો જોઇએ ?

अस्तब्धमक्लीबमदीर्घसूत्रं सानुक्रोशं श्लक्ष्णमहार्यमन्यैः ।
अरोगजातीयमुदारवाक्यं दूतं वदन्त्यष्टगुणोपपन्नम् ॥ २७ ॥

ગર્વરહિત, સામર્થ્યવાન, શીઘ્ર કામ કરનાર, દયાળુ, મીઠા સ્વભાવનો, બીજાથી ન ફૂટી જનારો, નીરોગી અને યુક્તિભરેલું તથા મહાન અર્થવાળું બોલનારો, એ આઠ ગુણોથી જે સંપન્ન હોય તેને દૂત કહે છે. ૨૭

સામાન્યનીતિ

न विश्वासाज्जातु परस्य गेहं गच्छेन्नरश्चेतयानो विकाले ।
न चत्वरे निशि तिष्ठेन्निगूढो न राजकाम्यां योषितं प्रार्थयीत ॥
न निह्नवं मन्त्रगतस्य गच्छेत्संसृष्टमन्त्रस्य कुसङ्गतस्य ।
न च ब्रूयान्नाश्वसिमि त्वयीति सकारणं व्यपदेशं तु कुर्यात्

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજુ મનુષ્યે સાયંકાળ જેવા કસમયે અવિશ્વાસપાત્રને ઘેર વિશ્વાસપૂર્વક જવું નહિ, રાત્રે ચકલામાં છુપાઈ રહેવું નહિ અને રાજાની કામનાપાત્ર સ્ત્રીને ભોગવવાની ઇચ્છા કરવી નહિ. ઘણાએ મળીને જે મસલત કરી હોય તે ખરાબ હોય, તો પણ તેનો નિષેધ કરવો નહિ; તેમજ 'મને તારામાં વિશ્વાસ નથી' એમ પણ કહેવું નહિ; પરંતુ કંઈ સકારણ કામનું બહાનું કાઢીને ત્યાંથી દૂર થઈ જવું. ૨૮,૨૯

घृणी राजा पुंश्चली राजभृत्यः पुत्रो भ्राता विधवा बालपुत्रा ।
सेनाजीवी चोद्धृतभूतिरेव व्यवहारेषु वर्जनीयाः स्युरेते ॥
अष्टौ गुणाः पुरुषं दीपयन्ति प्रज्ञा च कौल्यं च श्रुतं दमश्च ।
पराक्रमश्चाबहुभाषिता च दानं यथाशक्ति कृतज्ञता च ॥३१

લજ્જાશીલ રાજા, વ્યભિચારિણી સ્ત્રી, રાજસેવક, પુત્ર, ભાઈ, બાળકપુત્રવાળી માતા, વિધવા, સેનાપતિ અને અધિકાર ઉપરથી દૂર કરેલો મનુષ્ય, એટલાની સાથે દ્રવ્યવ્યવહારનો સંબંધ રાખવો નહિ. બુદ્ધિ, કુલીનતા, શાસ્ત્રજ્ઞાન, ઇન્દ્રિયનિગ્રહ, પરાક્રમ, અલ્પ ભાષણ, યથાશક્તિ દાન અને કૃતજ્ઞતા, આ આઠ ગુણો પુરુષને દિપાવે છે. ૩૦,૩૧

एतान्गुणांस्तात महानुभावानेको गुणः संश्रयते प्रसह्य ।
राजा यदा सत्कुरुते मनुष्यं सर्वान्गुणानेष गुणो बिभर्ति ॥३२

હે તાત! એ મહાન ગુણોને પણ એક રાજસન્માનરૂપી ગુણ દિપાવે છે. રાજા કોઈ મનુષ્યનો સત્કાર કરે છે, તો તે મનુષ્યમાં બીજા ગુણો ન હોય તો પણ, રાજસન્માનરૂપી એક ગુણ ઉપલા સર્વ ગુણોને પોષે છે. ૩૨

દશ લાભ

गुणा दश स्नानशीलं भजन्ते बलं रूपं स्वरवर्णप्रशुद्धिः ।
स्पर्शश्च गन्धश्च विशुद्धता च श्रीः सौकुमार्यं प्रवराश्च नार्यः॥३३

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્નાન કરનારા મનુષ્યને બળ, રૂપ, સ્વરશુદ્ધિ, સ્પષ્ટ વર્ણોચ્ચાર, ત્વચાની કોમળતા, સુગંધ, પવિત્રતા, શોભા, લાવણ્ય અને ઉત્તમ સ્ત્રીઓ, આ દશ ગુણો પ્રાપ્ત થાય છે. ૩૩

છ લાભ

गुणाश्च षण्मितभुक्तं भजन्ते आरोग्यमायुश्च बलं सुखं च ।
अनाविलं चास्य भवत्यपत्यं न चैनमाद्यून इतिक्षिपन्ति ॥३४

માપસર ભોજન કરનારા મનુષ્યને આરોગ્ય, આયુષ્ય, બળ, સુખ, સારી સંતતિ અને ખાઉધરાપણાની નિંદાથી બચાવ, આ છ ગુણો પ્રાપ્ત થાય છે. ૩૪

કોને ઘરમાં આવવા દેવો નહિ?

अकर्मशीलं च महाशनं च लोकद्विष्टं बहुमायं नृशंसम् ।
अदेशकालज्ञमनिष्टवेषमेतान्गृहे न प्रतिवासयेत ॥ ३५ ॥

આળસુ, બહુ ભોજન કરનાર, લોકને અણગમતો, મહાકપટી ક્રૂર, દેશકાળને ન જાણનાર અને ખરાબ વેષવાળો, એટલાને ઘરમાં વાસ આપવો નહિ. ૩૫

કોની યાચના કરવી નહિ?

कदर्यमाक्रोशकमश्रुतं च वनौकसं धूर्तममान्यमानिनम् ।
निष्ठूरिणं कृतवैरं कृतघ्नमेतान्भृशार्तोऽपि न जातु याचेत् ॥३६

કંઠે પ્રાણ આવ્યા હોય તો પણ કંજૂસ, ગાળ ભાંડનાર, મૂર્ખ, માછી, ધૂર્ત, હલકાને માન આપનાર, નિર્દય, વૈરકર્તા અને કૃતઘ્ની એટલાની પાસે કદી યાચના કરવી નહિ. ૩૬

संक्लिष्टकर्माणमतिप्रमादं नित्यानृतं चादृढभक्तिकं च ।
विसृष्टरागं पटुमानिनं चाप्येतान्न सेवेत नराधमान्षट् ॥३७॥

ભુંડખોર, અતિ પ્રમાદી, નિત્ય ખોટું બોલનાર, સાધારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભક્તિવાળો, સ્નેહ છોડી દેનાર અને પોતાને ચતુર માનનાર, આ છ અધમ પુરુષોને સેવવા નહિ. ૩૭

સામાન્ય ઉપદેશ

सहायबन्धना ह्यर्थाः सहायाश्चार्थबन्धनाः ।
अन्योन्यबन्धनावेतौ विनान्योन्यं न सिध्यतः ॥ ३८ ॥

સહાયકો હોવાથી ધન મળે છે અને ધનથી સહાયકો મળે છે. એ બંને એકબીજાનો આશ્રય કરીને રહેલા છે; તેથી તેમાંના એક વિના બીજાની સિદ્ધિ થતી નથી. ૩૮

उत्पाद्य पुत्राननृणांश्च कृत्वा वृत्तिं च तेभ्योऽनुविधाय कांचित्
स्थाने कुमारीः प्रतिपाद्य सर्वा अरण्यसंस्थोऽथ मुनिर्बुभूषेत् ॥
हितं यत्सर्वभूतानामात्मनश्च सुखावहम् ।
तत्कुर्यादीश्वरे ह्येतन्मूलं सर्वार्थसिद्धये ॥ ४० ॥

પુત્રોને ઉત્પન્ન કરીને, તેમને ઋણ વિનાના કરીને; તેમજ તેમને કંઇક આજીવિકા કરી આપીને અને સર્વ કુમારી પુત્રીઓને યોગ્ય ઠેકાણે પરણાવીને, પછી અરણ્યમાં રહીને મુનિ થવાની ઇચ્છા કરવી. જે કર્મ સર્વ પ્રાણીને હિતકારી હોય અને પોતાને સુખકારક હોય, તે કર્મ ઇશ્વરાર્પણબુદ્ધિથી કરવું; કારણ કે સર્વ ફળની સિદ્ધિને માટે એ પ્રકારનાં કર્મ જ મૂળ સાધનરૂપ છે. ૩૯,૪૦

वृद्धिः प्रभावस्तेजश्च सत्त्वमुत्थानमेव च ।
व्यवसायश्च यस्य स्यात्तस्यावृत्तिभयं कुतः ॥ ४१ ॥

ધનાદિની વૃદ્ધિ, પ્રભાવ, તેજ, ધર્મ તથા જ્ઞાનના ઐશ્વર્યરૂપ સત્ત્વ, ઉદ્યોગ અને નિશ્ચય, આટલું જેને હોય, તેને જીવિકાના અભાવનો ભય ક્યાંથી હોય? ૪૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पश्य दोषान्पाण्डवैर्विग्रहे त्वं यत्र व्यथेयुरपि देवाः सशक्राः ।
पुत्रैर्वैरं नित्यमुद्विग्नवासो यशः प्रणाशो द्विषतां च हर्षः ॥४२
भीष्मस्य कोपस्तव चैवेन्द्रकल्पद्रोणस्य राज्ञश्च युधिष्ठिरस्य ।
उत्सादयेल्लोकमिमं प्रवृद्धः श्वेतो ग्रहस्तिर्यगिवापतन्खे ॥४३॥

હે રાજા! પાંડવોની સાથે વિરોધ કરવામાં કેટલા દોષો છે, તે તમે જુઓ! એ વિરોધ થતાં ઇન્દ્રસહિત સર્વે દેવો વ્યથા પામશે, પુત્રો સાથે વેર થશે, નિત્ય ચિંતાતુર રહેવું પડશે; યશ નાશ પામશે અને શત્રુઓ હર્ષ પામશે. હે ઇન્દ્ર-તુલ્ય રાજા! ભીષ્મનો, તમારો, દ્રોણનો અને યુધિષ્ઠિરરાજનો કોપ વૃદ્ધિ પામશે, તો તે આકાશમાં આડા ઊગતા ધૂમકેતુની પેઠે આ લોકનો નાશ કરશે. ૪૨,૪૩

શાંતિનું ફળ

तव पुत्रशतं चैव कर्णः पञ्च च पाण्डवाः ।
पृथिवीमनुशासेयुरखिलां सागराम्बराम् ॥ ४४ ॥
धार्तराष्ट्रा वनं राजन् व्याघ्राः पाण्डुसुता मताः ।
मा वनं छिन्धि सव्याघ्रं मा व्याघ्रा नीनशन्वनात् ॥ ४५ ॥

પણ તમે આ વિરોધ શાંત કરો તો તમારા સો પુત્રો, કર્ણ અને પાંચ પાંડવો આ સમુદ્રપર્યંતની આખી પૃથ્વીનું રાજ્ય કરશે. હે રાજન્! મારા મત પ્રમાણે ધૃતરાષ્ટ્રપુત્રો વન-રૂપ છે અને પાંડવો તેમાંના વાઘ છે. માટે તમે વાઘ સાથે વનનો નાશ કરશો નહિ અને વનમાંથી વાઘનો નાશ થાઓ નહિ.

न स्याद्वनमृते व्याघ्रान् व्याघ्रा न स्युर्ऋते वनम् ।
वनं हि रक्ष्यते व्याघ्रैर्व्याघ्रान्रक्षति काननम् ॥ ४६ ॥

વાઘ વિના વન રહેતું નથી અને વન વિના વાઘો રહેતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી; કારણ કે વાઘોથી વનનું રક્ષણ થાય છે અને વન વાઘોનું રક્ષણ કરે છે. ૪૬

न तथेच्छन्ति कल्याणान् परेषां वेदितुं गुणान् ।
यथैषां ज्ञातुमिच्छन्ति नैर्गुण्यं पापचेतसः ॥ ४७ ॥

દુષ્ટ બુદ્ધિવાળા લોકો બીજાના દોષો જોવાની જેવી ઇચ્છા રાખે છે, તેવી તેઓના ઉત્તમ ગુણો જાણવાની ઇચ્છા રાખતા નથી. ૪૭

ધનનું મૂળ ધર્મ

अर्थसिद्धिं परामिच्छन् धर्ममेवादितश्चरेत् ।
न हि धर्मादपैत्यर्थः स्वर्गलोकादिवामृतम् ॥ ४८ ॥

જેને ઘણું ધન મેળવવાની ઇચ્છા હોય, તેણે પ્રથમથી જ ધર્માચરણ કરવું; કારણ કે જેમ અમૃત સ્વર્ગલોકમાંથી દૂર જતું નથી, તેમ અર્થ–ધન ધર્મથી દૂર થતું નથી. ૪૮

यस्यात्मा विरतः पापात् कल्याणे च निवेशितः ।
तेन सर्वमिदं बुद्धं प्रकृतिर्विकृतिश्च या ॥ ४९ ॥
यो धर्ममर्थं कामं च यथाकालं निषेवते ।
धर्मार्थकामसंयोगं सोऽमुत्रेह च विन्दति ॥ ५० ॥

જેણે પાપથી દૂર થયેલા પોતાના મનને કલ્યાણમાં જોડયું છે, તેણે પ્રકૃતિ (માયા) તથા વિકૃતિ (મહત્તત્ત્વાદિ) એટલે કે સારુંનરસું સર્વ જાણ્યું છે. જે મનુષ્ય ધર્મ, અર્થ તથા કામનું યથાસમય સેવન કરે છે, તેને આ લોકમાં તથા પરલોકમાં ધર્મ, અર્થ અને કામનો સંબંધ પ્રાપ્ત થાય છે. ૪૯,૫૦

सन्नियच्छति यो वेगमुत्थितं क्रोधहर्षयोः ।
स श्रियो भाजनं राजन् यश्चापत्सु न मुह्यति ॥ ५१ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે રાજા! જે મનુષ્ય ક્રોધ તથા હર્ષથી ઊપજેલા વેગને સારી પેઠે કબજે રાખે છે અને જે સંકટમાં મૂંઝાતો નથી, તેને લક્ષ્મી પ્રાપ્ત થાય છે. ૫૧

પાંચ પ્રકારનાં બળ

बलं पंचविधं नित्यं पुरुषाणां निबोध मे।
यत्तु बाहुबलं नाम कनिष्ठं बलमुच्यते ॥ ५२ ॥
अमात्यलाभो भद्रं ते द्वितीयं बलमुच्यते।
तृतीयं धनलाभं तु बलमाहुर्मनीषिणः ॥ ५३ ॥

પુરુષોનું બળ નિત્ય પાંચ પ્રકારનું છે, તે તમે મારી પાસેથી સાંભળો. જે બાહુબળ છે, તે તો હલકું બળ કહેવાય છે. તમારું કલ્યાણ થાઓ! અમાત્યનો લાભ એ બીજું બળ કહેવાય છે. વિદ્વાનો ધનલાભને ત્રીજું બળ કહે છે. ૫૨,૫૩

यत्त्वस्य सहजं राजन् पितृपैतामहं बलम्।
अभिजातबलं नाम तच्चतुर्थं बलं स्मृतम् ॥ ५४ ॥
येन त्वेतानि सर्वाणि संगृहीतानि भारत।
यद्बलानां बलं श्रेष्ठं तत्प्रज्ञाबलमुच्यते ॥ ५५ ॥

હે રાજન્! મનુષ્યનું બાપદાદાથી ચાલતું આવેલું જે સ્વાભાવિક કુળબળ છે, તેને ચોથું બળ કહેલું છે. હે ભારત! એ સર્વ બળનો જેમાં સમાવેશ થાય છે અને જે સર્વ બળમાં શ્રેષ્ઠ છે, તે બુદ્ધિબળ કહેવાય છે. ૫૪,૫૫

महते योपकाराय नरस्य प्रभवेन्नरः।
तेन वैरं समासज्य दूरस्थोसीति नाश्वसेत् ॥ ५६ ॥
स्त्रीषु राजसु सर्पेषु स्वाध्यायप्रभुशत्रुषु।
भोगेष्वायुषि विश्वासं कः प्राज्ञः कर्तुमर्हति ॥ ५७ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહા અનિષ્ટ કરવા સમર્થ હોય, એવા મનુષ્યની સાથે વેર કરીને 'હું તેનાથી દૂર છું' એમ વિશ્વાસ કરવો નહિ. સ્ત્રી, રાજા, સર્પ, વેદાધ્યયન, સમર્થ શત્રુ, વૈભવ અને આયુષ્ય એટલાનો વિશ્વાસ કયો ડાહ્યો મનુષ્ય કરે? ૫૬,૫૭

प्रज्ञाशरेणाभिहतस्य जन्तोश्चिकित्सकाःसन्ति न चौषधानि ।
न होममन्त्रा न च मङ्गलानि नाथर्वणा नाप्यगदाः सुसिद्धाः ॥
सर्पश्चाग्निश्च सिंहश्च कुलपुत्रश्च भारत ।
नावज्ञेया मनुष्येण सर्वे ह्येतेऽतितेजसः ॥ ५९ ॥

બુદ્ધિરૂપી બાણથી હણાયેલા પ્રાણીને સાજો કરવા વૈદ્યો, ઔષધો, હોમ, મંત્રો, પુણ્યકર્મો, અથર્વવેદના પ્રયોગો અથવા સિદ્ધ રસાયનો પણ સમર્થ થતાં નથી. હે ભારત! સર્પ, અગ્નિ, સિંહ અને જ્ઞાતિ–એ ચારનું મનુષ્યે અપમાન કરવું નહિ; કારણ કે એ સર્વે અતિ તેજસ્વી હોય છે. ૫૮,૫૯

સ્વતેજનો પ્રતાપ

अग्निस्तेजो महल्लोके गूढस्तिष्ठति दारुषु ।
न चोपयुङ्क्ते तद्दारु यावन्नोद्दीप्यते परैः ॥ ६० ॥
स एव खलु दारुभ्यो यदा निर्मथ्य दीप्यते ।
तद्दारु च वनं चान्यन्निर्दहत्याशु तेजसा ॥ ६१ ॥

લોકમાં અગ્નિરૂપ મહાન તેજ કાષ્ઠમાં ગુપ્ત રહે છે. તે બીજાએ ચેતાવ્યું ન હોય ત્યાં સુધી પોતાના રહેવાના કાષ્ઠને પણ બાળતું નથી. પરંતુ તેને જ જ્યારે લાકડાંઓનું મથન કરીને ચેતાવવામાં આવે છે, ત્યારે તે પોતાના તેજ વડે પેલા લાકડાને તથા બીજાં વનને પણ સપાટાબંધ બાળીને ભસ્મ કરી નાખે છે. ૬૦,૬૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

एवमेव कुले जाताः पावकोपमतेजसः ।
क्षमावन्तो निराकाराः काष्ठेऽग्निरिव शेरते ॥ ६२ ॥

એ પ્રમાણે જ ઉત્તમ કુળમાં જન્મેલા પાંડવો અગ્નિ જેવા તેજસ્વી છે, ક્ષમાશીલ છે અને બહારથી પોતાનો આકાર ઢાંકીને કાષ્ઠમાં રહેનારા અગ્નિની પેઠે રહ્યા છે. ૬૨

સંપ ત્યાં જંપ

लताधर्मा त्वं सपुत्रः शालाः पाण्डुसुता मताः ।
न लता वर्धते जातु महाद्रुममनाश्रिता ॥ ६३ ॥
वनं राजंस्तव पुत्रोऽम्बिकेय सिंहान्वने पाण्डवांस्तात विद्धि ।
सिंहैर्विहीनं हि वनं विनश्येत् सिंहा विनश्येयुर्ऋते वनेन ॥६४॥

મારા માનવા પ્રમાણે તમે પુત્રોસહિત લતારૂપ છો અને પાંડવો મહાવૃક્ષરૂપ છે. મહાવૃક્ષનો આશ્રય કર્યા વિના લતા કદી વૃદ્ધિ પામતી નથી. હે અંબિકાપુત્ર! તમારો પુત્ર વનને ઠેકાણે છે અને પાંડવો તે વનમાં રહેલા સિંહ છે. હે રાજન્! આ તમે જાણો. હે તાત! સિંહ વિનાનું વન વિનાશ જ પામે છે અને વન વિનાના સિંહો પણ વિનાશ પામે છે. ૬૩,૬૪

इति श्रीमहाभारते उद्योगपर्वणि प्रजागरपर्वणि
विदुरनीतिवाक्ये पंचमोऽध्यायः ॥ ५ ॥

ઇતિ શ્રીમહાભારતમાં ઉદ્યોગપર્વાન્તર્ગત પ્રજાગરપર્વમાં
'વિદુરનીતિવાક્ય'માં અધ્યાય ૫ મો સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૬ ઠ્ઠો

विदुर उवाच ॥ વિદુર બોલ્યા:—

ऊर्ध्वं प्राणा ह्युत्क्रामन्ति यूनः स्थविर आयति ।
प्रत्युत्थानाभिवादाभ्यां पुनस्तान्प्रतिपद्यते ॥ १ ॥
पीठं दत्वा साधवेऽभ्यागताय आनीयापः परिनिर्णिज्य पादौ ।
सुखं पृष्ट्वा प्रतिवेद्यात्मसंस्थां ततो दद्यादन्नमवेक्ष्य धीरः ॥२॥

વૃદ્ધ પુરુષ આવે છે, ત્યારે તરુણના પ્રાણ નીકળીને આગળ આવે છે; પણ એ તરુણ, તે વૃદ્ધની સામે જઇને તથા તેને અભિવંદન કરીને પુનઃ પ્રાણોને પોતાની અંદર પ્રાપ્ત કરે છે. પોતાને ઘેર કોઈ સત્પુરુષ આવે, ત્યારે ધીર પુરુષે પ્રથમ તેને બેસવા માટે આસન આપવું, પછી પાણી લાવીને તેના પગ ધોવા, તે પછી તેનું કુશળ પૂછીને પોતાની સ્થિતિ નિવેદન કરવી અને પછી તેને આદરપૂર્વક ભોજન કરાવવું. ૧,૨

यस्योदकं मधुपर्कं च गां च न मन्त्रवित्प्रतिगृह्णाति गेहे ।
लोभाद्भयादथ कार्पण्यतो वा तस्यानर्थं जीवितमाहुरार्याः ॥

જે ગૃહસ્થાશ્રમીના ઘરમાં તેના લોભને લીધે, રાજ્યાદિમાં ધનવાનપણાની ખ્યાતિ થવાના ભયથી કે કૃપણતાને કારણે મંત્રવેત્તા પુરુષને જળ, મધુપર્ક અને ગાય ન મળે, તે ગૃહસ્થનું જીવતર ફોગટ છે, એમ આર્ય પુરુષો કહે છે. ૩

આતિથ્યને પાત્ર કોણ નથી ?

चिकित्सकः शल्यकर्तावकीर्णी स्तेनः क्रूरो मद्यपो भ्रूणहा च ।
सेनाजीवी श्रुतिविक्रायकश्च भृशं प्रियोऽप्यतिथिर्नोदकार्हः ॥

વૈદ્ય, શસ્ત્ર ઘડનાર, બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થયેલો, ચોર, ક્રૂર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મદ્યપાન કરનારો, ગર્ભપાત કરનારો, સેનાજીવી (સેનામાં નોકરી કરી, તે પર જીવિકા ચલાવનારો) અને વેદવિક્રય કરનારો, એટલા જણા જો કે જળને માટે પણ યોગ્ય નથી; તો પણ એમાંનો કોઈ અતિથિ તરીકે પોતાને ત્યાં આવ્યો હોય, તો તેનું પ્રેમથી સ્વાગત કરવું. ૪

અતિથિ કોણ કહેવાય ?

अविक्रेयं लवणं पक्वमन्नं दधि क्षीरं मधु तैलं घृतं च ।
तिला मांसं फलमूलानि शाकं रक्तं वासः सर्वगन्धा गुडाश्च ॥

મીઠું, રાંધેલું અન્ન, દહીં, દૂધ, મધ, તેલ, ઘી, તલ, માંસ ફળ, મૂળ, શાક, લાલ વસ્ત્ર, સર્વ સુગંધી પદાર્થો અને ગોળ, એટલી વસ્તુ વેચવા યોગ્ય નથી. (પરંતુ એ વેચનારો અતિથિ તરીકે આવ્યો હોય તો તેનું સ્વાગત કરવું.) ૫

अरोषणो यः समलोष्टाश्मकांचनः प्रहीणशोको गतसन्धिविग्रहः ।
निन्दाप्रशंसोपरतः प्रियाप्रिये त्यजन्नुदासीनवदेष भिक्षुकः ॥६
नीवारमूलेङ्गुदशाकवृत्तिः सुसंयतात्माग्निकार्येषु चोद्यः ।
वने वसन्नतिथिष्वप्रमत्तो धुरन्धरः पुण्यकृदेष तापसः ॥ ७ ॥

જે રોષરહિત છે, માટીનું ઢેફું, પથ્થર તથા સોનાને સમાન ગણે છે, શોકમુક્ત છે, સ્નેહ તથા વૈરથી પર છે, નિંદા તથા પ્રશંસાથી ઉપરામ પામ્યો છે, સુખ તથા દુઃખને સમાન લેખે છે અને જે ઉદાસીનની પેઠે રહે છે, તેને ખરો ભિક્ષુ-અતિથિ જાણવો. સામો વગેરે ધાન્ય, મૂળ, ઇંગોરિયાં તથા શાકભાજી ઉપર નિર્વાહ કરનાર, મનને સારી પેઠે વશ રાખનાર, અગ્નિહોત્રના કાર્યમાં કુશળ, વનમાં વાસ કરનાર, અતિથિ-સત્કારમાં સાવધાન અને પુણ્યકર્મ કરનાર પુરુષને મહાતપસ્વી (અતિથિ) જાણવો. ૬,૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન કરવાયોગ્ય અને કરવા યોગ્ય

अपकृत्य बुद्धिमतो दूरस्थोऽस्मीति नाश्वसेत् ।
दीर्घौ बुद्धिमतो बाहू याभ्यां हिंसति हिंसितः ॥ ८ ॥

બુદ્ધિમાન પુરુષનો અપકાર કરીને ' હું દૂર છું, એવા વિશ્વાસથી બેસી રહેવું નહિ; કારણ કે બુદ્ધિમાનના બુદ્ધિરૂપી હાથ ઘણા લાંબા હોય છે, એટલે તે હાથથી તે અપકાર કરનારાનો નાશ કરે છે. ૮

न विश्वसेदविश्वस्ते विश्वस्ते नातिविश्वसेत् ।
विश्वासाद्भयमुत्पन्नं मूलान्यपि निकृन्तति ॥ ९ ॥

અવિશ્વાસુ મનુષ્યનો વિશ્વાસ કરવો નહિ, તેમ વિશ્વાસુનો પણ અતિવિશ્વાસ રાખવો નહિ; કારણ કે વિશ્વાસથી ઉત્પન્ન થયેલો ભય મૂળને પણ કાપી નાખે છે. ૯

अनीर्षुर्गुप्तदारश्च संविभागी प्रियंवदः ।
श्लक्ष्णो मधुरवाक् स्त्रीणां न चासां वशगो भवेत् ॥ १० ॥
पूजनीया महाभागाः पुण्याश्च गृहदीप्तयः ।
स्त्रियः श्रियो गृहस्योक्तास्तस्माद्रक्ष्या विशेषतः ॥ ११ ॥

પુરુષે કોઇની ઈર્ષ્યા કરવી નહિ, પોતાની સ્ત્રીનું રક્ષણ કરવું, જે મળે તે પોષ્યવર્ગને વહેંચી આપવું, પ્રિય બોલવું, સ્ત્રીઓની સાથે કોમળ રહેવું, મધુર બોલવું, પણ તેઓને વશ થઈ જવું નહિ. પૂજવાયોગ્ય, મહાભાગ્યવાળી, પવિત્ર અને ઘરને અજવાળનારી સ્ત્રીઓ ઘરની લક્ષ્મી કહેવાઈ છે. માટે તેમનું વિશેષ પ્રકારે રક્ષણ કરવું જોઇએ. ૧૦,૧૧

पितुरन्तःपुरं दद्यान्मातुर्दद्यान्महानसम् ।
गोषु चात्मसमं दद्यात्स्वयमेव कृषिं व्रजेत् ॥ १२ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિતાને અંતઃપુરનું રક્ષણ સોંપવું, માતાને રસોડું સોંપવું, ગાય વગેરે પશુઓ ઉપર પોતાની પેઠે કાળજી રાખનારો હોય એવાની નિમણુંક કરવી અને ખેતી ઉપર જાતે જ કામે જવું.

જેનું જે કારણ તે તેમાં લય પામે

भृत्यैर्वाणिज्यचारं च पुत्रैः सेवेत च द्विजान् ।
अद्भ्योऽग्निर्ब्रह्मतः क्षत्रमश्मनो लोहमुत्थितम् ॥ १३ ॥

સેવકો પાસે વ્યાપારકાર્ય કરાવવું અને પુત્રો દ્વારા બ્રાહ્મણોની સેવા કરાવવી. પાણીથી અગ્નિ ઉત્પન્ન થયો છે, બ્રાહ્મણોથી ક્ષત્રિયો ઉત્પન્ન થયા છે અને પાષાણથી લોઢું ઉત્પન્ન થયું છે.

तेषां सर्वत्रगं तेजः स्वासु योनिषु शाम्यति ।
नित्यं सन्तः कुले जाताः पावकोपमतेजसः ॥ १४ ॥

તેમનું તેજ સર્વવ્યાપક છે, પરંતુ તે પોતાના ઉત્પત્તિ-સ્થાનમાં શાંત થઈ જાય છે. ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલા સજ્જનો નિત્ય અગ્નિના જેવા તેજસ્વી હોય છે, છતાં તેઓ કાષ્ઠમાં ગુપ્ત રહેલા અગ્નિની પેઠે બહારથી શાંત તથા ગુપ્ત રહે છે. ૧૩,૧૪

क्षमावन्तो निराकाराः काष्ठेऽग्निरिव शेरते ।
यस्य मन्त्रं न जानन्ति बाह्याश्चाभ्यन्तराश्च ये ॥ १५ ॥
स राजा सर्वतश्चक्षुश्चिरमैश्वर्यमश्नुते ।
करिष्यन्न प्रभाषेत कृतान्येव तु दर्शयेत् ॥ १६ ॥

જે રાજાની મસલતને બહારનું તથા ઘરનું કોઈ જાણતું નથી અને જે દૂતો દ્વારા બીજાની મસલતોને જાણી લે છે, જે કામ કરવાનાં હોય તે કામ (આગળથી) જાહેર કરે નહિ અને કર્યા પછી જ (જાહેર) બતાવે છે તે રાજા ઘણા કાળપર્યંત રાજ્ય ભોગવે છે. એમ કરવાથી મસલત ફૂટતી નથી. ૧૫,૧૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુપ્ત વિચાર કરવાનાં સ્થાનો

धर्मकामार्थकार्याणि तथा मन्त्रो न भिद्यते ।
गिरिपृष्ठमुपारुह्य प्रासादं वा रहोगतः ॥ १७ ॥
अरण्ये निःशलाके वा तत्र मन्त्रोऽभिधीयते ।
नासुहृत्परमं मन्त्रं भारतार्हति वेदितुम् ॥ १८ ॥

પર્વત ઉપર ચઢીને અથવા મહેલના એકાંતમાં જઇને અથવા ઘાસ વિનાના અરણ્યમાં જઈને મસલત કરવાથી તે ફૂટતી નથી. હે ભારત ! ઉત્તમ મસલત જાણવાને માટે મિત્ર સિવાય બીજું કોઈ અધિકારી નથી. ૧૭,૧૮

મંત્રીની પરીક્ષા

अपण्डितो वापि सुहृत् पण्डितो वाप्यनात्मवान् ।
नापरीक्ष्य महीपालः कुर्यात्सचिवमात्मनः ॥ १९ ॥
अमात्ये ह्यर्थलिप्सा च मन्त्ररक्षणमेव च ।
कृतानि सर्वकार्याणि यस्य पारिषदा विदुः ॥ २० ॥
धर्मे चार्थे च कामे च स राजा राजसत्तमः ।
गूढमन्त्रस्य नृपतेस्तस्य सिद्धिरसंशयम् ॥ २१ ॥

મિત્ર હોય છતાં તે અપંડિત હોય અને પંડિત હોય છતાં બહુ બોલકણો હોય, તેને પણ ગુપ્ત વિચાર જણાવવો નહિ. રાજાએ પરીક્ષા કર્યા વિના કોઇને પણ પોતાનો મંત્રી કરવો નહિ. કારણ કે અર્થપ્રાપ્તિ અને મંત્રરક્ષણ, એ બન્ને મંત્રીને અધીન હોય છે. જે રાજાનાં ધર્મ, અર્થ તથા કામસંબંધી સર્વ કાર્યો સિદ્ધ થયા પછી જ સભાસદોના જાણવામાં આવે છે, તે રાજા રાજાઓમાં શ્રેષ્ઠ છે. એવા ગુપ્ત મસલતવાળા રાજાનાં કાર્યો અવશ્ય સિદ્ધ થાય છે.૧૯-૨૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अप्रशस्तानि कार्याणि यो मोहादनुतिष्ठति ।
स तेषां विपरिभ्रंशाद्भ्रश्यते जीवितादपि ॥ २२ ॥

જે રાજા મોહને લીધે અશુભ કાર્યો કરે છે, તે રાજા અશુભ કર્મની દુષ્ટતાને કારણે જીવથી માર્યો જાય છે. ૨૨

સુખદુઃખનાં કારણ

कर्मणां तु प्रशस्तानामनुष्ठानं सुखावहम् ।
तेषामेवाननुष्ठानं पश्चात्तापकरं मतम् ॥ २३ ॥

પ્રશંસાપાત્ર કામ કરવાથી સુખ મળે છે અને તે ન કરવાથી પશ્ચાત્તાપ થાય છે, એવું વિદ્વાનોનું માનવું છે. ૨૩

अनधीत्य यथा वेदान्न विप्रः श्राद्धमर्हति ।
एवमश्रुतषाड्गुण्यो न मन्त्रं श्रोतुमर्हति ॥ २४ ॥

જેમ બ્રાહ્મણ વેદ ભણ્યા વિના નિમંત્રણને યોગ્ય ગણાતો નથી, તેમ છ ગુણો (સંધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધીભાવ અને સમાશ્રય)ની સમજ વિનાનો પુરુષ મસલત સાંભળવાને યોગ્ય ગણાતો નથી. ૨૪

પૃથ્વી કોને વરે છે ?

स्थानवृद्धिक्षयज्ञस्य षाड्गुण्यविदितात्मनः ।
अनवज्ञातशीलस्य स्वाधीना पृथिवी नृप ॥ २५ ॥

હે રાજા ! સ્થિતિ, વૃદ્ધિ તથા ક્ષયને જાણનારો, સંધિ આદિ છ ગુણના જ્ઞાનવડે પોતાના સ્વરૂપને ઓળખનારો અને સત્કારપાત્ર શીલવાળો રાજા પૃથ્વીને સ્વાધીન કરે છે. ૨૫

अमोघक्रोधहर्षस्य स्वयं कृत्वान्ववेक्षिणः ।
आत्मप्रत्ययकोशस्य वसुदैव वसुन्धरा ॥ २६ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नाममात्रेण तुष्येत छत्रेण च महीपतिः ।
भृत्येभ्यो विसृजेदर्थान्नैकः सर्वचरो भवेत् ॥ २७ ॥

જે રાજાનો ક્રોધ તથા હર્ષ સફળ છે, જે પોતે કામ કરીને તેની વારંવાર દેખરેખ રાખે છે અને જે પોતે જ ભંડારની સંભાળ લે છે, તેને આ વસુન્ધરા ધન આપ્યા જ કરે છે. રાજાએ રાજપદથી તથા છત્રથી જ સંતુષ્ટ રહેવું અને સંપત્તિ સેવકોને વહેંચી આપવી; પણ એકલાએ જ સર્વ લઈ લેવું નહિ. ૨૬,૨૭

કોણ કોની પરીક્ષા કરી શકે?

ब्राह्मणं ब्राह्मणो वेद भर्ता वेद स्त्रियं तथा ।
अमात्यं नृपतिर्वेद राजा राजानमेव च ॥ २८ ॥
न शत्रुर्वशमापन्नो मोक्तव्यो वध्यतां गतः ।
न्यग्भूत्वा पर्युपासीत वध्यं हन्याद्बले सति ।
अहताद्धि भयं तस्माज्जायते न चिरादिव ॥ २९ ॥

બ્રાહ્મણ બ્રાહ્મણના સ્વરૂપને ઓળખે છે, પતિ પત્નીના સ્વરૂપને ઓળખે છે, રાજા અમાત્યના સ્વરૂપને ઓળખે છે અને રાજાના સ્વરૂપને રાજા જ ઓળખે છે. વધ કરવા યોગ્ય શત્રુ વશમાં આવ્યો હોય તો તેને જતો કરવો નહિ. શક્તિ ન હોય તો નીચા વળીને તેની સેવા કરવી, પણ બળ હોય તો તેનું કાસળ કાઢી નાખવું. કારણ કે તેવો શત્રુ જીવતો જાય, તો થોડા જ સમયમાં તેનાથી ભય ઉત્પન્ન થાય છે. ૨૮,૨૯

दैवतेषु प्रयत्नेन राजसु ब्राह्मणेषु च ।
नियंतव्यः सदा क्रोधो वृद्धबालातुरेषु च ॥ ३० ॥

દેવતા, રાજા, બ્રાહ્મણ, વૃદ્ધ, બાળક અને રોગી એટલાની સાથે પ્રસંગ પડતાં સર્વદા પ્રયત્નપૂર્વક ક્રોધને વશ રાખવો. ૩૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુખસાધન

निरर्थं कलहं प्राज्ञो वर्जयेन्मूढसेवितम् ।
कीर्तिं च लभते लोके न चानर्थेन युज्यते ॥ ३१ ॥

ડાહ્યા મનુષ્યે મૂર્ખોએ સેવેલા નિરર્થક કલેશનો ત્યાગ કરવો; કારણ કે એવા ત્યાગથી લોકમાં કીર્તિ મળે છે અને કોઈ અનર્થ થતો નથી. ૩૧

प्रसादो निष्फलो यस्य क्रोधश्चापि निरर्थकः ।
न तं भर्तारमिच्छन्ति षंढं पतिमिव स्त्रियः ॥ ३२ ॥
न बुद्धिर्धनलाभाय न जाड्यमसमृद्धये ।
लोकपर्यायवृत्तान्तं प्राज्ञो जानाति नेतरः ॥ ३३ ॥

જેમ સ્ત્રીઓ નપુંસક પતિને ઇચ્છતી નથી, તેમ જેની રીઝ નિષ્ફળ હોય અને જેની રીસ પણ નિરર્થક હોય, તેવા રાજાને પ્રજા ઇચ્છતી નથી. બુદ્ધિ કંઈ ધનનો લાભ કરાવતી નથી અને મૂર્ખતા કંઈ ધનની હાનિ કરાવતી નથી; પણ બુદ્ધિમાન આ લોક તથા પરલોકના વૃત્તાંતને (અર્થાત્ તે કર્મફળને અધીન છે એ વાતને) જાણે છે અને મૂર્ખ તે જાણતો નથી. ૩૨,૩૩

विद्याशीलवयोवृद्धान् बुद्धिवृद्धांश्च भारत ।
धनाभिजातवृद्धांश्च नित्यं मूढोवमन्यते ॥ ३४ ॥
अनार्यवृत्तमप्राज्ञमसूयकमधार्मिकम् ।
अनर्थाः क्षिप्रमायान्ति वाग्दुष्टं क्रोधनं तथा ॥ ३५ ॥

હે ભારત! મૂર્ખ મનુષ્ય હંમેશાં વિદ્યા, શીલ અને અવસ્થામાં મોટા, વળી ધનમાં અને જાતિમાં ઊંચા એવા પુરુષોનું અપમાન કરે છે. જે મનુષ્ય દુરાચારી, મૂર્ખ, ઇર્ષ્યાખોર, અધર્મી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુષ્ટ વાણીવાળો તથા ક્રોધી હોય છે, તેના પર જલદી સંકટો આવી પડે છે. ૩૪,૩૫

શત્રુ પણ મિત્ર થાય છે

अविसंवादनं दानं समयस्याव्यतिक्रमः ।
आवर्तयन्ति भूतानि सम्यक्प्रणिहिता च वाक् ॥ ३६ ॥
अविसंवादको दक्षः कृतज्ञो मतिमानृजुः ।
अपि सङ्क्षीणकोशोऽपि लभते परिवारणम् ॥ ३७ ॥

છેતરપિંડી ન કરવી, દાન આપવું, ઠરાવેલી મર્યાદાનું પાલન કરવું અને મીઠી વાણી બોલવી; એટલાથી પ્રાણીઓને પોતાના પક્ષના કરી લેવાય છે. જે અવળું બોલતો નથી, ચતુર છે, કૃતજ્ઞ છે, બુદ્ધિમાન છે અને સરળ પ્રકૃતિનો છે, તેનો ભંડાર ક્ષીણ થઈ ગયો હોય તો પણ તેને સેવક, મિત્ર વગેરે પરિવાર આવી મળે છે. ૩૬,૩૭

धृतिः शमो दमः शौचं कारुण्यं वागनिष्ठुरा ।
मित्राणां चानभिद्रोहः सप्तैताः समिधः श्रियः ॥ ३८ ॥

ધૈર્ય, શાંતિ, ઇન્દ્રિયનિગ્રહ, પવિત્રતા, દયા, કોમળ વાણી અને મિત્રદ્રોહનો ત્યાગ, આ સાત લક્ષ્મીને વધારે છે. ૩૮

ત્યાગ કરવા લાયક રાજા

असंविभागी दुष्टात्मा कृतघ्नो निरपत्रपः ।
तादृङ्नराधिपो लोके वर्जनीयो नराधिप ॥ ३९ ॥

હે નરનાથ! જે રાજા પોષ્યવર્ગને આપ્યા વિના જ ખાઈ જાય છે, જે દુષ્ટ મનનો છે, કૃતઘ્ની છે અને જે નિર્લજ્જ છે, તેનો ત્યાગ કરવો. ૩૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

न च रात्रौ सुखं शेते स सर्प इव वेश्मनि ।
यः कोपयति निर्दोषं सदोषोऽभ्यन्तरं जनम् ॥ ४० ॥

પોતે દોષવાન છતાં જે ઘરમાંના દોષરહિત મનુષ્યોને કોપાવે છે, તે જાણે સાપવાળા ઘરમાં રહેતો હોય તેમ રાત્રે સુખે ઊંઘ પામતો નથી. ૪૦

કોને રાજી રાખવો?

येषु दुष्टेषु दोषः स्याद्योगक्षेमस्य भारत ।
सदा प्रसादनं तेषां देवतानामिवाचरेत् ॥ ४१ ॥
येऽर्थाः स्त्रीषु समायुक्ताः प्रमत्तपतितेषु च ।
ये चानार्ये समासक्ताः सर्वे ते संशयं गताः ॥ ४२ ॥

હે ભારત! જે મનુષ્યો ગુસ્સે થાય તો પોતાના યોગક્ષેમમાં અડચણ આવે છે, તે મનુષ્યોને દેવોની જેમ નિત્ય પ્રસન્ન રાખવા. જે ધનાદિ અર્થો સ્ત્રી, પ્રમાદી, પતિત અને અનાર્યને હાથે ગયા હોય છે તે સર્વે ભાગ્યે જ પાછા મળે છે. ૪૧,૪૨

यत्र स्त्री यत्र कितवो बालो यत्रानुशासिता ।
मज्जन्ति तेऽवशा राजन्नद्यामश्मप्लवा इव ॥ ४३ ॥

હે રાજન્! જ્યાં સ્ત્રી, ધૂર્ત અથવા બાળકની સત્તા ચાલતી હોય, ત્યાંના લોકો નદીમાં પથ્થરની નાવમાં બેઠેલાની પેઠે ડૂબી જાય છે. (એટલે કે દુઃખી થાય છે.) ૪૩

પંડિત

प्रयोजनेषु ये सक्ता न विशेषेषु भारत ।
तानहं पण्डितान्मन्ये विशेषा हि प्रसङ्गिनः ॥ ४४ ॥

હે ભારત! જેઓ મુખ્ય કાર્યમાં જ પ્રવૃત્ત થાય છે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારે ભાંજગડમાં પડતા નથી, તેઓને હું પંડિત માનું છું; કારણ કે ફોગટની પંચાતમાં પડનારા તો ક્લેશકારી થઈ પડે છે.

यं प्रशंसन्ति कितवा यं प्रशंसन्ति चारणाः।
यं प्रशंसन्ति बन्धक्यो न स जीवति मानवः ॥ ४५ ॥

ધૂર્તો (જુગારીઓ) જેનાં વખાણ કરે છે, ચારણો જેનાં વખાણ કરે છે અને વેશ્યાઓ જેનાં વખાણ કરે છે, તે મનુષ્ય કદી જીવી શકતો નથી. ૪૫

રહસ્ય

हित्वा तान्परमेष्वासान् पाण्डवानमितौजसः।
आहितं भारतैश्वर्यं त्वया दुर्योधने महत् ॥ ४६ ॥
तं द्रक्ष्यसि परिभ्रष्टं तस्मात्त्वमचिरादिव।
ऐश्वर्यमदसम्मूढं बलिं लोकत्रयादिव ॥ ४७ ॥

હે ભારત! તમે મહાધનુર્ધારી તથા અમાપ પરાક્રમી પાંડવોનો ત્યાગ કરીને, દુર્યોધનને મોટું ઐશ્વર્ય આપ્યું છે. ૪૬ પરંતુ ઐશ્વર્યના મદથી મૂઢ થયેલો બલિરાજા જેમ ત્રણ લોકના રાજ્યથી ભ્રષ્ટ થયો હતો, તેમ તમે પણ દુર્યોધનને થોડા સમયમાં રાજ્યથી ભ્રષ્ટ થયેલો જોશો. ૪૭

इति श्रीमहाभारते उद्योगपर्वणि प्रजागरपर्वणि
विदुरनीतिवाक्ये षष्ठोऽध्यायः ॥ ६ ॥

ઇતિશ્રી મહાભારતમાં ઉદ્યોગપર્વાન્તર્ગત પ્રજાગરપર્વમાં
'વિદુરનીતિવાક્ય'માં અધ્યાય છઠ્ઠો સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૭ મો

धृतराष्ट्र उवाच ॥ ધૃતરાષ્ટ્ર બોલ્યા:—

अनीश्वरोऽयं पुरुषो भवाभवे सूत्रप्रोता दारुमयीव योषा ।
धात्रा तु दिष्टस्य वशे कृतोऽयं तस्माद्वद त्वं श्रवणे धृतोऽहम् ॥

સૂતર પરોવેલી લાકડાની પૂતળીની પેઠે વિધાતાએ આ પુરુષને દૈવને અધીન કરેલો છે; તેથી એ ઐશ્વર્ય અને અનૈશ્વર્યના સંબંધમાં સ્વતંત્ર નથી. આથી તું મને બોધવચનો કહે હું તે ધીરજથી સાંભળવા બેઠો છું. ૧

विदुर उवाच ॥ વિદુર બોલ્યા:—

अप्राप्तकालं वचनं बृहस्पतिरपि ब्रुवन् ।
लभते बुद्ध्यवज्ञानमवमानं च भारत ॥ २ ॥

હે ભારત! સ્વયં બૃહસ્પતિ પણ જો કસમયે વચન કાઢે છે, તો તેનું પણ અપમાન થાય છે અને તેની બુદ્ધિ પણ લેખામાં લેવાતી નથી. ૨

મિત્ર

प्रियो भवति दानेन प्रियवादेन चापरः ।
मंत्रमूलबलेनान्यो यः प्रियः प्रिय एव सः ॥ ३ ॥

કોઈ વસ્તુ આપવાથી મિત્ર થાય છે, કોઈ પ્રિય ભાષણથી મિત્ર થાય છે અને કોઈ મંત્ર તથા મૂળના બળથી મિત્ર થાય છે; પણ જે સહજ મિત્ર થાય છે, તે જ ખરો મિત્ર છે. ૩

द्वेष्यो न साधुर्भवति न मेधावी न पंडितः ।
प्रिये शुभानि कार्याणि द्वेष्ये पापानि चैव ह ॥ ४ ॥

उक्तं मया जातमात्रेऽपि राजन्दुर्योधनं त्यज पुत्रं त्वमेकम् ।
तस्य त्यागात्पुत्रशतस्य वृद्धिरस्यात्यागात्पुत्रशतस्य नाशः५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે દ્વેષપાત્ર છે, તે મિત્ર થતો નથી, બુદ્ધિમાન જણાતો નથી, તેમ પંડિત જણાતો નથી. જેટલાં કામ મિત્ર કરે છે તેટલાં સારાં લાગે છે અને જેટલાં કામ શત્રુ કરે છે તેટલાં કામ અવશ્ય નકામાં લાગે છે. હે રાજન્! દુર્યોધનનો જન્મ થયો તે વખતે જ મેં કહ્યું હતું કે, 'તમે આ એક પુત્રને ત્યજી દો, કારણ કે એના ત્યાગથી સો પુત્રની વૃદ્ધિ થશે અને એનો ત્યાગ ન કરવાથી સો પુત્રનો નાશ થશે.' ૪,૫

ઘટાડો પણ ઉત્તમ

न वृद्धिर्बहु मंतव्या या वृद्धिः क्षयमावहेत् ।
क्षयोऽपि बहु मंतव्यो यः क्षयो वृद्धिमावहेत् ॥ ६ ॥
न स क्षयो महाराज यः क्षयो वृद्धिमावहेत् ।
क्षयः स त्विह मंतव्यो यं लब्ध्वा बहु नाशयेत् ॥ ७ ॥

જે વૃદ્ધિ પરિણામે ક્ષયકારી છે, તે વૃદ્ધિને શ્રેષ્ઠ માનવી નહિ, પણ જે ક્ષય પરિણામે વૃદ્ધિ કરે, તે ક્ષય જ શ્રેષ્ઠ માનવો. હે મહારાજ! જે ક્ષય છેવટે વૃદ્ધિ કરાવે છે તે ક્ષય જ નથી; પણ જે મેળવ્યા પછી ઘણાનો નાશ થાય, તેને જ આ લોકમાં ક્ષય માનવો. ૬,૭

समृद्धा गुणतः केचिद्भवंति धनतोऽपरे ।
धनवृद्धान्गुणैर्हीनान्धृतराष्ट्र विवर्जय ॥ ८ ॥

કેટલાએક ગુણથી સમૃદ્ધિવાળા હોય છે, તો કેટલાએક ધનથી સમૃદ્ધિવાળા હોય છે. તો હે ધૃતરાષ્ટ્ર! તેમાં જેઓ ધનથી સમૃદ્ધિવાળા હોવા છતાં ગુણથી રહિત છે, તેમનો તમે ત્યાગ જ કરો. ૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

धृतराष्ट्र उवाच ॥ ધૃતરાષ્ટ્ર બોલ્યા:—

सर्वं त्वमायतीयुक्तं भाषसे प्राज्ञसम्मतम् ।
न चोत्सहे सुतं त्यक्तुं यतो धर्मस्ततो जयः ॥ ९ ॥

હે વિદુર! તું આ બધું શાણાઓને માન્ય એવું તથા હિતકારી બોલે છે; પણ પુત્રને ત્યજવાની મારી હિંમત નથી. બાકી, જ્યાં ધર્મ છે ત્યાં જ જય છે. ૯

विदुर उवाच ॥ વિદુર બોલ્યા:—

अतीव गुणसम्पन्नो न जातु विनयान्वितः ।
सुसूक्ष्ममपि भूतानामुपमर्दमुपेक्षते ॥ १० ॥

જે મનુષ્ય ઘણો ગુણવાન તથા વિનયવાન હોય છે, તે પ્રાણીઓનાં અતિ અલ્પ દુઃખ તરફ પણ કદી ઉપેક્ષા કરતો નથી. ૧૦

નિન્દિત સંગ

परापवादनिरताः परदुःखोदयेषु च ।
परस्परविरोधे च यतंते सततोत्थिताः ॥ ११ ॥
सदोषं दर्शनं येषां संवासे सुमहद्भयम् ।
अर्थादाने महान्दोषः प्रदाने च महद्भयम् ॥ १२ ॥
ये वै भेदनशीलास्तु सकामा निस्त्रपाः शठाः ।
ये पापा इति विख्याताः संवासे परिगर्हिताः ॥ १३ ॥
युक्ताश्चान्यैर्महादोषैर्ये नरास्तान् विवर्जयेत् ।
निवर्तमाने सौहार्दे प्रीतिर्नीचे प्रणश्यति ॥ १४ ॥
या चैव फलनिर्वृत्ति सौहृदे चैव यत्सुखम् ।
यतते चापवादाय यत्नमारभते क्षये ॥ १५ ॥

જેઓ પરનિંદા કરવામાં તથા અન્યને દુઃખ દેવામાં તત્પર રહે છે, તેમજ જેઓ પરસ્પર વિરોધ જગાવવાનો સતત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યત્ન કરે છે, જેમનાં દર્શન પાપકારી છે, જેમનો સહવાસ મહા ભયંકર છે, જેમની પાસેથી પૈસા લેવાથી મોટો અનર્થ થાય છે, જેમને પૈસા આપવામાં મોટો ભય રહે છે, જેમનો વ્યવસાય એકબીજામાં ભેદ પડાવવાનો છે, જેઓ કામી, નિર્લજ્જ તથા શઠ છે, જેઓ પાપી તરીકે પ્રખ્યાત છે, જેમની સાથેનો સહવાસ નિંદાપાત્ર ગણાય છે અને જેઓ બીજા મહાદોષોથી ભરેલા છે, તે મનુષ્યોનો ત્યાગ જ કરવો. કારણ કે મિત્રતાનું કારણ સમાપ્ત થતાં જ નીચ મનુષ્યમાં પ્રેમ, મિત્રતાનું ફળ અને સ્નેહનું સુખ નાશ પામે છે. વળી નીચનું થોડું સરખું પણ બૂરું કરવામાં આવે તો તે મિત્રને અપવાદ આપવાનો તથા તેનો વિનાશ કરવાનો પ્રયત્ન કરે છે અને મૂર્ખતાને લીધે કોઈ રીતે શાંત થતો નથી. ૧૧–૧૫

સંગ કરવા યોગ્ય

अल्पेऽप्यपकृते मोहान्न शांतिमधिगच्छति ।
तादृशैः संगतं नीचैर्नृशंसैरकृतात्मभिः ॥ १६ ॥
निशम्य निपुणं बुध्वा विद्वान्दूराद्विवर्जयेत् ।
यो ज्ञातिमनुगृह्णाति दरिद्रं दीनमातुरम् ॥ १७ ॥
स पुत्रपशुभिर्वृद्धिं श्रेयश्चानन्त्यमश्नुते ।
ज्ञातयो वर्धनीयास्तैर्य इच्छन्त्यात्मनः शुभम् ॥ १८ ॥
कुलवृद्धिं च राजेन्द्र तस्मात्साधु समाचर ।
श्रेयसा योक्ष्यते राजन् कुर्वाणो ज्ञातिसत्क्रियाम् ॥ १९ ॥
विगुणा ह्यपि संरक्ष्या ज्ञातयो भरतर्षभ ।
किं पुनर्गुणवन्तस्ते त्वत्प्रसादाभिकाङ्क्षिणः ॥ २० ॥

માટે તેવા નીચ, ક્રૂર તથા ઉચ્છૃંખલ મનુષ્યોની સંગતિનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસંગ આવે તો વિદ્વાન પુરુષે સારી પેઠે બુદ્ધિપૂર્વક વિચાર કરવો અને તેમની સંગતિને દૂરથી જ વર્જવી. જે મનુષ્ય પોતાના દીન, દુ:ખી તથા દરિદ્રી જ્ઞાતિબંધુ પર દયા કરે છે, તેનાં પશુપુત્ર વૃદ્ધિ પામે છે અને તે પરમ કલ્યાણ ભોગવે છે. આથી જેઓ પોતાનું શુભ ઇચ્છતા હોય, તેઓએ જ્ઞાતિજનોની ઉદયવૃદ્ધિ કરવી. એટલે હે રાજેન્દ્ર! તમે પણ સારી રીતે કુળની વૃદ્ધિ થાય તે પ્રમાણે આચરણ કરો. હે રાજન્! જ્ઞાતિને સત્કારનારો કલ્યાણ-થી યુક્ત થાય છે. હે ભરતશ્રેષ્ઠ! જ્ઞાતિજનો ગુણરહિત હોય, તો પણ તેમનું રક્ષણ કરવું જોઇએ; ત્યારે ગુણસંપન્ન અને તમારી કૃપાના આકાંક્ષી એવા પાંડવો માટે તો કહેવું જ શું?

प्रसादं कुरु वीराणां पाण्डवानां विशाम्पते ।
दीयंतां ग्रामकाः केचित्तेषां वृत्त्यर्थमीश्वर ॥ २१ ॥
एवं लोके यशः प्राप्तं भविष्यति नराधिप ।
वृद्धेन हि त्वया कार्यं पुत्राणां तात शासनम् ॥ २२ ॥

હે પૃથ્વીપતિ! તમે વીર પાંડવોના ઉપર કૃપા કરો. હે પ્રભુ! તમે તેમને જીવિકા માટે કેટલાંએક ગામો આપો. હે નરપતિ! આ પ્રમાણે કરવાથી લોકમાં તમને યશ પ્રાપ્ત થશે. હે તાત! તમે વૃદ્ધ છો માટે તમારે પુત્રોને શિખામણ આપવી જોઇએ. ૨૧,૨૨

मया चापि हितं वाच्यं विद्धि मां त्वद्धितैषिणम् ।
ज्ञातिभिर्विग्रहस्तात न कर्तव्यः शुभार्थिना ।
सुखानि सह भोज्यानि ज्ञातिभिर्भरतर्षभ ॥ २३ ॥
सम्भोजनं सङ्कथनं सम्प्रीतिश्च परस्परम् ।
ज्ञातिभिः सह कार्याणि न विरोधः कदाचन ॥ २४ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને મારે પણ હિતબોધ કહેવો જોઈએ. તમે મને તમારો હિતૈષી જાણો. હે ભરતશ્રેષ્ઠ! શુભેચ્છક મનુષ્યે પોતાનાં જ્ઞાતિજનો સાથે વિગ્રહ ન કરવો જોઈએ. હે તાત! તેણે તો તેમની સાથે રહીને સુખ ભોગવવું જોઈએ. જ્ઞાતિજનોની સાથે ભોજન કરવું; વાતચીત કરવી તથા પરસ્પર પ્રેમ રાખવો; પણ કદી તેમની સાથે વિરોધ કરવો નહિ. ૨૩,૨૪

જ્ઞાતિજનો સાથે તરવું અને ડૂબવું

ज्ञातयस्तारयन्तीह ज्ञातयो मज्जयन्ति च ।
सुवृत्तास्तारयन्तीह दुर्वृत्ता मज्जयन्ति च ॥ २५ ॥

આ લોકમાં જ્ઞાતિઓ જ તારે છે અને જ્ઞાતિઓ જ ડુબાડે છે. સંસારમાં સદ્‌વર્તનવાળાં જ્ઞાતિજનો તારે છે અને દુર્વર્તનવાળાં જ્ઞાતિજનો ડુબાડે છે. ૨૫

सुवृत्तो भव राजेन्द्र पाण्डवान्प्रति मानद ।
अधर्षणीयः शत्रूणां तैर्वृतस्त्वं भविष्यति ॥ २६ ॥
श्रीमन्तं ज्ञातिमासाद्य यो ज्ञातिरवसीदति ।
दिग्धहस्तं मृग इव स एनस्तस्य विन्दति ॥ २७ ॥

તો હે રાજેંદ્ર! તમે પાંડવો પ્રત્યે સદ્‌વર્તન રાખો, એટલે હે માનદાતા! તેઓથી વીંટાયેલા તમે શત્રુઓથી પરાભવ પામશો નહિ. કોઈ જ્ઞાતિજન શ્રીમંત જ્ઞાતિજનને આશ્રયે જાય અને છતાં તેને દુઃખ ભોગવવાનું આવે, તો હાથમાં ઝેરી બાણવાળા પારધીને આશરે ગયેલા મૃગનો વધ થવાથી જેમ એ મૃગવધનું પાપ પેલા પારધીને લાગે છે, તેમ જ્ઞાતિજનને તે દુઃખ પડ્યાનું પાપ પેલા શ્રીમંતને લાગે છે. ૨૬,૨૭

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીતિ

पश्चादपि नरश्रेष्ठ तव तापो भविष्यति ।
तान्वा हतान्सुतान्वापि श्रुत्वा तदनुचिन्तय ॥ २८ ॥

હે નરશ્રેષ્ઠ! યુદ્ધમાં પાંડવો કે તમારા પુત્રો હણાઈ ગયા છે, એ સાંભળીને તમને પછીથી સંતાપ થશે. તો તમે આગળથી જ વિચાર કરો ને! ૨૮

येन खट्वां समारूढः परितप्येत कर्मणा ।
आदावेव न तत्कुर्यादध्रुवे जीविते सति ॥ २९ ॥
न कश्चिन्नापनयते पुमानन्यत्र भार्गवात् ।
शेषसम्प्रतिपत्तिस्तु बुद्धिमत्स्वेव तिष्ठति ॥ ३० ॥

આવરદા પરપોટા જેવી છે. એટલે જે કામ કરવાથી ખાટલે પડ્યા પડ્યા પશ્ચાત્તાપ કરવો પડે, તે કામ પ્રથમથી જ કરવું નહિ. નીતિશાસ્ત્રકર્તા શુક્રાચાર્ય સિવાય બીજો કોઈ અન્યાય કરતો નથી એમ સમજવું નહિ, પણ અન્યાય ધ્યાનમાં આવ્યા પછી બાકી રહેલાં કામમાં વિચારપૂર્વક વર્તવું, એ બુદ્ધિમાનોનું લક્ષણ છે. ૨૯,૩૦

दुर्योधनेन यद्येतत्पापं तेषु पुरा कृतम् ।
त्वया तत्कुलवृद्धेन प्रत्यानेयं नरेश्वर ॥ ३१ ॥
तांस्त्वं पदे प्रतिष्ठाप्य लोके विगतकल्मषः ।
भविष्यसि नरश्रेष्ठ पूजनीयो मनीषिणाम् ॥ ३२ ॥

હે નરેશ્વર! પૂર્વે દુર્યોધને પાંડવો પ્રત્યે જે પાપી વર્તન ચલાવ્યું છે, તે વર્તનનો બદલો કુળમાં વૃદ્ધ એવા તમારે વાળી આપવો જોઈએ. હે નરશ્રેષ્ઠ! પાંડવોને રાજ્યપદ ઉપર બેસાડીને તમે લોકમાં નિર્દોષ થશો અને વિદ્વાનોમાં પૂજ્ય થશો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सुव्याहृतानि धीराणां फलतः परिचिन्त्य यः ।
अध्यवस्यति कार्येषु चिरं यशसि तिष्ठति ॥ ३३ ॥
असम्यगुपयुक्तं हि ज्ञानं सुकुशलैरपि ।
उपलभ्यं चाविदितं विदितं चाननुष्ठितम् ॥ ३४ ॥

જે મનુષ્ય ધીર પુરુષોનાં સારાં વચનોનાં પરિણામનો વિચાર કરીને કાર્ય કરવાનો નિશ્ચય કરે છે, તે ચિરકાળ સુધી યશસ્વી રહે છે. મહાકુશળ પુરુષોએ ઉપદેશેલા જ્ઞાનમાંથી જાણવા જેટલું જાણ્યું નહિ અથવા જાણ્યા છતાં તે પ્રમાણે વર્તન કર્યું નહિ, તો તે ઉપદેશેલું જ્ઞાન નિષ્ફળ છે.૩૩,૩૪

पापोदयफलं विद्वान्यो नारभति वर्धते ।
यस्तु पूर्वकृतं पापमविमृश्यानुवर्तते ।
अगाधपङ्के दुर्मेधा विषमे विनिपात्यते ॥ ३५ ॥
मन्त्रभेदस्य षट् प्राज्ञो द्वाराणीमानि लक्षयेत् ।
अर्थसन्ततिकामस्तु रक्षेदेतानि नित्यशः ॥ ३६ ॥
मदं स्वप्नमविज्ञानमकारं चात्मसम्भवम् ।
दुष्टामात्येषु विश्रम्भं दूताच्चाकुशलादपि ॥ ३७ ॥
द्वाराण्येतानि यो ज्ञात्वा संवृणोति सदा नृप ।
त्रिवर्गाचरणे युक्तः स शत्रूनधितिष्ठति ॥ ३८ ॥
न वै श्रुतमविज्ञाय वृद्धाननुपसेव्य वा ।
धर्मार्थौ वेदितुं शक्यौ बृहस्पतिसमैरपि ॥ ३९ ॥
नष्टं समुद्रे पतितं नष्टं वाक्यमशृण्वति ।
अनात्मनि श्रुतं नष्टं नष्टं हुतमनग्निकम् ॥ ४० ॥

જે મનુષ્ય પરિણામે પાપફળ આપનારાં કર્મને જાણીને તેનો આરંભ જ કરતો નથી, તે અભ્યુદય પામે છે. પરંતુ જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વે કરેલાં પાપનો વિચાર કર્યા વિના પાપ જ કર્યા કરે છે, તે દુર્બુદ્ધિવાળા મનુષ્યને અગાધ ભયંકર નરકમાં નાખવામાં આવે છે. ડાહ્યા મનુષ્યે મસલત ફૂટવાનાં આ છ દ્વારો લક્ષમાં રાખવાં અને સંપત્તિની વૃદ્ધિની ઇચ્છાવાળાએ એ દ્વારોનું નિત્ય રક્ષણ કરવું. મદિરાપાનથી થયેલો મદ, નિદ્રા, અન્યના ગુપ્ત દૂતાદિને ન ઓળખવા તે, પોતાના મુખનો તથા નેત્રાદિનો વિકાર, દુષ્ટ મંત્રીનો વિશ્વાસ અને મૂર્ખ દૂત આ દ્વારો જાણીને, હે રાજા! જે તેને સાચવી રાખે છે અને ધર્મ, અર્થ તથા કામનું સેવન કરવામાં જોડાયલો રહે છે તે શત્રુને તાબે કરે છે. બૃહસ્પતિ જેવાને પણ શાસ્ત્રના અધ્યયન વિના અથવા વૃદ્ધોની સેવા કર્યા વિના ધર્મ તથા અર્થનું જ્ઞાન થતું નથી. સમુદ્રમાં પડેલું નાશ પામ્યું સમજવું, કાને ન ધરનારને કહેલું વચન મિથ્યા ગયેલું સમજવું, અવિવેકીએ કરેલું શાસ્ત્રોનું ભણતર વ્યર્થ ગયેલું સમજવું અને અગ્નિ વિના કરેલો હોમ નિષ્ફળ ગયેલો સમજવો.૩૫-૪૦

મિત્રતાનું લક્ષણ

मत्या परीक्ष्य मेधावी बुद्ध्या सम्पाद्य चासकृत् ।
श्रुत्वा दृष्ट्वाथ विज्ञाय प्राज्ञैर्मैत्रीं समाचरेत् ॥ ४१ ॥
अकीर्तिं विनयो हन्ति हन्त्यनर्थं पराक्रमः ।
हन्ति नित्यं क्षमा क्रोधमाचारो हन्त्यलक्षणम् ॥ ४२ ॥
परिच्छदेन क्षेत्रेण वेश्मना परिचर्यया ।
परीक्षेत कुलं राजन् भोजनाच्छादनेन च ॥ ४३ ॥
उपस्थितस्य कामस्य प्रतिवादो न विद्यते ।
अपि निर्मुक्तदेहस्य कामरक्तस्य किं पुनः ॥ ४४ ॥
प्राज्ञोपसेविनं वैद्यं धार्मिकं प्रियदर्शनम् ।
मित्रवन्तं सुवाक्यं च सुहृदं परिपालयेत् ॥ ४५ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

दुष्कुलीनः कुलीनो वा मर्यादां यो न लङ्घयेत् ।
धर्मापेक्षी मृदुर्ह्रीमान् स कुलीनशताद्वरः ॥ ४६ ॥
ययोश्चित्तेन वा चित्तं निभृतं निभृतेन वा ।
समेति प्रज्ञया प्रज्ञा तयोर्मैत्री न जीर्यति ॥ ४७ ॥
दुर्बुद्धिमकृतप्रज्ञं छन्नं कूपं तृणैरिव ।
विवर्जयीत मेधावी तस्मिन्मैत्री प्रणश्यति ॥ ४८ ॥
अवलिप्तेषु मूर्खेषु रौद्रसाहसिकेषु च ।
तथैवापेतधर्मेषु न मैत्रीमाचरेद्बुधः ॥ ४९ ॥
कृतज्ञं धार्मिकं सत्यमक्षुद्रं दृढभक्तिकम् ।
जितेन्द्रियं स्थितं स्थित्यां मित्रमत्यागि चेष्यते ॥ ५० ॥
इन्द्रियाणामनुत्सर्गो मृत्युनापि विशिष्यते ।
अत्यर्थं पुनरुत्सर्गः सादयेद्दैवतानपि ॥ ५१ ॥

બુદ્ધિમાન મનુષ્યે બુદ્ધિપૂર્વક પરીક્ષા કરવી, અનુભવપૂર્વક વારંવાર યોગ્યતા વિચારવી, બીજા પાસેથી ગુણદોષો સાંભળવા અને જાતે જોઇને તપાસ કરવી. એ પછી જ તેણે ડાહ્યાઓ સાથે મૈત્રી બાંધવી. વિનય અપકીર્તિનો નાશ કરે છે, પરાક્રમ અનર્થનો નાશ કરે છે, ક્ષમા નિત્યક્રોધનો નાશ કરે છે અને સદાચાર કુલક્ષણનો નાશ કરે છે. હે રાજન્! ભોગ્ય વસ્તુની સામગ્રી, જન્મસ્થાન, ઘર, આચરણ, ભોજન અને વસ્ત્ર એ ઉપરથી કુળની પરીક્ષા કરવી. જીવન્મુક્ત પુરુષ પણ સમીપમાં આવેલી ઇષ્ટ વસ્તુનો નિષેધ કરતો નથી, તો પછી વિષયાસક્ત માટે કહેવું જ શું? શાણાને સેવનાર, વિદ્વાન, ધાર્મિક, સ્વરૂપવાન, મિત્રવાળા અને મધુર વાણીવાળા સ્નેહીનું પરિપાલન કરવું. મોટા કુળનો હોય કે હલકા કુળનો હોય છતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે મર્યાદાને ઓળંગતો નથી, જે ધર્મની અપેક્ષા રાખે છે, જે સરળ વૃત્તિ રાખે છે અને જે દુષ્કાર્ય કરતાં લજ્જા સેવે છે, તે સેંકડો કુલીનો કરતાં પણ ચડિયાતો છે. જે બંનેમાં એકનું મન બીજાના મન સાથે, એકનો ગુપ્ત વિચાર બીજાના ગુપ્ત વિચાર સાથે અને એકની બુદ્ધિ બીજાની બુદ્ધિ સાથે મળતાં આવે છે, તે બંનેની મૈત્રી કદી નાશ પામતી નથી. વિદ્વાન મનુષ્યે દુર્બુદ્ધિવાળા મૂર્ખ મનુષ્યનો ઘાસથી ઢંકાયેલા કૂવાની પેઠે ત્યાગ કરવો; કારણ કે તેવાની મૈત્રી નાશ પામે છે. ડાહ્યા માણસે ગર્વિષ્ઠ, મૂર્ખ, ક્રોધી, સાહસિક અને ધર્મભ્રષ્ટ મનુષ્યની મૈત્રી કરવી નહિ. તેણે તો કૃતજ્ઞ, ધાર્મિક, સત્યનિષ્ઠાવાળા મોટા મનના, દૃઢ ભક્તિવાળા, જિતેંદ્રિય, મર્યાદામાં રહેનારા અને દગો ન દેનારાને જ મિત્ર કરવો. ઇન્દ્રિયોને વિષયોમાં ન જવા દેવી, એ મૃત્યુ કરતાં પણ વધારે દુષ્કર છે. ત્યારે ઇન્દ્રિયોને અતિશય છૂટી મૂકવાથી દેવતાઓનો પણ નાશ થાય છે.

આયુષ્યવર્ધક વસ્તુઓ

मार्दवं सर्वभूतानामनसूया क्षमा धृतिः ।
आयुष्याणि बुधाः प्राहुर्मित्राणां चाविमानना ॥ ५२ ॥
अपनीतं सुनीतेन योऽर्थं प्रत्यानिनीषते ।
मतिमास्थाय सुदृढां तदकापुरुषव्रतम् ॥ ५३॥
आयत्यां प्रतिकारज्ञस्तदात्वे दृढनिश्चयः ।
अतीते कार्यशेषज्ञो नरोऽर्थैर्न प्रहीयते ॥ ५४ ॥
कर्मणा मनसा वाचा यदभीक्ष्णं निषेवते ।
तदेवापहरत्येनं तस्मात्कल्याणमाचरेत् ॥ ५५ ॥

કોમળ વૃત્તિ, સર્વ પ્રાણી પ્રત્યે અદેખાઈનો ત્યાગ, ક્ષમા, ધૈર્ય અને મિત્રોનો આદર, એમને વિદ્વાનો આયુષ્ય વધારનારાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહે છે. જે કોઈ અન્યાયને લીધે બગડયું હોય તેને દૃઢ નિશ્ચયપૂર્વક ન્યાયથી પાછું પૂર્વસ્થિતિમાં લાવવું, એ ઉત્તમ પુરુષનું વ્રત છે. જે મનુષ્ય પડનારાં દુઃખનો ઉપાય જાણે છે, પડતાં દુઃખમાં દૃઢ નિશ્ચય રાખે છે અને પડી ચૂકેલાં દુઃખ પછી બાકીનું કાર્ય કેમ કરવું તે જાણે છે, તે અર્થથી ભ્રષ્ટ થતો નથી. મન, વાણી અને કર્મથી મનુષ્ય જે કામ વારંવાર કરે છે, તે કામ તેને ખેંચી જ જાય છે. એથી મનુષ્યે કલ્યાણકારક કર્મ જ કરવાં. ૫૨–૫૫

સુખકર વસ્તુઓ

मङ्गलालम्भनं योगः श्रुतमुत्थानमार्जवम् ।
भूतिमेतानि कुर्वन्ति सतां चाभीक्ष्णदर्शनम् ॥ ५६ ॥
अनिर्वेदः श्रियो मूलं लाभस्य च शुभस्य च ।
महान्भवत्यनिर्विण्णः सुखं चानन्त्यमश्नुते ॥ ५७ ॥
नातः श्रीमत्तरं किंचिदन्यत्पथ्यतमं मतम् ।
प्रभविष्णोर्यथा तात क्षमा सर्वत्र सर्वथा ॥ ५८ ॥
क्षमेदशक्तः सर्वस्य शक्तिमान्धर्मकारणात् ।
अर्थानर्थौ समौ यस्य तस्य नित्यं क्षमा हिता ॥ ५९ ॥
यत्सुखं सेवमानोऽपि धर्मार्थाभ्यां न हीयते ।
कामं तदुपसेवेत न मूढव्रतमाचरेत् ॥ ६० ॥
दुःखार्तेषु प्रमत्तेषु नास्तिकेष्वलसेषु च ।
न श्रीर्वसत्यदान्तेषु ये चोत्साहविवर्जिताः ॥ ६१ ॥
आर्जवेन नरं युक्तमार्जवात्सव्यपत्रपम् ।
अशक्तं मन्यमानास्तु धर्षयन्ति कुबुद्धयः ॥ ६२ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંગળ વસ્તુઓનો સ્પર્શ, સહાયસંપત્તિ, શાસ્ત્રજ્ઞાન, ઉદ્યમ, સરળતા અને સત્પુરુષોનું વારંવાર દર્શન, એ સર્વ સમૃદ્ધિ આપનારાં છે. ઉદ્યોગપરાયણતા એ લક્ષ્મી, લાભ અને શુભનું મૂળ છે. ઉદ્યોગપરાયણ મનુષ્ય મહાન થાય છે અને અનંત સુખ ભોગવે છે. હે તાત! સમર્થ મનુષ્યે સદૈવ સર્વના ઉપર ક્ષમા રાખવી. એના જેવું કલ્યાણકારક અને પરમહિતકારી બીજું કશું જ નથી. શક્તિહીન મનુષ્યે સર્વ ઉપર ક્ષમા રાખવી અને સમર્થ મનુષ્યે ધર્મને અર્થે ક્ષમા રાખવી. જેને અર્થ તથા અનર્થ સમાન છે, એવા ઉદાસીન મનુષ્યને પણ ક્ષમા નિત્ય હિતાવહ છે. જે સુખનું સેવન કરતાં મનુષ્ય ધર્મ તથા અર્થથી ભ્રષ્ટ થતો નથી, તે સુખ ભલે સેવવું, પણ મૂઢની જેમ કદી આચરણ કરવું નહિ. દુઃખથી પીડાતો મનુષ્ય, પ્રમત્ત, નાસ્તિક, આળસુ, ઇંદ્રિયાધીન અને નિરુત્સાહી, એટલાઓને વિશે લક્ષ્મી વસતી નથી. સરળતાવાળો પુરુષ પોતાની સરળતાથી અયોગ્ય કામ કરતાં શરમાય છે, ત્યારે દુષ્ટબુદ્ધિવાળાઓ તેને અશક્ત માનીને સતાવ્યા કરે છે. ૫૬–૬૨

લક્ષ્મી ક્યાં જતી નથી?

अत्यार्यमतिदातारमतिशूरमतिव्रतम् ।
प्रज्ञाभिमानिनं चैव श्रीर्भयान्नोपसर्पति ॥ ६३ ॥
न चातिगुणवत्स्वेषा नात्यंतं निर्गुणेषु च ।
नैषा गुणान्कामयते नैर्गुण्यान्नानुरज्यते ॥ ६४ ॥

જે મનુષ્ય અતિશય સરલ, અતિશય દાની, અતિશય શૂર અને અતિશય વ્રતી છે, તેમજ જે ડહાપણનું અભિમાન રાખે છે, તેની પાસે લક્ષ્મી ભયથી ફરકતી પણ નથી. લક્ષ્મી અતિ ગુણવાન પાસે રહેતી નથી, તેમ અતિશય ગુણહીનની પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ રહેતી નથી. તે ગુણુને ચાહતી નથી તેમ ગુણહીનતાથી પણ રિઝાતી નથી. ૬૩,૬૪

લક્ષ્મીનિવાસ અને વેદાદિનું ફળ

उन्मत्ता गौरिवान्धा श्रीः क्वचिदेवावतिष्ठते ।
अग्निहोत्रफला वेदाः शीलवृत्तफलं श्रुतम् ॥ ६५ ॥
रतिपुत्रफला नारी दत्तभुक्तफलं धनम् ।
अधर्मोपार्जितैरर्थैर्यः करोत्यौर्ध्वदेहिकम् ॥ ६६ ॥
न स तस्य फलं प्रेत्य भुंक्तेऽर्थस्य दुरागमात् ।
कान्तारे वनदुर्गेषु कृच्छ्रास्वापत्सु सम्भ्रमे ॥ ६७ ॥

ઉન્મત્ત ગાયની જેમ એ અંધ લક્ષ્મી તો કોઈક જ ઠેકાણે ઠરીને રહે છે. અગ્નિહોત્ર પાળવું એ વેદાધ્યયનનું ફળ છે, સુશીલતા અને સદાચરણ એ શાસ્ત્રાધ્યયનનું ફળ છે, રતિસુખ અને પુત્રપ્રાપ્તિ એ સ્ત્રી પરણ્યાનું ફળ છે અને દાન કરવું તથા ખાવું એ ધનનું ફળ છે. જે મનુષ્ય અધર્મથી સંપાદન કરેલા ધન વડે પરલોકના સાધનભૂત યજ્ઞ, દાન વગેરે કર્મો કરે છે તે મરણ પછી, ધન કુમાર્ગથી આવેલું હોવાને લીધે યજ્ઞ, દાન વગેરેનું ફળ ભોગવતો નથી. જંગલમાં, ભયંકર ઝાડીમાં, મોટી આપત્તિમાં, ગભરાટના સમયમાં અને હથિયારો ઉગામેલાં હોય તે વખતે હૃદયબળવાળાઓને ભય લાગતો નથી. ૬૫-૬૭

વૈભવનું મૂળ

उद्यतेषु च शस्त्रेषु नास्ति सत्त्ववतां भयम् ।
उत्थानं संयमो दाक्ष्यमप्रमादो धृतिः स्मृतिः ।
समीक्ष्य च समारम्भो विद्धि मूलं भवस्य तु ॥ ६८ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तपो बलं तापसानां ब्रह्म ब्रह्मविदां बलम् ।
हिंसा बलमसाधूनां क्षमा गुणवतां बलम् ॥ ६९ ॥

अष्टौ तान्यव्रतघ्नानि आपो मूलं फलं पयः ।
हविर्ब्राह्मणकाम्या च गुरोर्वचनमौषधम् ॥ ७० ॥

न तत्परस्य संदध्यात्प्रतिकूलं यदात्मनः ।
संग्रहेणैष धर्मः स्यात्कामादन्यः प्रवर्तते ॥ ७१ ॥

अक्रोधेन जयेत्क्रोधमसाधुं साधुना जयेत्
जयेत्कदर्यं दानेन जयेत्सत्येन चानृतम् ॥ ७२ ॥

ઉદ્યોગ, ઇંદ્રિયનિગ્રહ, દક્ષતા, સાવધાની, ધૈર્ય, સ્મરણશક્તિ અને વિચારપૂર્વક કાર્યારંભ, એમને ઐશ્વર્યનું કારણ જાણો. તપસ્વીઓનું બળ તપ છે, બ્રહ્મવેત્તાઓનું બળ બ્રહ્મ છે, દુર્જનોનું બળ હિંસા છે અને ગુણવાનોનું બળ ક્ષમા છે. જળ, મૂળ, ફળ, દૂધ, હવિષ, બ્રાહ્મણની ઇચ્છા, ગુરુનું વચન અને ઔષધ, આ આઠના સ્વીકારથી ઉપવાસાદિ વ્રતનો ભંગ થતો નથી. પોતાને જે પ્રતિકૂળ લાગે તે બીજા પ્રત્યે પણ કરવું નહિ. આ સર્વસાધારણ ધર્મ છે અને ઇચ્છા પ્રમાણે વર્તવાથી અધર્મ થાય છે. શાંતિથી ક્રોધને જીતવો, સૌજન્યથી દુર્જનને જીતવો, દાનથી કૃપણને જીતવો અને સત્યથી અસત્યને જીતવું. ૬૮–૭૨

અવિશ્વાસ કરવા યોગ્ય વસ્તુ

स्त्रीधूर्तकेऽलसे भीरौ चण्डे पुरुषमानिनि ।
चौरे कृतघ्ने विश्वासो न कार्यो न च नास्तिके ॥ ७३ ॥

अभिवादनशीलस्य नित्यं वृद्धोपसेविनः ।
चत्वारि सम्प्रवर्धन्ते कीर्तिरायुर्यशो बलम् ॥ ७४ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રી, ઠગ, આળસુ, બીકણુ, ક્રોધી, અભિમાની, ચોર, કૃતઘ્ની અને નાસ્તિક એટલાંનો વિશ્વાસ કરવો નહિ. જે મનુષ્ય નિત્ય અભિવંદન કરવાના સ્વભાવવાળો હોય છે તથા વૃદ્ધોની સેવા કરે છે, તેનાં કીર્તિ, આયુષ્ય, યશ તથા બળ—એ ચાર સારી રીતે વૃદ્ધિ પામે છે. ૭૩,૭૪

મનન કરવા યોગ્ય વસ્તુ

अतिक्लेशेन येऽर्थाः स्युर्धर्मस्यातिक्रमेण वा।
अरेर्वा प्रणिपातेन मास्म तेषु मनः कृथाः ॥ ७५ ॥
अविद्यः पुरुषः शोच्यः शोच्यं मैथुनमप्रजम्।
निराहाराः प्रजाः शोच्याः शोच्यं राष्ट्रमराजकम् ॥ ७६ ॥
अध्वा जरा देहवतां पर्वतानां जलं जरा।
असम्भोगो जरा स्त्रीणां वाक्शल्यं मनसो जरा ॥ ७७ ॥
अनाम्नायमला वेदा ब्राह्मणस्याव्रतं मलम् ॥ ७८ ॥
मलं पृथिव्या बाह्लीकाः पुरुषस्यानृतं मलम्।
कौतूहलमला साध्वी विप्रवासमलाः स्त्रियः ॥ ७९ ॥
सुवर्णस्य मलं रूप्य रूप्यंस्यापि मलं त्रपु।
ज्ञेयं त्रपुमलं सीसं सीसस्यापि मलं मलम् ॥ ८० ॥

જે ધન અત્યંત કષ્ટથી મળતું હોય, ધર્મનું ઉલ્લંઘન કરવાથી મળતું હોય અથવા શત્રુને પગે પડવાથી મળતું હોય તે ધનમાં તમે મન રાખો નહિ. વિદ્યા વિનાનો પુરુષ શોચનીય છે, સંતાનોત્પત્તિ વિનાનું મૈથુન શોચનીય છે, જીવિકા વિનાની પ્રજા શોચનીય છે અને રાજા વિનાનું રાજ્ય શોચનીય છે. પ્રાણીઓને મુસાફરીથી ઘડપણ આવે છે, પર્વતોને પાણીથી ઘડપણ આવે છે, સ્ત્રીઓને અસંભોગથી ઘડપણ આવે છે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનને કઠોર વાણીથી ઘડપણ આવે છે. અભ્યાસ ન કરવો એ વેદનો મેલ છે અને વ્રતનો ત્યાગ કરવો એ બ્રાહ્મણનો મેલ છે; બાહ્લિક દેશ પૃથ્વીનો મેલ છે અને અસત્ય ભાષણ પુરુષનો મેલ છે. કુતૂહલ સાધ્વીનો મેલ છે, અને પતિનું પરદેશગમન સ્ત્રીને મલિન કરે છે. સોનાને રૂપું મલિન કરે છે, રૂપાને કથીર મલિન કરે છે, કથીરને સીસું મલિન કરે છે અને સીસાને માટી મલિન કરે છે. ૭૫–૮૦

न स्वप्नेन जयेन्निद्रां न कामेन जयेत्स्त्रियः ।
नेन्धनेन जयेदग्निं न पानेन सुरां जयेत् ॥ ८१ ॥

ઊંઘ્યા કરવાથી ઊંઘને ન જિતાય, કામ ભોગવવાથી સ્ત્રીને ન જિતાય, ઇંધણાં નાખવાથી અગ્નિને ન જિતાય અને મદ્યપાન કરવાથી મદિરાને ન જિતાય. ૮૧

यस्य दानजितं मित्रं शत्रवो युधि निर्जिताः ।
अन्नपानजिता दाराः सफलं तस्य जीवितम् ॥ ८२ ॥

જેણે દાનથી મિત્રને વશ કર્યો છે, જેણે યુદ્ધથી શત્રુઓને જીત્યા છે અને જેણે ખાનપાનથી સ્ત્રીઓને વશ કરી છે, તેનું જીવતર સફળ છે. ૮૨

सहस्रिणोऽपि जीवन्ति जीवन्ति शतिनस्तथा ।
धृतराष्ट्र विमुञ्चेच्छां न कथञ्चिन्न जीव्यते ॥ ८३ ॥
यत्पृथिव्यां व्रीहियवं हिरण्यं पशवः स्त्रियः ।
नालमेकस्य तत्सर्वमिति पश्यन्न मुह्यति ॥ ८४ ॥
राजन्भूयो ब्रवीमि त्वां पुत्रेषु सममाचर ।
समता यदि ते राजन् स्वेषु पाण्डुसुतेषु वा ॥ ८५ ॥

હે ધૃતરાષ્ટ્ર! હજાર રૂપિયાવાળા પણ જીવે છે અને સો રૂપિયાવાળા પણ જીવે (આજીવિકા ચલાવે) છે; માટે તમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(આખા રાજ્યની) ઇચ્છા છોડી દો; કારણ કે કોઈ પણ સ્થિતિમાં જિવાતું નથી એમ નથી. આ પૃથ્વીમાં જે કાંઈ સુવર્ણ ડાંગર, જવ, પશુઓ અને સ્ત્રીઓ છે તે બધું કોઈ એકને મળે, તો પણ તેને તૃપ્તિ થતી નથી. આ જોઈને ડાહ્યો મનુષ્ય મોહ પામતો નથી. હે રાજન્! હું તમને ફરીથી પણ કહું છું કે, જો તમને તમારા પોતાના પુત્રોમાં અને પાંડવોમાં સમભાવ હોય, તો તમે તે બંને પ્રત્યે સમાનતાથી વર્તો.૮૩-૮૫

इति श्रीमहाभारते उद्योगपर्वणि प्रजागरपर्वणि विदुर-
नीतिवाक्ये सप्तमोऽध्यायः ॥ ७ ॥

ઇતિશ્રી મહાભારતમાં ઉદ્યોગપર્વાન્તર્ગત પ્રજાગરપર્વમાં
'વિદુરનીતિવાક્ય'માં અધ્યાય ૭ મો સમાપ્ત

અધ્યાય ૮ મો

સહજ શત્રુ

योऽभ्यर्चितः सद्भिरसज्जमानः करोत्यर्थं शक्तिमहापयित्वा ।
क्षिप्रं यशस्तं समुपैति सन्तमलं प्रसन्ना हि सुखाय सन्तः ॥
महान्तमप्यर्थमधर्मयुक्तं यः सन्त्यजत्यनपाकृष्ट एव ।
सुखं सुदुःखान्यवमुच्य शेते जीर्णां त्वचं सर्प इवावमुच्य ॥

સજ્જનોથી માન પામ્યા છતાં જે મનુષ્ય અભિમાનરહિત રહીને પોતાની શક્તિ પ્રમાણે કામ કરે છે, તે સત્પુરુષને તત્કાળ યશ પ્રાપ્ત થાય છે; કારણ કે પ્રસન્ન થયેલા સજ્જનો સુખ આપવા સમર્થ છે. બીજાઓએ અડચણ નાખી ન હોય છતાં જે મનુષ્ય અધર્મથી મળતા મોટા અર્થલાભનો ત્યાગ કરે છે, તે મનુષ્ય જૂની કાંચળીનો ત્યાગ કરનારા સર્પની જેમ દુઃખોથી મુક્ત થઈને સુખેથી નિદ્રા લે છે.૧,૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अनृते च समुत्कर्षो राजगामि च पैशुनम् ।
गुरोश्चालीकनिर्बन्धः समानि ब्रह्महत्यया ॥ ३ ॥
असूयैकपदं मृत्युरतिवादः श्रियो वधः ।
अशुश्रूषा त्वरा श्लेषा विद्यायाः शत्रवस्त्रयः ॥ ४ ॥

અસત્ય બોલીને વિજય મેળવવો, રાજા પાસે ચાડી ખાવી અને ગુરુ આગળ મિથ્યા આગ્રહ કરવો, એ બ્રહ્મહત્યા કરવા બરાબર છે. ઇર્ષ્યા કરવી એ ખરેખર મૃત્યુ જ છે, વધારે પડતું બોલવું એ લક્ષ્મીનો નાશ કરનારું છે અને ગુરુની સેવા કરવી નહિ, ઉતાવળ કરવી તથા આત્મશ્લાઘા કરવી–એ ત્રણ વિદ્યાના શત્રુ છે.૩,૪

आलस्यं मदमोहौ च चापलं गोष्टिरेव च ।
स्तब्धता चाभिमानित्वं तथात्यागित्वमेव च ॥ ५ ॥
एते वै सप्त दोषाः स्युः सदा विद्यार्थिनां मताः ।
सुखार्थिनः कुतो विद्या नास्ति विद्यार्थिनः सुखम् ॥ ६ ॥

આળસ, મદમોહ, ચપળતા, વાતોડિયાપણું, ઉદ્ધતાઈ, અભિમાન અને લોભ આ સાત સર્વદા વિદ્યાર્થીઓના દોષ મનાય છે. સુખની ઇચ્છાવાળાને વિદ્યા ક્યાંથી હોય? અને વિદ્યાની ઇચ્છાવાળાને સુખ ક્યાંથી હોય? ૫,૬

सुखार्थी वा त्यजेद्विद्यां विद्यार्थी वा त्यजेत्सुखम् ।
नाग्निस्तृप्यति काष्ठानां नापगानां महोदधिः ।
नान्तकः सर्वभूतानां न पुंसां वामलोचना ॥ ७ ॥

માટે સુખની ઇચ્છા રાખનારે વિદ્યાનો ત્યાગ કરવો અને વિદ્યાની ઇચ્છા રાખનારે સુખનો ત્યાગ કરવો. અગ્નિ લાકડાંથી તૃપ્ત થતો નથી, મહાસમુદ્ર નદીઓથી તૃપ્ત થતો નથી, મૃત્યુ સર્વ પ્રાણીઓથી તૃપ્ત થતું નથી અને સ્ત્રી પુરુષોથી તૃપ્ત થતી નથી. ૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાશ કરનાર વસ્તુ

आशा धृतिं हन्ति समृद्धिमन्तकः
क्रोधः श्रियं हन्ति यशः कदर्यता ।
अपालनं हन्ति पशूंश्च राजन्नेको वृद्धो ब्राह्मणो हन्ति राष्ट्रम् ॥

હે રાજન્! આશા ધૈર્યનો નાશ કરે છે, કાળ સમૃદ્ધિનો નાશ કરે છે, ક્રોધ લક્ષ્મીનો નાશ કરે છે, કૃપણતા યશનો નાશ કરે છે, અરક્ષણ પશુઓનો નાશ કરે છે અને કોપાયમાન થયેલો એક બ્રાહ્મણ આખા દેશનો નાશ કરે છે. ૮

મંગળ વસ્તુઓ

अजाश्च कांस्यं रजतं च नित्यं मध्वाकर्षः शकुनिः श्रोत्रियश्च ।
वृद्धो ज्ञातिरवसन्नः कुलीन एतानि ते सन्तु गृहे सदैव ॥९॥
अजोक्षा चन्दनं वीणा आदर्शो मधुसर्पिषी ।
विषमौदुम्बरं शङ्खः स्वर्णनाभोऽथ रोचना ॥ १० ॥
गृहे स्थापयितव्यानि धन्यानि मनुरब्रवीत् ।
देवब्राह्मणपूजार्थमतिथीनां च भारत ॥ ११ ॥

હે રાજન્! બકરાં, કાંસું, રૂપું, મધ, ઝેર ચૂસનારું મ્હોરું પક્ષી, વૈદિક બ્રાહ્મણ, વૃદ્ધ જ્ઞાતિજન અને પડતીમાં આવેલો કુલીન, એટલાં તમારે ઘેર સદૈવ રહો. હે ભારત! બકરો, બળદ, ચંદન, વીણા, આરસો, મધ, ઘી, લોઢું, તાંબાનું પાત્ર, દક્ષિણાવર્ત શંખ, શાલિગ્રામ અને ગોરોચન આટલી મંગળ-કારક વસ્તુઓ દેવ, બ્રાહ્મણ તથા અતિથિઓની પૂજાને માટે ઘરમાં રાખવી, એમ મનુએ કહ્યું છે. ૯–૧૧

इदं च त्वां सर्वपरं ब्रवीमि पुण्यं पदं तात महाविशिष्टम् ।
न जातु कामान्न भयान्न लोभाद्धर्मं जह्याज्जीवितस्यापि हेतोः ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે તાત! હું તમને આ સર્વોત્તમ, પુણ્યકારક અને મંગળદાયી વાત કહું છું કે, કામ, ભય કે લોભથી જીવિતને માટે પણ કદી ધર્મનો ત્યાગ કરવો નહિ. ૧૨

અવિનાશીનો આશ્રય

नित्यो धर्मः सुखदुःखे त्वनित्ये जीवो नित्यो हेतुरस्य त्वनित्यः ।
त्यक्त्वा नित्यं प्रतितिष्ठस्व नित्यं सन्तुष्य त्वं तोषपरो हि लाभः ॥

ધર્મ નિત્ય છે અને સુખદુઃખ અનિત્ય છે; કેમકે જીવ નિત્ય છે.અને તેના કારણરૂપ અવિદ્યા—અજ્ઞાન અનિત્ય છે. માટે તમે અનિત્યનો ત્યાગ કરીને નિત્ય વસ્તુમાં નિષ્ઠા રાખો અને સંતુષ્ટ રહો. કારણ કે, સંતોષ એ મોટો લાભ છે. ૧૩

महाबलान्पश्य महानुभावान्प्रशास्य भूमिं धनधान्यपूर्णाम् ।
राज्यानि हित्वा विपुलांश्च भोगान् गतान्नरेन्द्रान्वशमन्तकस्य ॥
मृतं पुत्रं दुःखपुष्टं मनुष्या उत्क्षिप्य राजन् स्वगृहान्निर्हरन्ति ।
तं मुक्तकेशाः करुणं रुदन्ति चितामध्ये काष्ठमिव क्षिपन्ति ॥

જુઓ, મહાબળવાન અને મહાન મહિમાવાળા રાજાઓ પણ ધનધાન્યથી ભરેલી પૃથ્વી ઉપર રાજ્ય કરીને તે રાજ્યો તથા વિશાળ વૈભવોને છોડીને મૃત્યુને વશ થયા છે. હે રાજન્! દુઃખ વેઠીને મોટો કરેલો પુત્ર પણ મરણ પામે છે, તો મનુષ્યો તેને ઉપાડીને પોતાના ઘરમાંથી દૂર લઈ જાય છે, તેઓ કેશ છૂટા મૂકીને કરુણ સ્વરે રડે છે, પણ પછી તેને કાષ્ઠની જેમ ચિતામાં નાખી દે છે! ૧૪,૧૫

अन्यो धनं प्रेतगतस्य भुङ्क्ते वयांसि चाग्निश्च शरीरधातून् ।
द्वाभ्यामयं सह गच्छत्यमुत्र पुण्येन पापेन च वेष्ट्यमानः ॥१६॥
उत्सृज्य विनिवर्तन्ते ज्ञातयः सुहृदः सुताः ।
अपुष्पानफलान्वृक्षान् यथा तात पतत्रिणः ॥ १७ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરણ પામેલા મનુષ્યનું ધન બીજો માણસ ભોગવે છે, તેમજ પક્ષીઓ અને અગ્નિ તેના શરીરની સાત ધાતુઓને ખાય છે. તે મરનાર તો પુણ્ય તથા પાપ એ બન્નેથી વીંટાઇને તેમની સાથે પરલોકમાં જાય છે. હે તાત! ફળફૂલ વિનાના ઝાડનો જેમ પક્ષીઓ ત્યાગ કરે છે, તેમ જ્ઞાતિજનો, સ્નેહીઓ અને પુત્રો મરનારના દેહને છોડીને પાછા વળે છે.૧૬,૧૭

अग्नौ प्रास्तं तु पुरुषं कर्मान्वेति स्वयंकृतम् ।
तस्मात्तु पुरुषो यत्नाद्धर्मं सञ्चिनुयाच्छनैः ॥ १८ ॥
अस्माल्लोकादूर्ध्वममुष्य चाधो महत्तमस्तिष्ठति ह्यंधकारम् ।
तद्वै महामोहनमिन्द्रियाणां बुध्यस्व मा त्वां प्रलभेत राजन् ॥

અગ્નિમાં નાખેલા પુરુષની પાછળ તેનું પોતાનું કરેલું કર્મ જાય છે, માટે પુરુષે પ્રયત્નથી ધીરે ધીરે ધર્મનો સંગ્રહ કરવો. આ લોકથી, ઉપર રહેલા સ્વર્ગથી તથા આ લોકની નીચે પાતાળમાં મહાન અંધતામિસ્ર નામનું નરક છે. તે નરક ઇંદ્રિયોને મહામોહ કરનારું છે, એમ જાણો. હે રાજન્! રખે તમને એ નરક મળો.૧૮,૧૯

इदं वचः शक्ष्यसि चेद्यथावन्निशम्य सर्वं प्रतिपत्तुमेव ।
यशः परं प्राप्स्यसि जीवलोके भयं न चामुत्र न चेह तेऽस्ति ॥

મારાં આ વચન સાંભળીને તમે જો તે સર્વ સમજવા સમર્થ થશો, તો તમે મનુષ્યલોકમાં ઉત્તમ યશ પામશો અને તમને આ લોકમાં તથા પરલોકમાં ભય થશે નહિ.૨૦

आत्मा नदी भारत पुण्यतीर्था सत्योदका धृतिकूला दयोर्मिः ।
तस्यां स्नातः पूयते पुण्यकर्मा पुण्यो ह्यात्मा नित्यमलोभ एव ॥

હે ભારત! આત્મા એ એક નદી છે, તેમાં પુણ્ય એ ઓવારો છે, બ્રહ્મ તેનું ઉત્પત્તિસ્થાન છે, ધૈર્ય તેના કિનારા છે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દયા તેના તરંગ છે. જે પુણ્યકર્મવાળો પુરુષ તેમાં સ્નાન કરે છે, (પોતાના આત્મસ્વરૂપને ઓળખે છે,) તે પવિત્ર થાય છે. નિત્ય લોભરહિત સ્થિતિ એ જ પુણ્ય છે. ૨૧

कामक्रोधग्राहवतीं पञ्चेन्द्रियजलां नदीम् ।
नावं धृतिमयीं कृत्वा जन्मदुर्गाणि सन्तर ॥ २२ ॥

કામ તથા ક્રોધરૂપી મગરવાળી અને પાંચ ઇન્દ્રિયોરૂપી જળવાળી સંસારનદીમાં તમે ધૈર્યરૂપ નૌકાનો આશ્રય કરીને જન્માદિ દુઃખોને તરી જાઓ. ૨૨

કોણ દુઃખી થાય નહિ?

प्रज्ञावृद्धं धर्मवृद्धं स्वबन्धुं विद्यावृद्धं वयसा चापि वृद्धम् ।
कार्याकार्ये पूजयित्वा प्रसाद्य यः सम्पृच्छेन्न स मुह्येत्कदाचित् ॥
धृत्या शिश्नोदरं रक्षेत्पाणिपादं च चक्षुषा ।
चक्षुःश्रोते च मनसा मनो वाचं च कर्मणा ॥ २४ ॥

કયું કાર્ય કરવું અને કયું ન કરવું, એ સંબંધમાં જે મનુષ્ય જ્ઞાનમાં, ધર્મમાં, વિદ્યામાં અને વયમાં વૃદ્ધ એવા પોતાના સંબંધીને માન આપીને તથા પ્રસન્ન કરીને પૂછે છે, તે કોઈ દિવસ મૂંઝાતો નથી. ધૈર્યથી શિશ્ન તથા ઉદરની રક્ષા કરવી; નેત્રથી હાથો તથા પગોની રક્ષા કરવી; મનથી આંખ તથા કાનની રક્ષા કરવી અને કર્મથી મન તથા વાણીની રક્ષા કરવી. ૨૩, ૨૪

नित्योदकी नित्ययज्ञोपवीती नित्यस्वाध्यायी पतितान्नवर्जी ।
सत्यं ब्रुवन्गुरवे कर्म कुर्वन्न ब्राह्मणश्च्यवते ब्रह्मलोकात् ॥ २५ ॥
अधीत्य वेदान्परिसंस्तीर्य चाग्नीनिष्ट्वा यज्ञैः पालयित्वा प्रजाश्च ।
गोब्राह्मणार्थे शस्त्रपूतान्तरात्मा हतः सङ्ग्रामे क्षत्रियः स्वर्गमेति

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે બ્રાહ્મણ નિત્ય યોગ્ય સમયે સ્નાનસંધ્યા કરે છે, નિત્ય જનોઈ ધારણ કરે છે, નિત્ય વેદાધ્યયન કરે છે, પતિતના અન્નનો ત્યાગ કરે છે, સત્ય બોલે છે અને ગુરુની સેવા કરે છે, તે બ્રહ્મલોકથી ભ્રષ્ટ થતો નથી. જે ક્ષત્રિય વેદનો અભ્યાસ કરી, અગ્નિહોત્ર કરી, યજ્ઞોથી દેવોનું યજન કરી તથા પ્રજાનું પાલન કરી ગોબ્રાહ્મણને માટે શસ્ત્રથી હણાય છે અથવા સંગ્રામમાં પ્રાણ ઓવારે છે, તે પવિત્ર ચિત્તવાળો થઈને સ્વર્ગમાં જાય છે.

वैश्योधीत्य ब्राह्मणान्क्षत्रियांश्च धनैः काले संविभज्याश्रितांश्च ।
त्रेतापूतं धूममाघ्राय पुण्यं प्रेत्य स्वर्गे दिव्यसुखानि भुङ्क्ते ॥
ब्रह्मक्षत्रं वैश्यवर्णं च शूद्रः क्रमेणैतान्यायतः पूजयानः ।
तुष्टेष्वेतेष्वव्यथो दग्धपापस्त्यक्त्वा देहं स्वर्गसुखानि भुङ्क्ते ॥

જે વૈશ્ય વેદાધ્યયન કરી, યોગ્ય સમયે બ્રાહ્મણો, ક્ષત્રિયો તેમ આશ્રિતોને ધનનો વિભાગ આપી અને ગાર્હપત્ય, આહવનીય તથા દક્ષિણાગ્નિ આ ત્રણ અગ્નિનો પુણ્યપવિત્ર ધુમાડો સૂંઘી ખોળિયું છોડે છે, તે સ્વર્ગમાં દિવ્ય સુખો ભોગવે છે. જે શૂદ્ર બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્યની અનુક્રમે યથાયોગ્ય સેવા કરે છે, એ બ્રાહ્મણાદિ સંતુષ્ટ થવાથી દુઃખરહિત તથા પાપરહિત થાય છે અને દેહત્યાગ પછી સ્વર્ગનાં સુખો ભોગવે છે.

યુધિષ્ઠિરને રાજ્યાસન ઉપર બેસાડવા માટે વિનતિ

चातुर्वर्ण्यस्यैष धर्मस्तवोक्तो हेतुं चानुब्रुवतो ते निबोध ।
क्षात्राद्धर्माद्धीयते पाण्डुपुत्रस्तं त्वं राजन् राजधर्मे नियुङ्क्ष्व ॥

આ મેં તમને ચારે વર્ણનો ધર્મ કહ્યો. તે કહેવાનું તમે આ કારણ સમજો કે, પાંડુપુત્ર યુધિષ્ઠિર પૃથ્વીપાલનરૂપી ક્ષાત્રધર્મથી ભ્રષ્ટ થાય છે, માટે હે રાજન્! તમે તેને રાજધર્મમાં જોડો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

धृतराष्ट्र उवाच ॥ ધૃતરાષ્ટ્ર બોલ્યા:—

एवमेतद्यथा त्वं मामनुशासासि नित्यदा ।
ममापि च मतिः सौम्य भवत्येवं यथात्थ माम् ॥ ३० ॥
सा तु बुद्धिः कृताप्येवं पाण्डवान्प्रति मे सदा ।
दुर्योधनं समासाद्य पुनर्विपरिवर्तते ॥ ३१ ॥

હે સૌમ્ય! તું મને નિત્ય આવો સત્ય ઉપદેશ આપે છે. મને પણ મનમાં થાય જ છે કે તું મને કહે છે તેમ જ કરું! પાંડવો પ્રત્યે મને હંમેશાં એવી બુદ્ધિ થાય છે, પણ તે દુર્યોધન મને મળે છે અને એ બધું ફરી જાય છે! ૩૦,૩૧

દૈવનું સામર્થ્ય

न दिष्टमभ्यतिक्रान्तुं शक्यं भूतेन केनचित् ।
दिष्टमेव ध्रुवं मन्ये पौरुषं तु निरर्थकम् ॥ ३२ ॥

કોઈ પણ પ્રાણી દૈવને ઓળંગી શકે એમ નથી. મને તો લાગે છે, દૈવ એ જ સાચું છે અને પુરુષાર્થ તો નિરર્થક છે. ૩૨

इति श्रीमहाभारते उद्योगपर्वणि प्रजागरपर्वणि
विदुरनीतिवाक्ये अष्टमोऽध्यायः ॥ ८ ॥

ઇતિશ્રી મહાભારતમાં ઉદ્યોગપર્વાન્તર્ગત પ્રજાગરપર્વમાં
'વિદુરનીતિવાક્ય'માં અધ્યાય આઠમો સમાપ્ત

॥ समाप्ता विदुरनीतिः ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયના

ઉત્તમ ગ્રંથો

ઉત્તમ ધાર્મિક ગ્રંથો—	પૃષ્ઠ	મૂલ્ય
સંપૂર્ણ મહાભારત-ભાષાંતર-સાત ભાગમાં ...	૫૨૦૮	૪૫-૦-૦
ઉપનિષદો-૧૧૨-સરળ ગુજરાતી ભાષાંતર-બે ગ્રંથમાં	૫૫૨	૪-૦-૦
મહાભારતનું શાંતિપર્વ-	૮૫૬	૭-૮-૦
માનસ રામાયણ-બે ભાગમાં, ૩૦ ચિત્રો સાથે ...	૧૪૦૦	૭-૦-૦
તુલસીકૃત રામાયણ-બે ભાગમાં, ૩૬ ચિત્રો સાથે	૧૪૩૨	૭-૮-૦
વાલ્મીકિ રામાયણ-૩૭ ચિત્રો સાથે	૧૫૨૮	૬-૮-૦
યોગવાસિષ્ઠ મહારામાયણ-ચાર દળદાર ગ્રંથોમાં...	૧૯૦૮	૧૨-૦-૦
દત્ત-પરશુરામ-કૃષ્ણાત્મજજીકૃત	૩૪૪	૨-૦-૦
શ્રીમદ્ ભાગવત-બે ગ્રંથમાં-આવૃત્તિ ૧૦મી, ૨૭ ચિત્રો	૧૩૪૪	૮-૦-૦
ભગવતી (દેવી) ભાગવત-	૯૨૮	૬-૦-૦
મનુસ્મૃતિ-સરળ ભાષાંતર મૂળ શ્લોકોસહિત	૬૪૦	૩-૦-૦
પાતંજલ યોગસૂત્ર-સ્વામી વિવેકાનંદની ટીકા સાથે...	૧૯૨	૧-૦-૦
જ્ઞાનયોગ-(સ્વામી વિવેકાનંદકૃત)	૨૩૬	૦-૧૨-૦
આખ્યાનમાળા-ગ્રંથ ૧ લો તથા ૨ જો	૧૪૨૮	૬-૦-૦
વૈદિક વિનય-૩૬૦ વેદમંત્રો પ્રાર્થનાઓ રૂપે	૮૪૦	૩-૧૨-૦
મહાભારતમંજરી-મહાભારત વિષે ઉત્તમ ગ્રંથ ...	૭૪૪	૩-૦-૦
તું કોણ? લેખક સ્વામી માધવતીર્થ	૩૮૪	૨-૦-૦
અષ્ટાવક્રગીતા-સરળ અર્થ સાથે	૭૨	૦-૮-૦
ઉપદેશસારસંગ્રહ-તામિલવેદનો અનુવાદ	૩૮૪	૧-૮-૦
સુબોધરત્નાકર-ધર્મનીતિનાં ૧૦૫ દૃષ્ટાંતો	૩૦૦	૧-૮-૦
હૃદયતરંગ અને બ્રાહ્મણની ગૌ	૩૨૪	૧-૦-૦
આર્યધર્મનીતિ ને ચાણક્યનીતિસાર-	૨૦૮	૦-૮-૦
વિભુની વાટે ને રામાયણની રત્નપ્રભા-	૧૬૪	૦-૪-૦
વિષ્ણુસહસ્ર નામાવલિ દર્શન (અર્થ-વિવરણ સાથે)	૨૨૦	૦-૬-૦
વિષ્ણુસહસ્રનામ-સરળ અર્થસહિત	૧૨૮	૦-૨-૦
આત્મરામાયણ-અધ્યાત્મ વિષયનું સરળ પુસ્તક ...	૧૪૦	૦-૧૨-૦
જીવન્મુક્તિવિવેક (સ્વામી વિદ્યારણ્યકૃત)	૨૨૦	૧-૪-૦
પરમાનંદની પ્રાપ્તિ-વૈષ્ણવો માટે ખાસ ઉપયોગી	૨૭૨	૧-૮-૦
શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા-આવૃત્તિ ૭મી	૮૮૮	૪-૦-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદુરનીતિ (આ પુસ્તક પોતે જ)	૧૪૦	૦-૧૨-૦
અવધૂત ગીતા	૧૫૨	૧-૦-૦
પરમસુખી થવાના ઉપાયો	૩૪૮	૧-૪-૦

શ્રીમદ્ ભગવદ્‌ગીતા–ગુજરાતી સરલાર્થ તથા **પંડિત નીલકંઠની** વિસ્તૃત ટીકા સાથે. કદ ૫×૭॥, પૃષ્ઠ ૬૭૬, મૂલ્ય રૂપિયા ૧-૧૦-૦

શ્રીભગવદ્‌ગીતા–એક બાજુ શ્લોક ને બીજી બાજુ ભાષાંતરવાળી પૃષ્ઠ ૪૮૦, બૉર્ડપટ્ટીનાં પૂઠાં, મૂલ્ય રૂપિયા ૦-૮-૦

શ્રીભગવદ્‌ગીતા:–શ્લોક તથા તેની નીચે ભાષાંતરવાળી–કદ ૩॥×૫, પૃષ્ઠ ૪૪૮, બૉર્ડપટ્ટીનાં પૂઠાં, મૂલ્ય રૂપિયા ૦-૭-૦

સંતવાણી તથા ઉપદેશો—

રામકૃષ્ણકથામૃત–બે ગ્રંથોમાં	૮૨૦	૫-૦-૦
દીવાને સાગર	૫૦૦	૪-૮-૦
અખાની વાણી–સુધારાવધારા સાથે–ત્રીજી આવૃત્તિ	૫૦૪	૩-૦-૦
સંત કબીર–આધ્યાત્મિક પદો–વા. મો. શાહ ...	૧૬૮	૧-૮-૦
પ્રીતમદાસની વાણી–આવૃત્તિ ૨ જી	૫૬૦	૨-૮-૦
ભજનસાગર–૯૩૧ ભજનોનો ઉત્તમ સંગ્રહ	૬૮૮	૨-૮-૦
ગુજરાતની ગઝલો (દી. બ. કૃષ્ણલાલ ઝવેરી) ...	૧૮૦	૧-૦-૦
तुकाम्हणे:–પસંદ કરેલા અભંગોનો સંગ્રહ–મરાઠીમાં	૧૨૦	૦-૫-૦
દાસબોધ–(સમર્થ રામદાસ સ્વામીકૃત)	૬૪૮	૨-૮-૦
સ્વામી રામતીર્થના સદુપદેશો–ગ્રંથ ૧ લો ...	૫૬૪	૨-૮-૦
,, ,, **સદુપદેશો**–(ગ્રંથ ૩ જા રૂપે)...	૫૨૦	૨-૮-૦
સ્વામી વિવેકાનંદના ઉપદેશો–(ભાગ ૪-૫) ...	૬૦૦	૨-૪-૦
,, ,, **ભક્તિયોગ**–આવૃત્તિ ૨ જી (ભાગ ૮મા રૂપે)	૩૮૪	૧-૮-૦
,, ,, **પાતંજલ ને જ્ઞાનયોગ** (ભાગ ૧૦, ૧૧)	૫૬૦	૨-૦-૦
તુકારામ ગાથા–ગ્રંથ ૧ લો તથા ૨ જો–સરળ ભાષાંતર	૧૮૪૦	૬-૦-૦

સંતો તથા વીરપુરુષોનાં જીવનચરિત્રો—

બુદ્ધચરિત્ર તથા **અન્ય સંતપુરુષો**–	૪૯૬	૨-૦-૦
રામકૃષ્ણ પરમહંસ–વિસ્તૃત ચરિત્ર–	૬૦૮	૨-૮-૦
સ્વામી વિવેકાનંદ–ચરિત્ર–(ભાગ ૯ મા રૂપે) ...	૭૮૪	૩-૦-૦
સ્વામી રામતીર્થ–વિસ્તૃત ચરિત્ર–(ગ્રંથ ૪ થા રૂપે)	૬૭૨	૩-૦-૦
સંત તુકારામ–વિસ્તૃત ચરિત્ર	૬૪૮	૨-૮-૦
ચૈતન્ય મહાપ્રભુ–ખંડ ૧ થી ૫–ત્રણ ગ્રંથોમાં (સચિત્ર)	૧૫૯૬	૬-૮-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્ઞાનેશ્વર મહારાજ ને મહાત્મા એકનાથ	૫૦૪	૨–૮–૦
સ્વામીશ્રી બ્રહ્માનંદજી ને શિવાનંદજીનાં ચરિત્રો	૪૨૪	૧–૬–૦
શ્રી રામચંદ્ર દત્ત ને નાગમહાશયનાં ચરિત્રો ...	૩૩૬	૧–૦–૦
મહાત્મા સરયુદાસજી, ભૂધરભક્ત ને મહાત્મા જાનકીદાસજીનાં ચરિત્રો	૨૫૬	૦-૧૦-૦
ભક્તચરિત્ર–૨૯ ભક્તોનાં ચરિત્રો–	૫૨૮	૨–૮–૦
આદર્શ ચરિત્રસંગ્રહ–ભાગ ૧ લો–૫૨ ચરિત્રો ...	૬૩૬	૧-૧૨-૦
,, ,, –ભાગ ૨ જો–૭૦ ચરિત્રો ...	૬૨૪	૨–૮–૦
મુસ્લિમ મહાત્માઓ–(૯૬ ચરિત્રો, ઉપદેશોસહિત)	૭૫૬	૨–૪–૦
નાનક	૭૨	૦–૬–૦
મહર્ષિ દયાનંદ	૧૫૨	૧–૦–૦
સ્વામી સહજાનંદ	૧૧૨	૦-૧૨-૦
શ્રમણ ભગવાન મહાવીર	૫૬	૦–૬–૦
હિંદના આચાર્યો–	૬૦૦	૪–૦–૦

ઐતિહાસિક તથા સાહિત્યવિષયક ગ્રંથો—

ભારતના વીરપુરુષો–ઐતિહાસિક ચરિત્રો	૩૩૬	૧–૪–૦
વીર દુર્ગાદાસ અથવા મારુ સરદારો–	૩૦૪	૧–૦–૦
કચ્છની લોકવાર્તા–(શ્રી. ડુંગરશી ધરમશી સંપટ)	૩૫૪	૨–૦–૦
સાહિત્યપ્રારંભિકા–લે. હિંમતલાલ ગ૦ અંજારિયા	૧૫૨	૧–૦–૦

ખાસ સ્ત્રી ઉપયોગી ગ્રંથો—

ભારતની દેવીઓ–ત્રણ ગ્રંથોમાં	૨૨૬૮	૯–૦–૦
દયાળુ માતા અને સદ્ગુણી પુત્રી–(આવૃત્તિ ૫ મી)	૧૬૦	૦–૮–૦
કલ્યાણમયી–(શ્રી. ડુંગરસી ધ૦ સંપટકૃત) ...	૨૧૨	૧–૦–૦
ટૂંકી વાતો ગ્રંથ ૧ લો–સામાજિક નિર્દોષ ૬૬ વાતો	૫૮૮	૨–૮–૦
,, ,, ૨ જો–કુટુંબ માટે ઉપયોગી ૫૭ વાતો	૫૭૬	૨–૮–૦
,, ,, ૫ મો–સ્ત્રીપુરુષને ઉપયોગી ૫૬ વાતો	૪૦૮	૨–૮–૦
,, ,, ૬ ઠ્ઠો–સર્વ માટે ઉપકારક ૮૬ વાતો	૩૨૦	૨–૮–૦

સ્વર્ગનું વિમાન–	૩૭૨	૨–૦–૦
સ્વર્ગની કૂંચી–	૩૭૨	૨–૦–૦
સાચું સ્વર્ગ–	૪૯૨	૨–૦–૦
સંસારમાં સ્વર્ગ–	૩૪૮	૨–૦–૦
સ્વર્ગનો આનંદ–	૩૬૦	૨–૦–૦
સ્વર્ગનો ખજાનો–	૩૧૨	૨–૦–૦
સ્વર્ગનો પ્રકાશ–	૨૩૬	૨–૦–૦
સ્વર્ગની જિંદગી–	૩૦૦	૨–૦–૦
સ્વર્ગની સીડી–	૩૬૦	૨–૦–૦
સ્વર્ગની સડક–	૪૬૮	૨–૦–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્સાહ અને ચેતનાપ્રેરક ગ્રંથો—

સંસારમાં સુખ ક્યાં છે? (વા. મો. શાહ કૃત)...	૧૮૦	૧–૦–૦
સુબોધપુષ્પવાટિકા–શેખ સાદીકૃત ગુલિસ્તાઁનો અનુવાદ	૧૩૬	૦–૫–૦
સુબોધ કથાસાગર–બોધદાયક દૃષ્ટાંતોનો સંગ્રહ ...	૪૬૪	૨–૦–૦
આગળ ધસો–ચેતનાપ્રેરક મહાન ગ્રંથ	૪૬૮	૨–૮–૦
ભાગ્યના સ્રષ્ટાઓ–સંશોધિત બીજી આવૃત્તિ ...	૫૬૪	૨–૮–૦
સુખી જીવનનાં સાધન–ઉત્સાહપ્રેરક પુસ્તક... ...	૩૧૨	૧–૮–૦
આદર્શ દૃષ્ટાંતમાળા–બે ગ્રંથોમાં	૯૨૮	૪–૦–૦
કતલખાનું–સામ્યવાદી અપ્ટન સીંક્લેરકૃત	૬૯૬	૩–૦–૦
શુભસંગ્રહ–(ભાગ ૧, ૨ ને ૯) જુદા જુદા ત્રણ ગ્રંથો	૧૪૭૨	૫–૪–૦
સોનેરી સૂચનો ને સુવિચાર સામગ્રી	૨૦૮	૦–૪–૦

વૈદક તથા વિજ્ઞાનના ગ્રંથો—

ઔષધિ કલ્પલતા–(સ્વામી કૃષ્ણાનંદજીકૃત) ...	૧૧૨	૦-૧૨-૦
વૈદક સંબંધી વિચારો–ભાગ ૧ લો–	૬૮૪	૨–૦–૦
,, ,, ભાગ ૨ જો	૪૩૨	૧-૧૨-૦
આયુર્વેદ નિબંધમાળા–ભાગ ૧ લો } વૈદ્ય તિલકચંદ	૭૩૬	[illegible]–૮–૦
,, ,, –ભાગ ૨ જો } તારાચંદકૃત	૪૧૬	૧-૧૨-૦
આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન–ગાંધીજીકૃત	૧૪૮	૦–૪–૦
આરોગ્ય ને ખોરાક–(પોપટલાલ ગો. શાહ) ...	૧૭૬	૧–૦–૦
હિંદના આર્થિક વિકાસની યોજના	૧૦૮	૦–૮–૦
આર્યભિષક્ (નવી આવૃત્તિ છપાય છે.)		

બાળકો માટેનાં પુસ્તકો—

ભારતીય નીતિકથાઓ–મહાભારતમાંની ૫૨ વાતો	૧૯૨	૦–૮–૦
સુબોધક નીતિકથા–૧૫૨ બોધપ્રદ વાતો	૨૩૨	૦–૮–૦
સદ્ગુણી બાળકો–૬૯ ખરા બનાવોનો સંગ્રહ ...	૧૩૬	૦–૪–૦
બાળસદ્બોધ–વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ	૧૨૦	૦–૪–૦
બાળકોની વાતો–રસિક વાતચીતરૂપે ૨૧ પાઠો ...	૮૮	૦–૩–૦
,, ,, –ભાગ ૨ જો–બોધપ્રદ ૬૧ પાઠો	૨૬૪	૦–૮–૦

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર પાસે, **અમદાવાદ** ને કાલબાદેવીરોડ, હાથીબિલ્ડીંગ, **મુંબઈ–૨**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ગુરુકુલ કાંગડી

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેલ્લી અરધી સદીમાં મહા-ગુજરાતે **મહર્ષિ દયાનંદ સરસ્વતી, મહાત્મા ગાંધીજી** અને **ભિક્ષુ અખંડાનંદ**, એ ત્રણ મહાપુરુષો આપ્યા છે.

એ ત્રણે મહાપુરુષોએ જનતાના હિતનો મહાન સિદ્ધાંત વિચાર્યો, જાહેર કર્યો ને પોતાના જ જીવન દ્વારા અનેક મુશ્કેલીઓનો સામનો કરીને ક્રિયાના પ્રદેશમાં એ સિદ્ધાંતને સફળ કર્યો.



૧૮૭૪ / ૧૯૪૨

સંત અને કર્મયોગી એવા **ભિક્ષુ અખંડાનંદે** જનસેવાનો ઉચ્ચ પ્રકાર દેખાડ્યો છે.

તેમણે અજ્ઞાનરૂપી અંધાપો દૂર કરવા માટે પુસ્તકોદ્વારા ઉત્તમ વાચનરૂપી રસાયન લાખો ગુજરાતીઓને પૂરું પાડ્યું છે.

તેમણે ઋષિમુનિઓની વાણી અને વિદ્વાન લેખકોના વિચારોનો પ્રચાર કરી જનતાને નવું જીવન આપ્યું છે. તેમણે સાહિત્યના મહાન ક્ષેત્રમાંથી ત્રણસો જેટલાં ઉત્તમ પુસ્તકો ચૂંટીને, સર્વ રીતે શુદ્ધ કરીને, સરળ અને સહેલાઈથી વાંચી શકાય તેવા મોટા અક્ષરોમાં છપાવ્યાં અને તેની લાખો પ્રતો ગરીબમાં ગરીબ માણસને પોસાય એવી સસ્તી કિંમતે ગુજરાતના ઘરેઘરમાં પહોંચાડી છે.

આ અગ્રગણ્ય સંતપુરુષે **'कथयन्तो मां नित्यं'** એ ગીતાસૂત્ર પ્રમાણે, છેક છેવટની ઘડી સુધી ગુજરાતના જીવનમાં અનેક શુભ સંસ્કારો રેડ્યા છે.

તે શ્રેષ્ઠ કાર્ય તેમની પાછળ ચાલુ રહે તેવી વ્યવસ્થા પણ તેમણે કરી છે.

જ્ઞાનનું દાન એ સૌથી ઊંચું દાન છે અને એ પ્રદેશમાં પહેલી પંક્તિએ બેસનાર દાતા **ભિક્ષુ અખંડાનંદનું** સ્થાન ગુજરાતના ગૌરવમાં—હિન્દના રાષ્ટ્રજીવનમાં અપ્રતિમ રહેશે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય } અમદાવાદ અને મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar